(1)

# ગુજરાત યુનિવર્સિટી અમદાવાદ
# સને–2011-12
# ના વર્ષના જનરલ અન્વેષણ અહેવાલ

પ્રતિ
કુલ સચિવ શ્રી.
ગુજરાત યુનિવર્સિટી
નવરંગપુરા.
અમદાવાદ.

(૨)

નં.એલ/એ.એમ.ડી/ટેક-૧/ 3253 ૨૭/૫/૧૬

જિલ્લા સહાયક નિરીક્ષકની કચેરી
સ્થાનિક ભંડોળ હિસાબ
જિલ્લા પંચાયત, લાલ દરવાજા
અમદાવાદ.
તા- /૦૫/૨૦૧૬

GUJARAT UNIVERSITY
INWARD No.: 856
FILE :

પ્રતિ,
કુલ સચિવશ્રી,
ગુજરાત યુનિવર્સીટી,
નવરંગપુરા, અમદાવાદ.

વિષય : ગુજરાત યુનિવર્સીટી, અમદાવાદના સને ૨૦૧૧-૧૨ના અન્વેષણ અહેવાલ મોકલવા બાબત

મે.સાહેબશ્રી,

ઉપરોક્ત વિષય પરત્વે સવિનય જણાવવાનું કે ગુજરાત યુનિવર્સીટી, અમદાવાદના સને ૨૦૧૧-૧૨નો અન્વેષણ અહેવાલ આપશ્રીને મોકલી આપવામા આવે છે. જેનુ ઓડીટ તા-૪/૫/૧૫ થી ૩૦/૧૦/૧૫ દરમ્યાન હાથ ધરી પુર્ણ કરેલ હતુ. જેમા જનરલ ફંડમા ૬૧ ફકરા, સામાન્ય ભવિષ્યનિધી ફંડમા ૦૮ ફકરા અને અનુદાન ફંડમા ૧૧ ફકરાઓને સમાવિષ્ટ કરવામા આવેલ છે તેમજ આપશ્રીની સાથે તા-૨૪/૧૧/૧૫ ના રોજ થયેલ ચર્ચામા જનરલ ફંડના ફકરા નં. ૪૦,૪૪,૫૮,૬૨,૬૪,૬૯,૮૦,૧૦૧,૧૦૨,૧૦૯ જી.પી.ફંડના ફકરા નં.૫૫,૫૭ અને ગ્રાન્ટ ફંડના ફકરા નં.૬૦,૭૦,૭૬,૧૦૩,૧૦૪, આપના ધ્યાને મુકવામા આવે છે. જે વિદિત થાય.

આપનો વિશ્વાસુ,

જિલ્લા સહાયક નિરીક્ષક
અમદાવાદ

બિડાણ : ગુજરાત યુનિવર્સીટી, અમદાવાદના સને ૨૦૧૧-૧૨નો અન્વેષણ અહેવાલ
નકલ સવિનય રવાના :
૧) સચિવશ્રી, શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
૨) ઉચ્ચ શિક્ષણ કમિશ્નરશ્રીની કચેરી, ગાંધીનગર.
૩) નિરીક્ષકશ્રી, સ્થાનિક ભંડોળ હિસાબ, ગાંધીનગર.

3

# ચર્ચાપત્ર

ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદના સને ૨૦૧૧-૧૨ ના વર્ષના અન્વેષણ અહેવાલના મુદ્દાઓની ચર્ચા આજ તા-૨૪/૧૧/૨૦૧૫ના રોજ ૧૨.૦૦ કલાકે ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ ખાતે હાથ ધરવામાં આવી.

સ્થળ ; અમદાવાદ

તા-૨૪/૧૧/૨૦૧૫

કુલપતિ
ગુજરાત યુનિવર્સિટી
અમદાવાદ

નિરીક્ષક
સ્થાનિક ભંડોળ હિસાબ
ગાંધીનગર

(૫)

ખાસ એલ. એ. ડી. ૨૫

સ. મુ. વ.-(એચ)-૭૦૯-૧૫૭૫૦-૩-૦૪.

ગુજરાત યુનિ - અમદાવાદ

૦૪...........માટેના.............................ના હિસાબના અંગેના ઓડિટ અહેવાલ સાથે જોડવાનું

૨૦૧૧-૧૨ **પ્રમાણપત્ર**

(૧) પ્રાથમિક શિક્ષણ અંગે અને જિલ્લા પંચાયતો અંગે એ સિવાયના ખર્ચના ઓડિટ માટે પ્રમાણિત કરવામાં આવે છે :-

(૧) વિગતવારે ઓડિટ માટે નીચેના ત્રણ મહિના પસંદ કરવામાં આવ્યા હતા અંતે એ મહિનાઓના હિસાબનું ઓડિટ સંપૂર્ણપણે અને વિગતવાર કરવામાં આવ્યું હતું.

(૧) સપ્ટે - ૨૦૧૧

(૨) - માર્ચ - ૨૦૧૨

(૩)

(૨) બીજા મહિનાઓના હિસાબ સામાન્ય રીતે તપાસવામાં આવ્યા હતાં.

(૩) જાહેર બાંધકામ હિસાબનું ઓડિટ તારીખ ૧લી એપ્રિલ ૧૯૫૪ના ખાનગી કચેરી હુકમ નંબર-૧માં આપેલી સુચનાઓ અનુસાર કરવામાં આવ્યું હતું.

(૨) પ્રમાણીત કરવામાં આવે છે કે :-

(ક) આખા વર્ષ દરમ્યાન પ્રાથમિક શિક્ષણ અંગેનું ખર્ચનું ઓડિટ વિગતવાર કરવામાં આવ્યુ છે. (માત્ર પ્રાથમિક શિક્ષણની બાબતમાં)

(ખ) જિલ્લા પંચાયતોના હિસાબનું તમામ મહિનાઓ માટે નિયત ટકાવારી મુજબ પ્રતિક ઓડિટ કરવામાં આવ્યુ છે.

(ગ) ઓડિટના વર્ષ માટેના તમામ હિસાબો અને રજીસ્ટરોનું ઓડિટ કરતી વેળા કચેરી નિયમસંગ્રહ અને કચેરી હુકમોમાં નિયમ રદ કરવું, કરેલી તમામ તપાસ યોગ્ય રીતે લાગુ પાડવામાં આવી છે.

(ઘ) પ્રાથમિક વાંધા લોકલ ફંડ ઓડિટ નિયમોમાં નિયત કરેલી કાર્યપધ્ધતિ અનુસાર વખતોવખત રવાના કરવામાં આવ્યા હતા અને સ્થાનિક મંડળના ઉત્તરો રેકર્ડ પર રાખ્યા છે.

(૩) આગલા ઓડિટ અહેવાલો અને વાંધાપત્રકના નિકાલની ખરાઈ સ્થળ પર કરવામાં આવી છે અને વિશેષ નોંધ આ સાથે રજૂ કરેલા ઓડિટ અહેવાલના મુસદા અને વાંધાપત્રકમાં સમાવિષ્ટ કરી છે.

(૪) ઓડિટ અહેવાલના મુસદામાં જણાવેલ વાંધા અંગે સંસ્થાના વડા સાથે ચર્ચા કરવામાં આવી હતી અને આમ કર્યુ હોવા બદલ એમની સહી લેવામાં આવી છે.

(૫) મળેલ ગ્રાન્ટ અને તેના ઉપયોગ અંગેની તપાસ નિયત ચકાસણીને આધીન રહીને કરવામાં આવી હતી અને એ અંગેનું પ્રમાણપત્ર ઓડિટ અહેવાલ સાથે જોડ્યું છે.

(૬) પ્રમાણિત કરવામાં આવે છે કે સ્થાનિક સંસ્થાના રોકડમેળમાં દર્શાવ્યા પ્રમાણેની તિજોરી ખાતેના બે મહિનાના ભરણાંની જમા રકમની, તીજોરીમાં દર્શાવેલી મૂળ જમા રકમ અને બેંકમાંની જમા રકમના સંદર્ભમાં ભરણા કાપલી સાથે ખરાઈ કરવામાં આવી છે અને રોકડમેળમાં દર્શાવ્યા મુજબની બેંકની સિલકની, બેંક પાસેથી મેળવેલા છમાસિક સિલક પ્રમાણપત્રના સંદર્ભમાં ખરાઈ કરવામાં આવી છે.

(૭) કરવામાં આવી હોય અને જે અંગે હુકમ આપ્યા હોય એવી વસુલાતનું પ્રમાણપત્ર ઓડિટ અહેવાલ સાથે જોડ્યુ છે.

(પાછળ જુઓ)

(5)

(૮) ઓડિટ અહેવાલના ફકરા નંબર ......(૪)...... ને વાર્ષિક અહેવાલમાં સમાવિષ્ટ કરવા માટે વિચારણામાં લેવા.

(૯) ફકરા નં. ......(૬)...... માં જણાવેલ દસ્તાવેજોને બાદ કરતાં, ઓડિટ કરતાં, ઓડિટ માટે જરૂરી એવા તમામ દસ્તાવેજો રજુ કરવામાં આવ્યા હતા.

(૧૦) જિલ્લા કચેરીએ નોંધેલા મુદ્દાની ચકાસણી કરી હતી અને એ અંગેની નોંધ ફકરાઓમાં સમાવિષ્ટ કરી છે.

(૧૧) પ્રમાણિત કરવામાં આવે છે કે આગલા વર્ષોના ઓડિટ અહેવાલોને લગતી વિશેષનોંધ આ ઓડિટ અહેવાલના મુસદ્દાની સાથે મોકલી છે.

(૧૨) નીચે આપેલા ફકરાઓમાં જણાવેલી સામગ્રી જુનિયર ઓડિટરોએ તૈયાર કરી હતી.

| જુનિયર ઓડિટરનું નામ | ફકરા નં. |
|---|---|
| (૧) શ્રી એમ. બી. પ્રજાપતિ ... | |
| (૨) | |

મથક ......[illegible]......

તારીખ ......-૧૨-૨૦૧૫......

[signature]
ઓડિટર/નાયબ ઓડિટર

| નામ | ફકરો | જનરલ રજીસ્ટર | [illegible] | સર્કલ [illegible] |
|---|---|---|---|---|
| શ્રી [illegible] | | ૩૩, ૩૪,A ૩૪ B, ૪૩ | ૪-A. | |
| [illegible] | | ૧૯, ૨૦, | | |
| [illegible] | | ૨૩, ૨૪, ૨૬, ૨૭, ૨૮, ૨૯, ૩૧, ૩૯, ૪૧, ૪૧ | | |
| [illegible] | | ૨, ૩, ૪, ૫, ૬, ૭, ૮, ૯, ૧૦, ૧૧, ૧૩, ૧૪, ૧૫, ૧૬, ૧૮, ૨૧, ૨૨, ૨૫, ૩૦, ૩૨, ૩૫, ૩૬, ૩૭, ૩૮, ૪૦, ૪૨, ૪૪, ૪૫, ૪૬, ૪૯, ૫૦, ૫૧, ૫૨, ૧૨, ~~[illegible]~~ ૧૨ ૩ ૮ | ૨, ૩, ૪B, ૫, ૬, ૯, ૧૦, ૧૧, [illegible] | ૧૪, ૧૫ |
| [illegible] | | [illegible] | | |

## ગુજરાત યુનિવર્સિટી અમદાવાદ સને-2011-12 ના વર્ષનો જનરલ ફંડનો અન્વેષણ અહેવાલની અનુક્રમણીકા.



| અ.નં. | ફકરા નંબર | વિગત. | પાના નંબર | ફ્રા.મા. નંબર |
|---|---|---|---|---|
| 01 | 02 | 03 | 04 | 05 |
| 01 | 01 | સંસ્થાના હોદેદારોની વિગત | 1 | - |
| 02 | 02 | પુર્વ અન્વેષણ વિભાગ | 3 | 16 |
| 03 | 03 | આર્થિક સ્થિતીની સમીક્ષા. | 7 | - |
| 04 | 04 | જવાબદારી અને અસ્કયામતો | 8 | - |
| 05 | 05 | અંદાજપત્ર નિયત સમયમાં વાસ્તવિક રીતે તૈયાર ન કરવા બાબત. | 10 | 09 |
| 06 | 06 | વાર્ષિક હિસાબો બાબત | 14 | 17 |
| 07 | 07 | સરકારશ્રીની સુચના વિરુધ્ધ હંગામી નિમણુંક આપી ખર્ચ કરવા બાબત | 17 | 18 |
| 08 | 08 | ઉપલક ( સસ્પેન્સ ) એકાઉન્ટ સદરે મોટી રકમો સરભર થયા વિનાની પડી રહેવા બાબત | 19 | 21 |
| 09 | 09 | યુવક સેવા સાંસ્કૃતિક કાર્યક્રમ માટે ફી પેટે મળેલ રકમ અને તેના ખર્ચમાં જણાયેલ અનિયમિતતા બાબત. | 20 | 19 |
| 10 | 10 | યુનિવર્સિટી સ્પોર્ટસ ફીની આવક તથા ખર્ચના હિસાબો બાબત. | 22 | 20 |
| 11 | 11 | કાનુની ખર્ચ રેકર્ડ/માહીતી માંગણી કરવા છતાં સંપુર્ણ રજુ ન કરવા બાબત | 24 | 10,82,95 |
| 12 | 12 | સંસ્થાના કર્મચારીઓના જામીનગીરી અંગેનાં જામીનખત રજુ કરવા બાબત | 25 | 22 |
| 13 | 13 | સરકારશ્રીના ઠરાવ અને યુનિવર્સિટીની | 26 | 23 |

| | | | | |
|---|---|---|---|---|
| | | એક્ઝયુક્યુટીવ કાઉન્સીલની તા-28-09-08 ની બેઠકમાં થયેલ ઠરાવ વિરુધ્ધ કર્મચારીઓને પરીક્ષાભથ્થુ અને ઓવરટાઇમ આપવા બાબત. | | |
| 14 | 14 | પેન્શન ચૂકવણામાં જણાવેલ હિસાબી અનિયમિતતા બાબત. | 28 | 24 |
| 15 | 15 | આઇ.એ.એસ.ટ્રેનીંગ સેન્ટર પાછળ કરેલ ખર્ચની અનિયમિતતા બાબત. | 29 | 25 |
| 16 | 16 | ગુજરાત યુનિવર્સિટી પોલીસ સ્ટેશન ઇન્કવાયરી કેસ નં-1/12 અનુસંધાને કરેલ કાર્યવાહી બાબત | 31 | 98 |
| 17 | 17 | પહોંચબુકના હિસાબોનું સને-/2015-16 રજીસ્ટર ન નિભાવવા બાબત. | 32 | 26 |
| 18 | 18 | જુદા જુદા કોર્ષ માટે છપાવેલ બ્રોશરનાં ચૂકવણામાં જણાયેલ અનિયમિતતા બાબત. | 35 | 08,30 |
| 19 | 19 | સને-2011-2012 ના વર્ષ દરમિયાન નોંધાયેલ અને પરીક્ષા ફી ભરેલ વિધાર્થીઓની માહિતી પૂરી પાડવા બાબત. (હિસાબી શાખા) | 37 | 14 |
| 20 | 20 | સને-2011-2012 ના વર્ષમાં સંસ્થાએ લીધેલ પરીક્ષા સંલગ્ન માહિતી પૂરી પાડવા બાબત. (પરીક્ષા શાખા) | 39 | 13 |
| 21 | 21 | ટૂંકી મુદતની ડીપોઝીટ પેટે વાર્ષિક જમા રકમ (વ્યાજ) અન્વયેની ખાતરી કરાવવા બાબત. | 40 | 27 |
| 22 | 22 | ભૌતિક ચકાસણી અર્થે રજુ કરેલ એકડીની તારીજ રજુ ન કરવા બાબત. | 41 | 33 |
| 23 | 23 | પ્રોજેકટ કન્સલટન્ટ તથા ચાર્ટડ એકાઉન્ટની નિમણૂંક અંગેનું રેકર્ડ રજુ કરવા બાબત. | 43 | 31 |
| 24 | 24 | યુનિ.ના પાકા સરવૈયામાં મૂડી-દેવાં બાજુ દર્શાવેલ બીજા ફંડોની વિગતો રજુ કરવા | 44 | 32 |

| | | | | |
|---|---|---|---|---|
| | | બાબત. | | |
| 25 | 25 | કોમ્પ્યુટર ટીચીંગ ટ્રેનીંગનો ખર્ચ ઈન્ફલીબનેટ (INFLIBNET Centre) સેન્ટરને ચૂકવવા બાબત. | 46 | 35 |
| 26 | 26 | શૈક્ષણિક અને બિનશૈક્ષણિક કર્મચારીઓની તથા યુનિવર્સિટીના ભવનોમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓની માહિતી રજૂ કરવા બાબત. | 49 | 36 |
| 27 | 27 | સરકારી/અર્ધસરકારી સંસ્થાને આપેલ એડવાન્સ રકમના લાંબા સમય સુધી હિસાબમેળ ન કરવા/વસુલાત ન કરવા બાબત. | 53 | 37 |
| 28 | 28 | લાંબા સમયથી પડી રહેલ સ્ટીલ-સીમેન્ટના સ્ટોક એકાઉન્ટ બાબત. | 55 | 38 |
| 29 | 29 | ખાનગી પેઢીઓને ઓન એકાઉન્ટ ચુકવેલ રકમ ખર્ચ તરીકે દર્શાવવા તથા તા-01-04-88 થી બાકી ખેંચાતી 32.91 કરોડની રકમો એડજસ્ટ/વસુલ ના કરવા બાબત. | 56 | 40 |
| 30 | 30 | પગાર ખર્ચની વાઉચરોમાં વિગતોની માહિતી ઉપલબ્ધ ના હોવા બાબત. | 66 | 41 |
| 31 | 31 | યુનિવર્સિટીની વિવિધ જાહેરાતો વર્તમાનપત્રમાં આપવા મંગાવેલ ટેન્ડરમાં જણાયેલ અનિયમિતતા બાબત. | 70 | 42 |
| 32 | 32 | બગીચા ખર્ચ સંદર્ભમાં જણાયેલ અનિયમિતતા બાબત | 72 | 45 |
| 33 | 33 | પદવીદાન સમારંભમાં વિજેતાને અપાયેલ ચંદ્રકો ના ખર્ચ અંગેની અનિયમિતતા બાબત | 77 | 46 |
| 34 | 34A | જુદી જુદી બેન્કમાં મૂકવામાં આવેલ ફીક્સ ડીપોઝીટની રકમમાં વાઉચર જે તે સમયે ન આપતા પાછળથી આપવા બાબત તેમજ | 79 | 71 |

| | | | | |
|---|---|---|---|---|
| | | તેની વિગતો રજુ ન થવા બાબત. | | |
| 35 | 34B | જુદી જુદી બેન્કમાં મૂકવામાં આવેલ ફીક્સ ડીપોઝીટની રકમમાં વાઉચર જે તે સમયે ન આપતા પાછળથી આપવા બાબત તેમજ તેની વિગતો રજુ ન કરવા બાબત | 82 | 47 |
| 36 | 35 | યુનિવર્સિટીનાં લેવડ દેવડ વિનાનાં "ઈન ઓપરેટીવ" બેન્ક ખાતા નિભાવવા બાબતની અનિયમિતતા | 87 | 58 |
| 37 | 36 | 13.09 કરોડ પેશગીઓ અંગેના હિસાબોની અનિયમિતતા બાબત | 89 | 61 |
| 38 | 37 | મનોવિજ્ઞાન, તત્વજ્ઞાન અને શિક્ષણશાસ્ત્ર ભવનનું રેકર્ડ ઓડીટ સમક્ષ રજુ ન કરવા બાબત. | 96 | 99 |
| 39 | 38 | બેન્ક મેળવણાં અંગેનું રેકર્ડ રજુ ન કરવા બાબત. | 97 | 64 |
| 40 | 39 | ભવનો/વિભાગના વિદ્યાર્થીઓના એકેડેમિક ડેટા તૈયાર કરી, થયેલ પ્લેસમેન્ટની વિગતો રજુ કરવા બાબત. | 101 | 65 |
| 41 | 40 | યુનિવર્સિટીના પાકા સરવૈયામાં દર્શાવેલ રુપિયા 36.17 કરોડની મિલ્કતનું મિલકત રજીસ્ટર ન રાખવા તથા અન્ય રેકર્ડ રજુ ન કરવા બાબત | 102 | 91 |
| 42 | 41 | જમીન-જાયદાદની મિલ્કતો આવકોની વિગતોની ચકાસણી અંગેનુ રેકર્ડ રજુ કરવા બાબત. | 103 | 67 |
| 43 | 42 | ડીપોઝીટ રજીસ્ટરમાં જણાયેલ અનિયમિતતા બાબત | 105 | 68 |
| 44 | 43 | જુદી જુદી આવકોમાં ખર્ચ પાડી જુદા જુદા ફંડમાં આવક રકમ લઇ જવા બાબત. | 107 | 69 |
| 45 | 44 | પ્રકાશન વિભાગમાં નિભાવેલ કોરા કિંમતી ફોર્મ્સના હિસાબ દફતરમાં જણાયેલ અનિયમિતતા બાબત. | 109 | 74 |

| | | | | |
|---|---|---|---|---|
| 46 | 45 | યુનિ.ના એન.આર.એસ.હોલ ખાતે કોમ્પ્યુટર લેબ.અંગે ઈન્ટિરીયર્સ ફર્નિચર કામમાં જણાયેલ અનિયમિતતા બાબત. | 111 | 80 |
| 47 | 46 | નામ.હાઈકોર્ટ.પીટીશન ક્રમાંક 2189/2011 નું રેકર્ડ રજુ ન કરવા બાબત. | 115 | 81 |
| 48 | 47 | ભવનો ખાતે પરીક્ષા ફીની આવકો મળ્યાની ખાતરી ન કરાવવા બાબત. | 116 | 100 |
| 49 | 48 | વાઉચરમાં દર્શાવેલ રકમ અને કેશબુકમાં લખવામાં આવેલ રકમમાં તફાવત આવવા બાબત. | 118 | 86 |
| 50 | 49 | કર્મચારીઓની સેવાપોથીઓમાં કે અંગત ફાઇલમાં કરવા પાત્ર CPF/GPF અંગેની નોંધો ન હોવા બાબત. | 120 | 87 |
| 51 | 50 | યુનિવર્સિટીએ ગ્રાહ્ય રાખેલ ઓડીટ વર્ષના ઓડીટ રીપોર્ટ રાજય સરકારશ્રીને ન મોકલવવા બાબત. | 121 | 88 |
| 52 | 51 | એચ કે પ્રોફેશનલ તાલિમ સેન્ટરની શિક્ષણ ફી ની આવક અને વાર્ષિક હિસાબમાં દર્શાવેલ આવકમાં જણાયેલ તફાવત બાબત. | 123 | 89 |
| 53 | 52 | કલીનીક દવારા જુદા જુદા પરીક્ષણો માટે ચાર્જની વિગતો રજુ કરવા તથા વાર્ષિક હેવાલ બાબત. | 124 | 90 |
| **નિરીક્ષકશ્રી સ્થાનિક ભંડોળ હિસાબની કચેરી ગાંધીનગરના તારીખ-13-07-12ના પત્ર નંબર 2205 અન્વયે ગુજરાત યુનિવર્સિટી પોલીસ સ્ટેશન ઇન્કવારી કેસ નં. 01/12 અનુસંધાને કરેલ અન્વેષણની વિગત.** | | | | |
| 54 | 53 | પ્રશ્ન પત્ર છપામણીના કામે જણાયેલ અનિયમિતતા બાબત.સને-2009-10-11-12 | 126 | - |
| 55 | 54 | ઉતરવહી ખરીદી તેમજ પલ્પીંગના કામે જણાયેલી અનિયમિતતા બાબત.સને-2006- | 132 | 108 |

| | | | | |
|---|---|---|---|---|
| | | 07- | | |
| 56 | 55 | ઉતરવહીની ખરીદી તથા સ્ટોકમાં જણાયેલ અનિયમિતતા બાબત.સને-2009-10 થી 2011-12 | 134 | 117 |
| 57 | 56 | સને-2010-11 ના વર્ષ દરમ્યાન ઉતરવહીની ખરીદીમાં જણાયેલ અનિયમિતતા. | 136 | 103 |
| 58 | 57 | સને-2009-10 તથા સને-2010-11 ના વર્ષમાં પલ્મીંગ કામમાં જણાયેલ અનિયમિતતા. | 138 | - |
| 59 | 58 | સેલ્ફ ફાયનાન્સ કોલેજોને મંજુરી તથા ડેવલપમેન્ટ ફંડ બાબત. | 140 | 106 |
| 60 | 59 | ગુજરાત યુનિવર્સિટી એસ્ટેટ વિભાગ દવારા કરાવેલબાંધકામમાં જણાયેલી અનિયમિતતા બાબત. | 142 | 118 |
| 61 | 60 | ખાનગી સીક્યુરીટીના આપેલ કોન્ટ્રાકટમાં જણાયેલી અનિયમિતતા બાબત. | 145 | 112 |
| 62 | 61 | પહોંચબુકના હિસાબોનું રજીસ્ટર નહી નિભાવવા બાબત. | 148 | 116 |
| | | પ્રમાણપત્ર | 149 | - |
| | | પત્રકો | 150 to 156 | - |

<u>ફકરા નંબર-01</u>

*ગુજરાત યુનિવર્સિટી અમદાવાદનો સને-2011-12 ના વર્ષની જનરલ ફંડની અન્વેષણ અહેવાલ*

નં. એલએએમડી2011-12

જિલ્લા સહાયક નિરિક્ષકશ્રીની કચેરી.

સ્થાનિક ભંડોળ હિસાબ.

જિલ્લા પંચાયત બિલ્ડીગ. 6ઠ્ઠો માળ.

લાલ દરવાજા. અમદાવાદ- 1

તારીખ- -12-2015

પ્રેષક :

નિરીક્ષકશ્રી.

સ્થાનિક ભંડોળ હિસાબ વિભાગ.

વિમા અને લેખા ભવન.

ગાંધીનગર.

પ્રતિ,

કુલ સચિવશ્રી.

ગુજરાત યુનિવર્સિટી.

અમદાવાદ-380009

મહાશય,

ગુજરાત યુનિવર્સિટી અમદાવાદસને-2011-12 નાવર્ષનું જનરલ ફંડના હિસાબોનું અન્વેષણ ઓડીટ કચેરી દવારા ગુજરાત યુનિવર્સિટી એક્ટ-1949 ના નિયમ (49) અન્વયે તારીખ-04/05/2015 થી તારીખ-30-10-15 દરમ્યાન હાથ ધરી પુર્ણ કરેલ છે. ગુજરાત યુનિવર્સિટી એક્ટ-1949 ના નિયમ (50) ની

(13)



જોગવાઇ મુજબ ઓડિટ રીપોર્ટની નકલ કાર્યવાહક સભા દવારા સેનેટમાં રજુ કરવાના રહે છે.

ઓડીટ વર્ષ–2011-12 દરમ્યાન સંસ્થાના મુખ્ય હોદ્દેદારો નીચે મુંજબ હતા.

| ક્રમ | હોદ્દેદારા | હોદ્દેદારાનું નામ | સમયગાળો |
|---|---|---|---|
| 1 | 2 | 3 | 4 |
| 01 | કુલપતિશ્રી | ડો.પરિમલ ત્રિવેદી | 01-04-11થી 31-03-12 |
| 02 | ઉપકુલપતિશ્રી | ખાલી જગ્યા | 01-04-11થી 31-03-12 |
| 03 | કા. કુલસચિવશ્રી | શ્રી એમ એસ શાહ | 01-04-11થી 31-03-12 |

ફકરા નંબર-02

સન-2011-12 અગાઉના વર્ષોના અન્વેષણના બાકી ફકરાઓ નિકાલ ન કરવા બાબત.

| ક્રમ | ઓડીટ વર્ષ | ઓડીટની શરુઆતમાં બાકી ફકરાઓની સંખ્યા. | ઓડીટ દરમ્યાન નિકાલ થયેલ બાકી ફકરાઓની સંખ્યા. | ઓડીટ દરમ્યાન બાકી ફકરાઓની સંખ્યા. | બાકી ફકરાઓની વિગત. |
|---|---|---|---|---|---|
| 1 | | 3 | 4 | 5 | 6 |
| 01 | 1968-69 | 03 | | 03 | 04(A),07(2),18 |
| 02 | 1969-70 | 03 | | 03 | 14,29(2),32 |
| 03 | 1970-71 | 09 | | 09 | 04 TO 08,13,18,21,22(3) |
| 04 | 1971-72 | 05 | | 05 | 20,26,34,38(1)(2)(3),43 |
| 05 | 1972-73 | 04 | | 04 | 41,36,37,38 |
| 06 | 1973-74 | 10 | | 10 | 04AGF,06ABC,08B,09 TO 15 |
| 07 | 1974-75 | 34 | | 34 | 04 to 07,09,10,12 to 17,19 to 29,31,33, to 40(1)41,43 |
| 08 | 1975-76 | 03 | | 03 | 04,05(2)12 |
| 09 | 1976-77 | 18 | | 18 | 04,05,06,10(1),12,15,17, 19,20,23 to 29,31,33 |
| 10 | 1977-78 | 21 | | 21 | 03 to 06,7(A)(B)(K),08,09,10(A)(B),11 TO 16,18,20,21,24,25,26,28, 31,33 |
| 11 | 1978-79 | 20 | | 20 | 04 TO 07(2),08 TO 11,13 TO 15(1)(2),17 TO 21,25 TO 28 |
| 12 | 1979-80 | 24 | | 24 | 04 TO 07(2),08 TO 11,13 |

| | | | | | |
|---|---|---|---|---|---|
| | | | | | TO 15(2),(4),17(2),18(2)(3),20(1)(2),21 TO 23(2),25 TO 27(6),28 TO 31(A) |
| 13 | 1980-81 | 08 | | 08 | 04,07,08,10,11,13,16,17 |
| 14 | 1981-82 | 25 | | 25 | 04 TO 08,10,11(2),14 TO 19,24, TO 27,29,30,31,34,35,36,37 |
| 15 | 1982-83 | 17 | | 17 | 01 TO 17 |
| 16 | 1983-84 | 30 | | 30 | 04 TO 10,13,15 TO 25,27(5),26,30,32,34,36, 37,38,39,40,41 |
| 17 | 1984-85 | 33 | | 33 | 05 TO 08,11 TO 14,16 TO 27,30 TO 33,35,36,39,40,42, TO 46, |
| 18 | 1985-86 | 29 | | 29 | 05(1)(3),06,07,10 TO 12,16 TO 24,27,29,30,31,33,35,37, 38,40,41,42,48,50,51,52 |
| 19 | 1986-87 | 32 | | 32 | 02,06,08,09,10,13(B)14 TO 18,22 TO 25,27,28,29,31,32,34,35, 36,38,39,41,42,48,50,51, 52 |
| 20 | 1987-88 | 61 | | 61 | 01 TO 61 |
| 21 | 1988-89 | 56 | | 56 | 01 TO 56 |
| 22 | 1989-90 | 70 | | 70 | 01 TO 70 |
| 23 | 1990-91 | 80 | | 80 | 01TO 80 |
| 24 | 1991-92 | 43 | | 43 | 01 TO 43 |
| 25 | 1992-93 | 70 | | 70 | 01 TO 70 |
| 26 | 1993-94 | 69 | | 69 | 01 TO 69 |

| | | | | | |
|---|---|---|---|---|---|
| 27 | 1994-95 | 105 | | 105 | 01 TO 105 |
| 28 | 1995-96 | 78 | | 78 | 01 TO 78 |
| 29 | 1996-97 | 84 | | 84 | 01 TO 84 |
| 30 | 1997-98 | 83 | | 83 | 01 TO 83 |
| 31 | 1998-99 | 92 | | 92 | 01 TO 92 |
| 32 | 1999-00 | 103 | | 103 | 01 TO 103 |
| 33 | 2000-01 | 101 | | 101 | 01 TO 101 |
| 34 | 2001-02 | 106 | | 106 | 01 TO 106 |
| 35 | 2002-03 | 80 | | 80 | 01 TO 80 |
| 36 | 2003-04 | 36 | | 36 | 01 TO 36 |
| 37 | 2004-05 | 75 | | 75 | 01 TO 75 |
| 38 | 2005-06 | 39 | | 39 | 01 TO 39 |
| 39 | 2006-07 | 63 | 05 | 58 | 1,2,3,5,6,7,8,9,10,12,13,14,15,16,17,18,19,21,22,23,24,25,26,27,28,29,30,31,32,33,34,35,37,38,39,40,41,42,43,44,45,46,47,48,49,50,51,52,53,54,55,56,57,58,59,60,62,63 |
| 40 | 2007-08 | 42 | | 42 | 01 TO 42 |
| 41 | 2006-12 (31-07-12) | 09 | - | 09 | 01 TO 09યુનિવર્સિટી પોલીસ સ્ટેશન ઈન્કવાયરી કેસ નંબર 1/12 અનુસંધાને કરેલ અન્વેષણ (જનરલ ફંડ) |
| 42 | 2008-09 | 44 | | 44 | 01 TO 44 |
| 43 | 2009-10 | 39 | | 39 | 01 TO 39 |
| 44 | 2010-11 | 64 | | 64 | 01 TO 64 |
| | કુલ | **2020** | **05** | **2015** | |

ઓડીટ વર્ષ 2011-2012 ના અંતે 2015 ફકરા બાકીમાં હતા.ચાલુ ઓડીટ દરમ્યાન અગાઉના બાકી ફકરાઓના જવાબો રજુ થયેલ ન હોવાથી ઉપરોકત વિગતે અન્વેષણ વર્ષના અંતે 2015 ફકરાઓના જવાબો કરવાના બાકીમાં છે.ઓડીટ નોંધમાં દર્શાવેલ અનિયમિતતાઓનું પુનરાવર્તન થતું રહે છે.ઓડીટે અંગૂલીનિર્દેશ કરેલ અનિયમિતતાઓ અટકાવવા સંસ્થાના જવાબદારોએ રૂચી દાખવેલ નથી જેથી સરકારશ્રીનો ઓડીટનો હેતું સર થયેલ ગણાય નહી.બાકી ફકરાઓની પુર્તતા સારુ સઘન આયોજન કરી પારા નિકાલની ઝુંબેશ શરૂ કરી ઘનિષ્ઠ પ્રયાસ કરવો ઘટે.

વધુમાં ગુજરાત સ્થાનિક ફંડ ઓડીટ અધિનિયમ.1963 ની કલમ નંબર-9(1) મુજબ રીપોર્ટ મળ્યા તારીખથી ચાર મહિનાની અંદર પ્રથમ વખતના જવાબ રજુ કરવાના રહે છે અધિનિયમ-1994 ની કલમ-50 હેઠળ હિસાબનિયામકએ કુલપતિ દવારા બોર્ડમાં મંજુર કરાવી સરકારશ્રીમાં સાદર કરવાના રહે છે.આમ છતાં વર્ષ-1983-84 થી 2009-10 સુધીના પ્રથમવારના જવાબો પણ ના કરવા સબબ સ્પષ્ટતા કરી.બાકી ફકરાઓના જવાબો કરવા સમય બધ્ધ આયોજન કરી.તમામ ફકરાઓના જવાબો કરવા ઓડીટ અનુરોધ છે.

સંસ્થાએ પ્રા.વાં.નં. 16/ જવાબ રજુ કરેલ છે.

ફકરા નંબર-03

**આર્થિક સ્થિતીની સમીક્ષા.**

ગુજરાત યુનિવર્સિટી અમદાવાદનાં તારીખ-31-03-2012 નાં રોજ પુરા થતાં છેલ્લા ત્રણ વર્ષની સામાન્ય આવક/ખર્ચ (જનરલ ફંડ) ની વિગતો નીચે મુજબની જણાયેલ છે.

આવક-ખર્ચની વિગત.

| ક્રમ | વર્ષ | સામાન્ય આવક | સામાન્ય ખર્ચ |
|---|---|---|---|
| 1 | 2 | 3 | 4 |
| 1 | 2009-2010 | 40,49,90,397 | 41,42,83,440 |
| 2 | 2010-2011 | 53,18,61,232 | 54,00,02,873 |
| 3 | 2011-2012 | 52,94,92,621 | 51,44,70,011 |
| | કુલ | **1,46,63,44,250** | **1,46,87,56,324** |
| | સરેરાશ | **48,87,81,417** | **48,95,85,441** |
| | સરેરાશ આવક કરતાં ખર્ચમાં વધારો | | **8,04,024** |

તા. 31-03-2012 ના રોજ પુરા થતા છેલ્લા ત્રણ વર્ષના આવક-ખર્ચના આંકડાઓ ચકાસણી કરતાં જણાશે કે.આવક કરતાં ખર્ચમાં સરેરાસ રુપિયા 8,04,024/-નો વધારો જણાયેલ છે.તે જોતાં સંસ્થાની નાણાંકીય સ્થિતિ સારી ગણી શકાય નહી.વધુમાં યુનિ.દવારા એડવાન્સ સરભર કરવાના બાકી છે તેમજ ઓન એકાઉન્ટ રકમ ચુકવવાની પધ્ધતિ અમલમાં હોવાથી તેટલો ખર્ચ 8,04,024/-ખરેખર ખર્ચ વધુ થયેલ છે.અને તેથી સરેરાશ આવક કરતા ખર્ચમાં વધારો ઉપર દર્શાવ્યા કરતા વધારે છે.તેથી યુનિવર્સિટીએ અમાન્ય ખર્ચાઓ બંધ કરવાના રહેશે અને યુનિવર્સિટીએ સરકારશ્રીના કરકસરના નિયમા/આદેશનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.યુનિવર્સિટીની ખાલી જગ્યાઓ નાણાં વિભાગની મંજુરી વગર ભરી શકાશે નહી.સંસ્થા દવારા કરવામાં આવતાં ખર્ચ ઉપર યોગ્ય નિયંત્રણ રાખી અને જે ખર્ચ નિવારી શકાય તેવું હોય તેને નિવારીને અથવા તો શકય હોય તેટલો ખર્ચમાં કાપ મૂકીને ખર્ચમાં ઘટાડા બાબતે સંસ્થા દવારા ઘટિત પગલાં લેવા ઓડીટ અનુરોધ છે.

## ફકરા નંબર-04

જવાબદારી અને અસ્કયામતો

31-03-2012ના રોજ પુરા થતાં વર્ષની જવાબદારી અને અસ્કયામતો ની વિગતો નીચે મુજબની જણાયેલ છે.

### ગુજરાત યુનિવર્સિટી અમદાવાદના સને-2011-12ના વર્ષની જવાબદારી અને અસ્કયામતો ની વિગત

#### જવાબદારી(દેવા)

| અ નં | વિગત | રકમ | નોંધ |
|---|---|---|---|
| 01 | 02 | 03 | 04 |
| 01 | યુનિવર્સિટી જનરલ ફંડ | 73,42,552-43 | - |
| 02 | કેપિટલ ફંડ | 34,31,80,686-80 | - |
| 03 | પુસ્તક ફંડ | 1,03,18,593-86 | - |
| 04 | બીજા ફંડ | 37,20,25,335-48 | - |
| 05 | સરકારી ગ્રાન્ટો (બાકી) | 17,50,76,816-14 | - |
| 06 | સસ્પેન્સ એકાઉન્ટ્સ | -12,70,946-36 | - |
| 07 | ડીપોઝિટ અને બીજા ખાતાઓ | 21,65,58,324-30 | - |
| 08 | કર્મચારી વીમા યોજના ફાળો | 29,974-37 | - |
| | કુલ | **1,12,32,61,337-02** | |

#### અસ્કયામતો (મિલકતો)

| | | | |
|---|---|---|---|
| 01 | કાયમી મિલકતો | 36,17,84,900-12 | - |
| 02 | રોકાણો | 20000-00 | - |
| 03 | એડવાન્સ અને બીજા ખાતાંઓ | 144865531-16 | - |
| 04 | પેપર સ્ટીલ સિમેન્ટ એકાઉન્ટ | 71,50,323-48 | - |
| 05 | બેન્ક અને બીજી પુરાંતો | 68,51,60,023-26 | - |

| | | | |
|---|---|---|---|
| 06 | કર્મચારી વીમા યોજનાના ફાળાનું રોકાણ | 17,000-00 | – |
| 07 | આવક ખર્ચ એકાઉન્ટ | -7,57,36,441-00 | – |
| કુલ | | **1,12,32,61,337-02** | |

ઉપરોક્ત વિગતે જવાબદારી કરતાં અસ્કયામતોમાં વધારો જણાયેલ છે. ઉપલક (સસ્પેન્સ) રકમનો હિસાબમેળ કરવો રહે.

<u>ફકરા નંબર-05</u>

**અંદાજપત્રનિયત સમયમા વાસ્તવિક રીતે તૈયાર ન કરવા બાબત.**

ગુજરાત યુનિવર્સિટી અમદાવાદનાં સને-2011-12 નાં અન્વેષણ દરમ્યાન ઓડીટ વર્ષનાં અંદાજપત્રની રજુ થયેલ રેકર્ડ આંધારીત ચકાસણી કરતાં નીચે મુંજબ ઓડીટ નોંધ આપવામાં આવે છે.

સામાન્યતર અંદાજપત્ર અગાઉનાં ત્રણ વર્ષનાં ખરેખર આવક તથા ખર્ચની વિગતોને તથા વર્તમાન પરિસ્થિતિને લક્ષમાં લઈ તૈયાર કરવાનું હોય છે. છતાં અંદાજપત્ર અને ખરેખર આવક ખર્ચમાં નીચે મુજબ તફાવત આવે છે.

વર્ષ-2011-2012 ના અંદાજ પત્રની વિગતો

| વિગત | મંજુર થયેલ અંદાજ મુળ જોગવાઈ મુજબનાં રુપિયા | મંજુર થયેલ અંદાજ સુધારેલ જોગવાઈ મુજબનાં રુપિયા | ખરેખર થયેલ આવક-ખર્ચ રુપિયા | ખરેખર થયેલ આવક-ખર્ચમાં તફાવત (સુધારેલ અંદાજપત્ર મુજબ)રુપિયા | રીમાર્કસ |
|---|---|---|---|---|---|
| 01 | 02 | 03 | 04 | 05(03-04) | 06 |
| આવક | 64,36,32,000 | 92,51,40,173 | 52,94,92,621 | 39,56,47,552 | |
| ખર્ચ | 65,78,68,000 | 93,64,85,673 | 51,44,70,011 | 42,20,15,662 | |

(1) નાણાંકીય વર્ષ 11-12 ના અંદાજપત્રને વાર્ષિક સભા તરફથી મંજુરી મળેલ છે કે કેમ ? તે અંગેની વિગતો ધ્યાને લેતાં ગુજરાત યુનિવર્સિટી કોર્ટની વાર્ષિક સભા તા 24-03-12 ના રોજ યુનિવર્સિટી કાર્યાલયમાં મળી હતી. જે કાર્યવાહી અંગે ઠરાવ ચકાસણી કરતાંસને-2011-12નું પુનર્નિર્મિત અંદાજપત્ર મંજુર કરવામાં આવ્યું.

(2) સને-2011-12 માં અંદાજેલ કુલ આવક રુપિયા 92,51,40,173/- ની સામે રકમ રુપિયા 52,94,92,621/- આવક થવા પામેલ છે. જે અંદાજેલ આવકની સામે ખરેખર આવક રુપિયા 39,56,47,552/- ઓછી થવા પામેલ છે. આમ. આવક વધું અંદાજી અવાસ્તવિક અંદાજપત્ર તૈયાર કરેલ છે.

(3) સને–2011-12 માં અંદાજેલ કુલ ખર્ચ 93,64,85,673/- રુપિયા ની સામે રકમ રુપિયા 51,44,70,011/- ખર્ચ થવા પામેલ છે જે અંદાજેલ ખર્ચની સામે ખરેખર ખર્ચ રુપિયા 42,20,15,662/-ઓછો થવા પામેલ છે.આમ.ખર્ચ વધું અંદાજી અવાસ્તવિક અંદાજપત્ર તૈયાર કરેલ છે.

(4) અંદાજપત્રનાંજે તે પેટા સદરોમાં આવક અને ખર્ચ સામે ખરેખર આવક ખર્ચ વચ્ચે મોટી રકમનો તફાવત આ સાથે પરિશિષ્ટ–1 તથા પરિશિષ્ટ–2 ની વિગતો જોતાં જણાયેલ છે.જે જોતાં અવાસ્તવિક અંદાજપત્ર તૈયાર કરવામાં આવેલ હોય તેમ ઓડિટનું માનવું છે.

(5) અંદાજપત્રનાં જે તે પેટા સદરોમાં આવક અને ખર્ચ સામે ખરેખર આવક ખર્ચ જોતાં યુનિવર્સિટીએ છેલ્લા ત્રણ વર્ષની ખરેખર આવક ખર્ચનાં આંકડાઓ ધ્યાને લઈ વાસ્તવિક અંદાજપત્ર કરવામાં આવેલ હોય તેમ જણાતું નથી

(6) અંદાજપત્રનાં જે તે પેટા સદરોમાં આવક અને ખર્ચ સામે ખરેખર આવક ખર્ચ જોતાં યુનિવર્સિટીએ સંભવિત અગત્યની પ્રવૃતિઓ આર્થિક સહાય.વિકાસની જોગવાઇ વિગેરે ધ્યાને લઈ સુધારેલ અંદાજપત્ર તૈયાર કરવામાં આવેલ હોય તેમ જણાતું નથી.

(7) આમ.લાભ કરતા પ્રવૃતિઓને વેગવંતી બનાવવા બાબતે જે ખર્ચ અંદાજપત્રમાં મંજુર થયેલ હતો તેનો ઉપયોગ નહિવત કરીને અથવા બિલકુલ નહિ કરીને સંસ્થાને લાભથી વંચિત રાખેલ છે.જે બાબતે સ્પષ્ટતા થવી ઘટે.આવક–ખર્ચ નો તફાવત 10 થી 20 % રહે તેવ વાસ્તવિક અંદાજપત્ર તૈયાર કરવા ઓડિટ નું સૂચન છે.

હવે પછીના આગામી વર્ષનાં અંદાજપત્રમાં આવક ખર્ચનો તફાવત ખૂબ જ ઓછો રહે તે રીતે વાસ્તવિક અંદાજપત્ર તૈયાર કરવા ઓડિટ નું સૂચન છે.

સંસ્થાને પ્રા.વાં.નં.09/ આપવામાં આવેલ પરંતુ જવાબ મળેલ છે.જવાબ ફકરાને અનુરુપ નથી.

(23)



## પરિશિષ્ટ-1 ફકરા નંબર-05

### અંદાજપત્ર માં કરેલ જોગવાઇ કરતાં ખરેખર આવકમાં થયેલ તફાવત અંગેની વિગત દર્શાવતુંપરિશિષ્ટ-1 વર્ષ-2011-2012

| અ નં | આવકની વિગત | અંદાજ રુપિયા | ખરેખર આવક રુપિયા | (વધ) અંદાજ કરતા વધુ આવક | (ઘટ) અંદાજ કરતા ઓછી આવક | ટકા વારી 06/03 |
|---|---|---|---|---|---|---|
| 01 | 02 | 03 | 04 | 05 | 06 | 07 |
| 01 | પ્રકાશનોની આવક | 1,20,00,000 | 90,26,872 | - | 29,73,128 | 24.77 |
| 02 | જમીનની આવક | 50,00,000 | 24,85,416 | - | 25,14,584 | 50.29 |
| 03 | ડેવલપમેન્ટ કોમ્યુનિકેશન | 6,10,000 | 33,700 | - | 5,76,300 | 94.47 |
| 04 | માસ્ટર ઓફ ફિઝિકલ એજ્યુકેશન | 7,00,000 | 3,60,550 | - | 3,39,450 | 48.36 |
| 05 | અનુસ્નાતક શિક્ષણકાર્ય | 5,41,80,000 | 3,32,88,553 | - | 2,08,91,447 | 38.55 |
| 06 | યુનિ. કોમ્પ્યુટર સેન્ટરની આવક | 61,00,000 | 3,03,605 | - | 59,76,395 | 97.97 |
| 07 | ગ્રંથાલયશાસ્ત્ર ભવન | 6,97,000 | 3,79,600 | - | 3,17,400 | 45.53 |
| | કુલ | - | - | - | 3,35,88,704 | - |

## પરિશિષ્ટ-2 ફકરા નંબર-05

## અંદાજપત્ર માં કરેલ જોગવાઇ કરતાં ખરેખર ખર્ચમાં થયેલ તફાવત અંગેની વિગત દર્શાવતું

## પરિશિષ્ટ-2 વર્ષ-2011-2012

| અ નં | ખર્ચની વિગત | અંદાજ રુપિયા | ખરેખર ખર્ચ રુપિયા | વધ અંદાજ કરતા વધુ ખર્ચ | ઘટ અંદાજ કરતા વધુ ખર્ચ | ટકા વારી 06/03 |
|---|---|---|---|---|---|---|
| 01 | 02 | 03 | 04 | 05 | 06 | 07 |
| 01 | સંશોધન માટેની ગ્રાન્ટ શિષ્યવૃતી | 15,000 | - | - | 15,000 | 100.00 |
| 02 | યુનિવર્સિટી આરોગ્ય કેન્દ્ર | 34,95,000 | 21,83,974 | - | 13,11,026 | 37.51 |
| 03 | યુનિવર્સિટી જમીનજાયદાદ | 80,25,000 | 1,66,36,233 | 86,11,233 | - | 107.30 |
| 04 | પરફોમિંગ આર્ટસ અભ્યાસક્રમ | - | 16,32,693 | 16,32,693 | - | 100.00 |
| 05 | ડેવલપમેન્ટ કોમ્યુનિકેશન | 11,72,000 | 4,18,348 | - | 7,53,652 | 64.30 |
| 06 | પત્રકારત્વ વિભાગ | 19,10,000 | 12,68,790 | - | 6,41,210 | 33.57 |
| 07 | એસ.ટી.એસ.સી. સેલ | 10,00000 | 6,81,439 | - | 3,18,561 | 31.85 |
| | કુલ | - | - | 1,02,43,926 | 30,39,449 | - |

<u>ફકરા નંબર-06</u>

વાર્ષિક હિસાબો બાબત

ગુજરાત યુનિવર્સિટી અમદાવાદના સને-2011-12 ના અન્વેષણ દરમ્યાન સંસ્થાએ રજુ કરેલ વાર્ષિક હિસાબની ચકાસણી કરતાં યુનિવર્સિટી ધારાની કલમ-49(4) તથા સ્ટેચ્યુટ-89 અનુસાર યુનિવર્સિટીએ તૈયાર કરેલ વાર્ષિક હિસાબો યુનિવર્સિટી કોર્ટ દવારા મંજુર કરવાના રહે છે.સને-2011-12 ના વાર્ષિક હિસાબો તા 30-03-13 ના રોજ મળેલ યુનિવર્સિટી કોર્ટ દવારા મંજુર કરવામાં આવેલ છે.

ગુજરાત યુનિવર્સિટી અમદાવાદના હિસાબો દ્વિનોંધી પધ્ધતિના સિધ્ધાંતો મુજબ સદરવાર આવક ખર્ચ દર્શાવી વર્ષાન્તે પાકુ સરવૈયુ બનાવી તા. 31-03-12 ની સ્થિતિ દર્શાવવામાં આવેલ છે.સદરહું બાબતે નીચે મુજબ ઓડિટ નોંધ આપવામાં આવે છે.તા. 31-03-2012ના રોજ પુરા થતા વર્ષના આવક-ખર્ચના આંકડાઓની ચકાસણી કરતાં જણાશે કે,આવક કરતાં ખર્ચમાં રુપિયા 1,50,22,610/- નો વધારો જણાયેલ છે.

**(01)આવક ખર્ચ એકાઉન્ટ**

| વિગત | રકમ | |
|---|---|---|
| (A) છેલ્લા હિસાબ મુજબ આવક કરતા ખર્ચનો એકત્રિત વધારો | -36225990.50 | a+b+c=d |
| ઉમેરો | - | |
| (B) ચાલુ વર્ષે આવક કરતાં ખર્ચનો વધારો | -15022609.50 | |
| બાદ | - | |
| (C) ચાલુ વર્ષે એડજસ્ટ કર્યા | -24487841.00 | |
| (D) વર્ષનાં અંતે | -75736441.00 | |

વાર્ષિક હિસાબમાં મિલ્કત લેણાં બાજુ ઉપર મુજબ (-)સિલક દર્શાવેલ છે.તેનો અર્થ એવો થાય છે કે ખર્ચ કરતાં આવકનો વધારો છે અને તેથી આ વિગત મૂડી-દવાં બાજુ આવી જોઇએ જેની બદલે મિલ્કત લેણાં બાજ (-) સિલક દર્શાવવા બદલ સ્પષ્ટતા થવા વિનંતી છે.

**(02) યુનિવર્સિટી વાર્ષિક હિસાબોમાં કાયમી મિલકતો તરીકે નીચે મુજબની વિગતો છે.**

| અ નં. | વિગત | રકમ |
| --- | --- | --- |
| 01 | વર્ષની શરુઆતમાં | 165791310.76 |
| 02 | વર્ષ દરમ્યાન ઉમેરો | 286585267.00 |
| | કુલ મિલકત | 452376577.76 |
| | બાદ ઘસારો | 90591677.64 |
| | વર્ષના અંતે | 361784900.12 |

યુનિવર્સિટીની કુલ મિલકતો કે જેમાં યુનિવર્સિટીના મકાનો.જમીન ફર્નિચર.વૈજ્ઞાનિક સાધનો.સામગ્રીઓ અને પુસ્તકોનો સમાવેશ થાય છે.તેમાં સને–2011-12ના અંતે રુપિયા 165791310.76 ની મિલકતો સામે કુલ રુપિયા 90591677.64 ઘસારો બાદ કરી ચોખ્ખી મિલકતો રુપિયા 361784900.12 દર્શાવેલ છે.આમ.ઘસારાની રકમ મિલકતમાંથી બાદ કરેલ છે.પરંતુ આ માટે અલગ ફંડ રાખી કોઇ રોકાણો કર્યા સિવાય ફકત ઘસારો ગણી મિલકતો ઓછી બતાવવાનું કોઇ કારણ સ્પષ્ટ થતું નથી.કુલ મિલ્કતો સામે સને–2011-12 સુધીમાં 54.64 % વધારો ગણી મિલ્કતો ઓછી ગણેલ છે.સરકારશ્રી દવારા યુનિવર્સિટીની મિલકતોની જાળવણી અને મરામત માટે અલગ ગ્રાન્ટ પણ ફાળવેલ છે.તેથી આ રીતે ઘસારો કયા હેતું માટે ગણવામાં આવે છે તે બાબતે આધાર સહ સ્પષ્ટતા થવા વિનંતી.

વાર્ષિક હિસાબમાં મિલકત લેણાં બાજુ કાયમી મિલકતોમાંથી અત્યાર સુધીનો કુલ ઘસારો સને–2011-12 માં રુપિયા 90591677.64 દર્શાવવામાં આવેલ છે.જયારે મુડી દેવાં બાજુ અગાઉ ઉપર જણાવ્યાં પ્રમાણે ફકત એક જ વર્ષનો ઘસારો બાદ કરી દર્શાવવામાં આવેલ છે.તો મિલકતોમાં અગાઉના વર્ષો સહિતનો ઘસારો કયા કારણોસર દર્શાવવામાં આવે છે તે બાબતે સ્પષ્ટતા થવી ઘટે.તેમ જણાવવા છતાં સંસ્થા દવારા કોઇ સ્પષ્ટતા કરવામાં આવેલ નથી.

(03) ગુજરાત યુનિવર્સિટીના વાર્ષિક હિસાબોમાં વર્ષના અંતે બાકી રહેલા એડવાન્સ અને બીજા ખાતાના રુપિયા 144865531.16 એડવાન્સ સરભર કરવાના બાકી છે. ખરેખર આ રકમ ખર્ચ કરવા આપેલ છે.અને ખર્ચ પણ થયેલ જ હશે પરંતુ નાણાંકીય વર્ષમાં સરભર કરવાની બાકી છે.અને તેથી તેટલા અંશે ખર્ચ ઓછો નોંધાયેલ ગણાય યુનિવર્સિટીના આવક ખર્ચ મુજબ રુપિયા 514470011.90 ખર્ચ નોંધાયેલ છે.તેની સામે રુપિયા 144865531.16 એડવાન્સ ઘણી મોટી રકમ બાકી ગણાય કુલ ખર્ચના 28.15% ખર્ચ ઓછો બુક થયેલ ગણાય અને તેટલા અંશે યુનિવર્સિટીના આવક ખર્ચ તથા પાકા સરવૈયાં પણ ક્ષતિયુકત ગણી શકાય.

(04) યુનિવર્સિટી દવારા ખાનગી પેઢીઓને.તેઓ દવારા પુરા પાડેલ માલ સામાન. ચીજ વસ્તુ.સેવા કરેલ કામગીરી માટે ઓન એકાઉન્ટ રકમ ચુકવી જે તે પેઢી ખાતે રકમ ઉધારવામાં આવે છે અને આવી રકમો લાંબા સમય સુધી પાર્ટીના નામે બાકી રહે છે.નાણાંકીય વર્ષ તા-31-03-12 ના અંતે રુપિયા 329177578/- તથા તારીખ 31-03-15 નાં અંતે રુપિયા 250179047/- જેટલી માતબર રકમ જુદી જુદી પાર્ટીઓ ના નામે બાકી રહેલ છે. (ફકરા નં-29)આમ સંબંધિત પાર્ટીને કરેલ કામગીરી.આપેલ સેવા કે ચીજ વસ્તુ સામે રકમ ચુકવેલ છે.એટલે કે આ અંગેનો ખર્ચ થયેલ છે પરંતુ ખર્ચ તરીકે આ રકમ ના ઉધારતા તેટલા પ્રમાણમાં ખર્ચ આવક ખર્ચમાં ઓછો દર્શાવેલ છે.અને આ રકમ પાકા સરવૈયામાં મિલ્કત લેણાં બાજુ દર્શાવતાં મિલ્કતો લેણાં વધુ દર્શાવવા અને તેથી યુનિવર્સિટીની આવક ખર્ચમાં તેટલા અંશે ખર્ચ ઓછો દશાવાયેલ છે અને મિલ્કત લેણા વધુ દર્શાવેલ હોવાથી યુનિવર્સિટીનું પાકુસરવૈયું આવક-ખર્ચ તથા તારીખ-31-03-12 ની સાચી પરિસ્થિતિ દર્શાવતું હોવાનું પ્રમાણિત કરી શકાય તેમ નથી

ઉપરોકત વિગત ધ્યાને લેતાં યુનિવર્સિટીના વાર્ષિક હિસાબમાં દર્શાવેલ આવક ખર્ચ સાચી આવક ખર્ચની વિગત તથા પાકા સરવૈયાં દર્શાવેલ મૂડી-દેવા તથા મિલ્કત લેણાં સાચા હોવાનું પ્રમાણિત કરી શકાય તેમ નથી જે અંગે સ્પષ્ટતા થવા વિનંતી

પ્રાથમિક વાધાનંબર 17/ નો સંસ્થા તરફથી જવાબ રજુ થયેલ છે.વાંધામાં જણાયેલ વિગતે જવાબ અનુરુપ ન હોવાથી ઉક્ત બાબતમાં જણાવ્યાં મુજબની કાર્યવાહી થવી ઘટે.

## ફકરા નંબર-07

### સરકારશ્રીની સુચના વિરુધ્ધ હંગામી નિમણુંક આપી ખર્ચ કરવા બાબત

ગુજરાત યુનિ.અમદાવાદના નાણાકીય વર્ષ 2011-12 ના ઓડીટ દરમ્યાન વાર્ષિક હિસાબની ચકાસણી કરતાં આવક જાવકમાં કાર્યાલય ખર્ચ હંગામી નિમણુંકો સદરે રુપિયા 2129301/- નો ખર્ચ દર્શાવેલ છે.તેમજ નીચે જણાવ્યા મુજબ ભવનોમાં પણ હંગામી નિમણુંક કરી રુપિયા 29,01,947/- નો ખર્ચ કરેલ છે.

### ભવનોમાં થયેલ હંગામી નિમણુંક ખર્ચ

| અ.નં. | ભવન/વિભાગનું નામ | હંગામી નિમણુંક અંગે કરેલ ખર્ચ |
|---|---|---|
| 1 | છાત્રાલય | 134233 |
| 2 | ગ્રંથાલય | 472072 |
| 3 | સમાજ વિધ્યાલય | 196490 |
| 4 | ભાષા સાહિત્ય ભવન | 223207 |
| 5 | મનો વિજ્ઞાન ભવન | 95251 |
| 6 | વિજ્ઞાન વિધ્યાભવન | 621830 |
| 7 | વાણિજ્ય વિધ્યાભવન | 37961 |
| 8 | સ્કુલ ઓફ બિઝનેશ મેનેજમેન્ટ | 253282 |
| 9 | કોમ્પ્યુટર સેન્ટર | 754001 |
| 10 | એચ.કે.સેન્ટર | 31869 |
| 11 | ડેવલપમેન્ટ કોમ્યુનિકેશન સેન્ટર | 10500 |
| 12 | પત્રકારત્વ વિભાગ | 43751 |
| 13 | કાયદાશાસ્ત્ર | 27500 |
| | કુલ | 2901947 |

સરકારશ્રીના શિક્ષણ વિભાગના તા-22-3-95 ના ઠરાવ ક્રમાંક.ગજપ-1093-724-ખ ની જોગવાય મુજબ તા-29-01-83 બાદ યુનિવર્સિટી બિન શૈક્ષણિક સ્ટાફની સ્પષ્ટ મંજુરી સિવાય કાયમી.કામચલાઉ.પાર્ટ ટાઈમ કે દૈનિક

રોજમદારથી કોઇ નિમણૂંક કરી શકશે નહિં અને જો મંજુરી વિના નિમણૂંક કરવામાં આવશે તો તેની સઘળી જવાબદારી યુનિવર્સિટીની રહેશે તેમ જણાવેલ છે.

ઉપરોકત વિગતે હંગામી નિમણૂંકો કોની મંજુરીથી.નિમણૂંક અંગેની કઇ પધ્ધતી અખત્યાર કરેલ છે ? તેમજ રાજ્ય સરકારશ્રીની મંજુરીથી મેળવેલ છે કે કેમ ? તે અંગે સ્પષ્ટતા થવી ઘટે.તેમજ કરવામાં આવેલ નિમણૂકો/પુનઃ નિમણૂકો અંગેની ફાઇલો રજુ થવી ઘટે.

યુનિવર્સિટીએ પ્રા.વા.ના જવાબમા જણાવેલ છે કે યુનિવર્સિટીના એચ.કે.ટ્રેનીગ સેન્ટરના વિધ્યાર્થીઓને તાલીમ રુપે સ્ટાઇપેન્ડની ફાળવણી કરવામાં આવેલ છે અને માન.કુલપતિશ્રીના આદેશથી 3 થી 6 માસની મર્યાદામાં રાખવામાં આવે છે તથા મંજુરી પુર્ણ થયે છુટા કરવામાં આવે છે.સરકારશ્રીની મંજુરી મેળવેલ અંગેની કોઇ ફાઇલ રજુ થયેલ નથી.

સંસ્થાને પ્રા.વાં.નં.18/ આપવામાં આવેલ પરંતુ જવાબ મળેલછે.ફકરાને અનુરૂપ જવાબ નથી.

વાંધા હેઠળ રકમ રુપિયા 29,01,947/-

<u>ફકરા નંબર-08</u>

**ઉપલક(સસ્પેન્સ ) એકાઉન્ટ સદરે મોટી રકમો સરભર થયા વિનાની પડી રહેવા બાબત**

ગુજરાત યુનિવર્સિટી અમદાવાદના સને-2011-12 ના વર્ષના અન્વેષણ દરમ્યાન રજુ થયેલ લેઝરની ચકાસણી કરતાંબજેટ કોડ 8101001(G F) 12,40,615.36 તથા બજેટ કોડ 8101004 (NO-02) 30,331-00 કુલ રુપિયા 12,70,946-36સદરે વાર્ષિક હિસાબ મુજબ સરભર કરવાની બાકી દર્શાવેલ છે.છેલ્લા ત્રણ વર્ષનાં આંકડાઓ ધ્યાને લેવામાં આવે તો પણ સદર રકમ લાંબા સમયથી બાકી ખેંચાય છે.જેની વિગતો નીચે મુજબ છે.

છેલ્લા ત્રણ વર્ષના ઉપલક રકમ નીચે પ્રમાણે ધ્યાને આવેલ છે.તેની વિગત.

| અ નં | વર્ષ | રકમ |
|---|---|---|
| 1 | 2009-10 | 4,69,751.34 |
| 2 | 2010-11 | 2,96,868.92 |
| 3 | 2011-12 | 12,70,966.36 |

આવક ખર્ચની રકમનું વર્ગીકરણ નકકી કરી ન શકાય ત્યારે તે રકમ ઉપલક (સસ્પેન્સ)સદરે નોંધવામાં આવે છે અને જયારે વર્ગીકરણ કરવામાં આવે ત્યારે તે રકમ ઉપલક સદરે સરભર કરવાની રહે છે.આ કાર્યવાહી નાણાકીય વર્ષના અંતે પુર્ણ કરવાની રહે છે.પરંતુ હિસાબો વ્યવસ્થિત રીતે ન લખાવાના કારણે ઉપલક સદરની રકમ વર્ષના અંતે આગળ ખેંચવામાં આવે છે.તો આ રકમ યોગ્ય સદરે જમાં લઇ ઉપલક સદરે રકમ સરભર કરી ઓડિટને આધારીત ખાતરી કરાવવા જણાવેલ તેમ છતાં સંસ્થાએ ખાતરી કરાવેલ નથી.ઉપરોક્ત રકમ સત્વરે સરભર કરવા અંગેનું ઓડિટનું સુચન છે.

પ્રાથમિક વાધાનંબર નંબર21/થી સંસ્થાને જણાવેલ હતું.સંસ્થા તરફથી જવાબ રજુ થયેલ છે.જવાબ અનુરુપ ન હોવાથી ઉકત બાબતમાં જણાવ્યાં મુજબની કાર્યવાહી થવી ઘટે.

<u>ફકરા નંબર-09</u>

**યુવક સેવા સાંસ્કૃતિક કાર્યક્રમ માટે ફી પેટે મળેલ રકમ અને તેના ખર્ચમાં જણાયેલ અનિયમિતતા બાબત.**

ગુજરાત યુનિવર્સિટી અમદાવાદના સને-2011-12ના વર્ષના અન્વેષણ દરમ્યાન રજુ થયેલ દફતરની ચકાસણી કરતાં એકાઉન્ટ કોડ 7802032 સદરે યુવક સેવા અને સાંસ્કૃતિક કાર્યક્રમો હેઠળ અન્વેષણ વર્ષ દરમ્યાન થયેલ આવક ખર્ચની વિગતો નીચે પ્રમાણે જોવા મળેલ હતી.

**આવક-ખર્ચની વિગત**

| અ.નં. | વિગત | રકમ-2010-2011 |
|---|---|---|
| 01 | 02 | 03 |
| 01 | 01-04-11 ની ઉઘડતી સિલક | 1,91,77,398 |
| 02 | વર્ષ દરમ્યાન આવક | 41,59,660 |
| 03 | કુલ | 2,33,37,058 |
| 04 | વર્ષ દરમ્યાન ખર્ચ | 14,28,349 |
| 04 | વર્ષ દરમ્યાન બાકી | 2,19,08,709 |

એકઝીકયુટીવ કાઉન્સીલના તારીખ 23-05-99 ની બાબત 17 ઓર્ડિનન્સ 150 સી માં કરવામાં આવેલ સુધારા યોજવા જરૂરી ખર્ચને પહોંચી વળવા માટે સલગ્ન કોલેજોના વિધાર્થી દીઠ એક સત્રના રુપિયા 10/- લેખે વસુલાત મેળવી હિસાબમાં જમા લઇ જે તે પ્રવૃતિઓ અંગે ખર્ચ કરવાનો રહે છે.

હિસાબો ચકાસતાં જણાયેલ હતુ કે મળેલ કુલ આવકના સંદર્ભે સાંસ્કૃતિક કાર્યક્રમો પાછળ કરેલ ખર્ચ ખુબજ ઓછો રહેવાને કારણે પ્રતિ વર્ષ બચતમાં વધારો થયેલ હોવાનું જણાય છે.જેથી વણ વપરાયેલ રકમો સિલકમાં જોવા મળેલ હતી આમ જે હેતુ માટે આવક મેળવવામાં આવે છે તે હેતુ પરિપુર્ણ થતો નથી અને વિધાર્થીઓ તેના લાભથી વંચિત રહે છે.આમ આવક મેળવી ખર્ચ નહી કરવા બાબતે જવાબદારોથી સ્પષ્ટતા થવી ઘટે.અને સદર ભંડોળનો વિધાર્થીઓના વિકાસની પ્રવૃતિઓ પાછળ ખર્ચવા ઓડિટનો અનુરોધ છે.

ઓર્ડિનન્સ મુજબ સત્રદીઠ રુપિયા 10/- લેખે બે સત્રના રુપિયા 20/- લેખે સને-2011-12 દરમ્યાન યુનિ.ના 62 માં વાર્ષિક વહીવટી અહેવાલ 2011-12 માં દર્શાવ્યા મુજબ2,53,638 નોંધાયેલ વિધાર્થીઓના રુપિયા 20/- લેખે રુપિયા 50,72,760/- સંલગ્ન કોલેજો તરફથી મળવા જોઇએ જેની સામે સને-2011-12

માં રુપિયા 41,59,660/- જમા આવેલછે. આમ સને 2011-12 ની રુપિયા 9,13,100/- જેટલી રકમ વસુલ કરવાની બાકીમાં રહે છે. જે બાબતે બાકી કોલેજોના નામ તથા તેના નોંધાયેલ વિધાર્થીની સંખ્યા દર્શાવી કઇ કોલેજની કેટલી રકમ બાકીમાં નીકળે છે. તેની વિગતો તૈયાર કરી ઓડિટે પુરી પાડવા વિનંતી તેમજ તેટલી રકમની સત્વર વસુલાત મેળવી ઓડિટે ખાત્રી કરાવવી ઘટે.

સંસ્થાએ પ્રા.વાં.નં. 19/ જવાબ કરેલ છે. જવાબ ફકરાને અનુરુપ ન હોઇ ગ્રાહ્ય રાખી શકાય તેમ નથી.

વસુલાત પાત્ર રકમ 9,13,100/-

ફકરા નંબર-10

**યુનિવર્સિટી સ્પોર્ટસ ફીની આવક તથા ખર્ચના હિસાબો બાબત.**

ગુજરાત યુનિવર્સિટી અમદાવાદના સને-2011-12ના વર્ષના અન્વેષણ દરમ્યાન રજુ થયેલ દફતરની ચકાસણી કરતાં એકાઉન્ટ કોડ 7802036 (DPE) સદરે ધ્યાને આવેલ હતુ કે ગુજરાત યુનિવર્સિટી એકઝીક્યુટીવ કાઉન્સીલ દવારા ઠરાવ્યા મુજબ અને ઓર્ડિનન્સ-159 અન્વયે ગુજરાત યુનિવર્સિટી સંલગ્ન તમામ કોલેજોના નોંધાયેલ વિધાર્થી દીઠ એક સત્રના રુપિયા 5/-લેખે સ્પોટર્સ ફી વસુલ મેળવી થયેલ એકત્રિત ભંડોળનો ઉપયોગ યુનિવર્સિટી તરફથી યોજવામાં આવતી રમત ગમત પ્રવૃતિઓના વિકાસ માટે કરવાનો રહે છે. આ યોજનાનો અમલ સન-1985-86 ના શૈક્ષણિક વર્ષથી કરવામાં આવેલ હતો. ઓડિટ વર્ષ દરમ્યાન સ્પોટર્સ ફીના હિસાબોની પરિસ્થિતિ નીચે પ્રમાણે જોવા મળેલ હતી.

**આવક-ખર્ચની વિગત**

| અ.નં. | વિગત | રકમ-2010-2011 |
|---|---|---|
| 01 | 02 | 03 |
| 01 | 01-04-11 ની ઉઘડતી સિલક | 2,43,10,613 |
| 02 | વર્ષ દરમ્યાન આવક | 18,77,004 |
| 03 | કુલ | 2,61,87,617 |
| 04 | વર્ષ દરમ્યાન ખર્ચ | 20 |
| 04 | વર્ષ દરમ્યાન બાકી | 2,61,87,597 |

ઉપરોકત વિગતો જોતાં સ્પોર્ટસ ફીની આવક ખર્ચ બાબતે નીચે પ્રમાણે નોંધ આપવામાં આવે છે.

સને-1985-86 થી અમલમાં આવેલ સદરહું યોજનાનો મુખ્ય ઉદ્દેશ વિધાર્થીઓ માટે રમત ગમતની પ્રવૃતિઓનાં વિકાસ અર્થે નાણાં એકત્ર કરી વિકાસની પ્રવૃતિઓ હાથ ધરવાનો હતો પરંતુ પ્રતિવર્ષ ફી પેટે મળેલ આવકનો ઉતરોઉતર વધારો થવા પામેલ છે. જયારે વિકાસની પ્રવૃતિઓ હાથ ધરવામાં આવેલ હોવાનું બીલકુલ જણાતુ નથી. જે આવક બિન ઉપયોગી રહેવા પામેલ જણાય છે અગાઉના વર્ષોમાં પણ આવકમાં સતત વધારો થવા છતાં રમત ગમતની પ્રવૃતિઓનો વિકાસ નહીં થવાને કારણે વિધાર્થીઓ મુળભુત હેતુથી વંચીત રહેવા પામેલ છે. જે ઉચિત ગણી શકાય નહી આ બાબતે સ્પષ્ટતા સહ આવી પ્રવૃતિઓ કરવા ઓડિટનું સુચન છે.

ગુજરાત યુનિવર્સિટી અમદાવાદના સને-2011-12 દરમ્યાન નોંધાયેલ કોલેજો કુલ-351 થયેલ હતી અને તેના નોંધાયેલ વિદ્યાર્થીઓ યુનિ.ના 62 માં વાર્ષિક વહીવટી અહેવાલ 2011-12 માં દર્શાવ્યા મુજબ 253638 ની સ્પોર્ટસ ફી પેટે રુપિયા 10/- લેખે રુપિયા 25,36,380/-ની રકમ વસુલાત થવી જોઇએ તેને બદલે રુપિયા રુપિયા 18,77,004/-ની રકમ જમા થયેલ હતી.આમ સને 2011-12 ની રુપિયા 6,59,376/-જેટલી રકમ વસુલ કરવાની બાકીમાં રહે છે.જે બાબતે બાકી કોલેજોના નામ તથા તેના નોંધાયેલ વિદ્યાર્થીની સંખ્યા દર્શાવી કઇ કોલેજની કેટલી રકમ બાકીમાં નીકળે છે.તેની વિગતો તૈયાર કરી ઓડિટે પુરી પાડવા વિનંતી તેમજ તેટલી રકમની સત્વરે વસુલાત મેળવી ઓડિટે ખાત્રી કરાવવી ઘટે.

સંસ્થાએ પ્રા.વાં.નં.20/ જવાબ કરેલ છે.જવાબ ફકરાન અનુરુપ ન હોઇ ગ્રાહ્ય રાખી શકાય તેમ નથી.

વસુલાત પાત્ર રકમ6,59,376/-

(35)



**ફકરા નંબર-11**

કાનુની ખર્ચ રેકર્ડ/માહીતી માંગણી કરવા છતાં સંપુર્ણ રજુ ન કરવા બાબત

ગુજરાત યુનિવર્સિટી અમદાવાદના સને 2011-2012 ના વર્ષના અન્વેષણ દરમ્યાન સંસ્થાના વાર્ષિક હિસાબો તથા લેઝરની ચકાસણી કરતાં ખર્ચ સદર 4503000 LEGAL CHARGES ACC. HEAD માં રુપિયા 12,43,602/- નો ખર્ચ ઉધારેલ છે.સદર ખર્ચની ચકાસણી અર્થે રુબરુમાં માહિતી મેળવતા કાનુની કાર્યવાહી અંગેની કામગીરી સંસ્થાના અલગ અલગ વિભાગોમાં અલગ અલગ રીતે કરવામાં આવે છે.સંસ્થાના અલગ અલગ વિભાગોની કામગીરીનું સંકલન કોઇ એક શાખા દવારા થતું નથી.સંકલનના અભાવે કાનુની ખર્ચ અંગેની ચકાસણી કરવામાં સરળતા થતી નથી ચકાસણી કરવા નીચે દર્શાવેલ વિગતનું રેકર્ડ/ માહીતી મેળવવી જરુરી બનેલ છે.

(1) ઓડિટ વર્ષનું દાવા રજીસ્ટર

(2) વર્ષવાર કેટલા કોર્ટ કેસો નિકાલ થયા વિનાના બાકીમાં રહે છે તેની વિગત દર્શાવતું પત્રક

(3) ઓડિટ વર્ષમાં ઉપસ્થિત થયેલ તમામ કોર્ટ કેસોની ફાઇલો સાથેનું જે તે આંધારીત રેકર્ડ

(4) વકીલશ્રીની નિમણુંક આપવા અંગેના ઠરાવો.નિયમો અને ફીના દર અંગેના ધારાધોરણોની ફાઇલો

(5) લીગલ ચાર્જીસ માટેના નિતિનિયમોની ફાઇલ

(6) ઓડિટ વર્ષના અંતે બાકી રહેલ કેસોની સંખ્યા તેમજ સ્થિતિ દર્શાવતુંવિગતવાર પત્રક

(7) વર્ષ દરમ્યાન આવેલ ચુકાદાની વિગત તથા તે પૈકી કેટલા ચુકાદા યુનિવર્સિટીની તરફેણમાં તથા કેટલા ચુકાદા યુનિવર્સિટીના વિરુધ્ધમાં આવ્યા તેની સંપૂણ વિગતો.

આ બાબતમાં મહેકમ.પરીક્ષા.એકેડમિક વિભાગનું રેકર્ડ રજુ થયેલ હતુ અન્ય વિભાગનું કોઇ રેકર્ડ રજુ થયેલ નથી.જેના કારણે સંપુર્ણ ચકાસણી શકય બનેલ ન હતી.આ બાબતે સ્પષ્ટતા થવી ઘટે.

પ્રાથમિક વાધાનંબર 10/ નો જવાબ રજુ થયેલ છે.સંસ્થા તરફથી માંગણી મુજબનુ સંપુર્ણ રેકર્ડ રજુ થયેલ નથી.રેકર્ડ રજુ ન કરવા બાબતે જવાબદારોથી સ્પષ્ટતા સહ પુર્તતા થવા વિનંતી છે.

વાંધા હેઠળ રકમ રુપિયા 12,43,602/-

<u>ફકરા નંબર-12</u>

**સંસ્થાના કર્મચારીઓના જામીનગીરી અંગેનાં જામીનખત રજુ કરવા બાબત**

ગુજરાત યુનિવર્સિટી અમદાવાદના સને-2011-12ના વર્ષનું અન્વેષણ દરમ્યાન જામીનખત રજીસ્ટર તથા જામીનખત રજુ કરવા જણાવતાં રજુ કરવામાં આવેલ ન હતાં.ગુજરાત નાણાંકીય નિયમોના નિયમ-176(બી) ની નોંધ-2 અનુસાર રોકડ.સ્ટોર.સ્ટેમ્પ વગેરે કિંમતી મિલ્કતોના હવાલા સંભાળતા કર્મચારીઓની જામીનખત નિયમોનુસાર મેળવવાનાં તથા તેઓની હયાતીપણાની ખાત્રી જામીનદાર અંગે સક્ષમ અધિકારીશ્રી સમક્ષ કરાવવી રહે છે.સંસ્થા તરફથી આ બાબતનું કોઇ રેકર્ડ રજુ કરવામાં આવેલ નથી.તો આ બાબતે સ્પષ્ટતા થવી ઘટે.નિયમોનુસારની કાર્યવાહી કરી ઓડિટે ખાત્રી કરાવવી ઘટે.

પ્રાથમિક વાધાનંબર નંબર-22 થી સંસ્થાને જણાવેલ હતું.સંસ્થાએ જવાબમાં જણાવેલ છે કે જે તે કર્મચારીઓ વાઇજ જામીનખત હવે પછી મેળવી લેવામાં આવશે.નિયત સમય મર્યાદામાં કાર્યવાહી પુર્ણ કરાવી પુર્તતા કરાવવી ઘટે.

ફકરા નંબર-13

**સરકારશ્રીના ઠરાવ અને યુનિવર્સિટીની એકઝયુકયુટીવ કાઉન્સીલની તા-28-09-08 ની બેઠકમાં થયેલ ઠરાવ વિરુધ્ધ કર્મચારીઓને પરીક્ષાભથ્થુ અને ઓવરટાઇમ આપવા બાબત.**

ગુજરાત યુનિવર્સિટીના વાર્ષિક હિસાબોની ચકાસણી કરતાં નાણાંકીય વર્ષ 2011-12 માં પરીક્ષાભથ્થા તથા EXAM ઓવરટાઇમ અંગે નીચે મુજબ ખર્ચ થયેલ છે.

**પરીક્ષાભથ્થા અને ઓવરટાઇમ ખર્ચની વિગત**

| અ.નં. | ખર્ચની વિગત | કોડ | રકમ રુપિયા |
|---|---|---|---|
| 1 | પરીક્ષા ભથ્થુ | 3532008 | 1,05,98,783/- |
| 2 | ઓવરટાઇમ (EXAM) | 3532007 | 5,74,327/- |
| | કુલ | | **1,11,73,110/-** |

ગુજરાત સરકારશ્રીના શિક્ષણ વિભાગના તા-09-12-81 થી અમલમાં આવે તે રીતનાતા-24-02-81 ના ગુજરાત સરકારના ગેઝેટમાં બહાર પાડેલ નિયમોના નિયમ-8 દવારા થયેલ સુધારા મુજબ યુનિવર્સિટી તેઓના અને એફીલેટેડ કોલેજના કર્મચારી/અધિકારીઓના (શૈક્ષણિક.બિન શૈક્ષણિક) પગાર ધોરણ અને ભથ્થા રાજય સરકારની મંજુરીને આધીન રહેશે એટલે કે રાજય સરકારની મંજુરી વગર પગાર ધોરણ અને ભથ્થામાં યુનિવર્સિટી સુધારો કરી શકશે નહી.

ગુજરાત યુનિવર્સિટીના પરીપત્ર નં-એકા-1/9711/2008/ તા-28-11-08 માં જણાવ્યા મુજબએકઝયકયુટીવ કાઉન્સીલની તા-28-09-08 ની બેઠકમાબાબત ક્રમાંક -14 થી થયેલ ઠરાવ મુજબ બીસીએસઆર/જીસીએસઆર માં દર્શાવેલ પગાર રજાઓ અંગે તેમજ ગેરશિસ્ત .ગેરવર્તણૂક વગેરે બાબતો અંગેની જોગવાઇઓ તેમજ તેમાં સમયાંતરે જે સુધારા/ વધારા થાય તે પ્રમાણે યુનિવર્સિટીમાં લાગુ પાડવામાં આવે છે.તેમ ઠરાવેલ છે.

રાજ્ય સરકારમાં કર્મચારીઓને ઓવરટાઇમ તેમજ પરીક્ષા ભથ્થુ આપવાની કોઇ જોગવાઇ નથી.તેમ છતાં યુનિવર્સિટીના કર્મચારી/અધિકારીઓને ઓવરટાઇમ તથા પરીક્ષાભથ્થુ કયા આધારે આપવામાં આવે છે તે અંગે સ્પષ્ટતા થવા તથા આ અંગે રાજય સરકારની મંજુરી મેળવવામાં આવ છે કે કેમ તે અંગે પણ સ્પષ્ટતા થવા વિનંતી છે.

વધુમાં ઉચ્ચ શિક્ષણ કમિશ્નરની કચેરી દવારા યુનિવર્સિટીને ફાળવવામાં આવતી બ્લોક ગ્રાન્ટની શરતો મુજબ પણ યુનિવર્સિટીએ સરકારશ્રીના પર્વતમાન

નિયમોનો અમલ કરવાનો રહે છે.તેમજ યુનિવર્સિટીએ અમાન્ય ખર્ચા બંધ કરવાના રહે છે.તેમ જણાવેલ હોય છે.આમ છતાં પણ યુનિવર્સિટી દવારા ઉપર મુજબના ભથ્થા ચુકવવામાં આવે છે.તો સદરહુ ભથ્થાઓ ગ્રાન્ટ સામે અમાન્ય કેમ ન કરવા તે અંગેની સ્પષ્ટતા થવા વિનંતી.

વાંધાની પુર્તતા ન થતાં વાધાની રકમ વાંધા હેઠળ રાખવામાં આવે છે.

સંસ્થાએ પ્રા.વાં.નં.23/ જવાબ કરેલ છે.ફકરાને અનુરૂપ જવાબ કરવામાં આવેલ નથી.જે ફકરાને ધ્યાને લઇ પુર્તતા કરવી ઘટે.

વાંધા હેઠળ રકમ રુપિયા 1,11,73,110/-

**ફકરા નંબર–14**

**પેન્શન ચૂકવણામાં જણાવેલ હિસાબી અનિયમિતતા બાબત.**

ગુજરાત યુનિવર્સિટી અમદાવાદનાં સને–2011-12નાં અન્વેષણ દરમ્યાન સંસ્થા તરફથી રજૂ કરવામાં આવેલ ખર્ચ વાઉચરો અંગે પ્રાથમિક આંધારીત રેકર્ડ સાથે ચકાસણી કરતાંતથા મહેકમ વિભાગના પેન્શન અંગેની ચકાસણી કરતાં નીચે મુજબની અનિયમિતતા ઓડીટનાં ધ્યાને આવેલ છે.

ઉકત સંસ્થામાં જૂના સમયનાં નિવૃત થયેલા કર્મચારીનાં પેન્શનના ચૂકવણાંની સરકારશ્રીની ગુજરાત મુલ્કી સેવા નિયમો 2000 પેન્શન ની સૂચનાઓ મુજબની કામગીરી ટૂંકમાં પેન્શનને લગતી તમામ કામગીરી મહેકમ શાખામાંકરવામાં આવે છે.હાલમાં ફરજ બજાવતા કર્મચારીઓનાં પગાર ભથ્થા ચૂકવણી કરવામાં આવે છે તેવી જ રીતે પેન્શનની પણ કામગીરી કરવામાં આવે છે.જે પ્રથા યોગ્ય નથી.

પેન્શન ચૂકવણાં માટે ઉકત સંસ્થામાંજે તે પેન્શનરની જે તે માસની કે અન્ય ચૂકવણાની જે તે પેન્શનર વાઈજ નોંધ લેઝર પીપીઓમાં રાખવાનાં બદલે એક ફાઈલે પગાર સ્લીપ જેમ પેન્શન અંગેની નોંધ રાખવામાં આવે છે.જે પ્રથા યોગ્ય નથી.પી પી ઓ રજીસ્ટર,પેન્શન લેઝર તથા મેડીકલ રીએમ્બર્સમેન્ટ રજીસ્ટર શરુ કરી અમલ કરવા જણાવવામાં આવે છે.પેન્શનરને ચૂકવાયેલ ગ્રેજ્યુઇટી,રુપાંતરીત પેન્શન દર માસે ચૂકવવામાં આવતા માસિક પેન્શન પેન્શનમાંથી થતી કપાતો તથા પુનઃલગ્નની નોંધ યોગ્ય ગાર્ડ ફાઈલે ન રાખવાની પ્રથા યોગ્ય નથી.

પેન્શન કેસ વખતે કર્મચારીઓ પાસેથી ત્રણ નકલમાં અંગ્રેજી તથા ગુજરાતીમાં સહીના નમૂના તથા સંયુકત ફોટોગ્રાફી મેળવી ફાઈલે સાથે સામેલ રાખવામાં તથા દર વર્ષે સહીના નમૂના સાથે હયાતી પ્રમાણપત્રમાં પેન્શનરે કરેલી સહીની સક્ષમ અધિકારીશ્રીની હાજરીમાં ચકાસણી કરી પેન્શનનું ચૂકવણું કરવાની પ્રથા અમલમાં મૂકવા અનુરોધ છે.

પ્રાથમિક વાધાનંબર 24/ નો સંસ્થા તરફથી જવાબ મળેલ છે.જવાબ વાંધા મુજબ બરાબર ન હોઇ ગ્રાહય રાખવામાં આવતો નથી.

ફકરા નંબર-15

**આઇ.એ.એસ.ટ્રેનીંગ સેન્ટર પાછળ કરેલ ખર્ચની અનિયમિતતા બાબત.**

ગુજરાત યુનિવર્સિટી અમદાવાદનાં સને-2011-12નાં અન્વેષણ દરમ્યાન સંસ્થા તરફથી રજુ કરવામાં આવેલ વાર્ષિક હિસાબમાં દર્શાવ્યાં મુજબ આઇ. એ.એસ.ટ્રેનીંગ સેન્ટર પાછળ પગાર ભથ્થા અન્વયે રૂપિયા 7,34,067/- નો ખર્ચ ઉધારવામાં આવેલો છે.સદરહું ટ્રેનીંગ સેન્ટર રુબરુમાં ચર્ચા કર્યા મુજબ છેલ્લા પંદરેક વર્ષથી બંધ હોવાનું જાણવા મળેલ છે.જે બાબતે નીચે પ્રમાણે ઓડિટ નોંધ આપવામાં આવ છે.

(01) ઉપરોકત ટ્રેનીંગ સેન્ટર ઘણા લાંબા વર્ષોથી બંધ છે તો સદર ટ્રેનીંગ સેન્ટર ખરેખર કયા વર્ષથી અને કયા કારણોસર બંધ પડેલ છે.આ બાબતે સંસ્થા દવારા જણાવેલ હતું કે વર્ષ 1994 થી આઈ એ એસ ટ્રેનીંગ સેન્ટર બંધ છે.અપુરતી ગ્રાન્ટ મળવાને કારણે ટ્રેનીંગ સેન્ટર બંધ કરવામાં આવલ છે.

(02) ઉપરોકત ટ્રેનીંગ સેન્ટર ઘણા લાંબા વર્ષોથી બંધ છે તો સદર ટ્રેનીંગ સેન્ટર ચાલુ કરવા બાબતે કોઇ કાર્યવાહી કરવામાં આવેલ છે કે કેમ ?

(03) ઉપરોકત ટ્રેનીંગ સેન્ટર ઘણા લાંબા વર્ષોથી બંધ છે તો સદર ટ્રેનીંગ સેન્ટર સત્વરે ચાલુ કરવા યોગ્ય કાર્યવાહી થવી ઘટે.

(04) ઉપરાકત ટ્રેનીંગ સેન્ટર ઘણા લાંબા વર્ષોથી બંધ છે તો સદર ટ્રેનીંગ સેન્ટર ના કારણે જરૂરિયાતવાળા વિધાર્થીઓને તેનો લાભ મળતો નથી તો લાભ મળે તેવું કરવા માટે ઓડિટનું સુચન છે.

(05) ઉપરોકત ટ્રેનીંગ સેન્ટર ઘણા લાંબા વર્ષોથી બંધ છે તો કયા કારણોસર ઓડિટ વર્ષ દરમ્યાન બંધ હોવા છતાંઉપરોકત ખર્ચ કરવામાં આવેલો તે બાબતે સ્પષ્ટતા થવી ઘટે.

(06) આઈ એ એસ ટ્રેનીંગ સેન્ટર બંધ હોવા છતાં બજેટમાં ખર્ચ સંદર્ભમાંરુપિયા 8,10,000/-ની જોગવાઇ કરવા બાબતે સ્પષ્ટતા થવી ઘટે.

(07) આઈ એ એસ ટ્રેનીંગ સેન્ટર બંધ હોવા છતાં સદર કર્મચારીઓ પાસેથી શું કામગીરી લેવામાં આવેલ હતી.આ બાબતે સ્પષ્ટતા થવી ઘટે.

ઉપરોકત ખર્ચ રૂપિયા 7,34,067/-નો ખાત્રી કરાવતા સુધી કરેલ ખર્ચ વાંધા હેઠળ રાખવામાં આવે છે.

પ્રાથમિક વાધાનંબર 25/ નો સંસ્થા તરફથી જવાબ રજુ થયેલ છે. જવાબ ગ્રાહ્ય રાખવા પાત્ર થતો નથી તો ફકરામાં જણાયેલ વિગતે કાર્યવાહી પુર્ણ કરાવી પુર્તતા કરવી ઘટે.

વાધા હેઠળ રુપિયા 7,34,067/-

<u>ફકરા નંબર-16</u>

**ગુજરાત યુનિવર્સિટી પોલીસ સ્ટેશન ઇન્કવાયરી કેસ નં-1/12 અનુસંધાને કરેલ કાર્યવાહી બાબત**

ગુજરાત યુનિવર્સિટી અમદાવાદના સને-2011-12 ના વર્ષનું અન્વેષણ હાથ ધરવામાં આવેલ છે.ગુજરાત યુનિવર્સિટી પોલીસ સ્ટેશન ઇન્કવાયરી કેસ નં-1/12 અનુસંધાનમાંગુજરાત યુનિવર્સિટી અમદાવાદના સને-2007-08 ના જનરલ ફંડ અન્વેષણ અહેવાલમાં ફકરા નંબર 1 થી 9 નો સમાવેશ કરવામાં આવેલ છે.જે રીપોર્ટ આપની સંસ્થાને આ કચેરીના પત્ર નં-10397-થી-10402 તારીખ-31-07-2013 થી રવાના કરવામાં આવેલ છે.જેમાં જણાવેલ ફકરાઓ અંગે કાર્યવાહી કરવાની થાય છે.આ બાબતમાં સંસ્થા તરફથી જે જે કાર્યવાહી કરવામાં આવેલ હોય તેની વિગતો આ પાર્ટીને જાણ અર્થે રજુ કરવા વિનંતી છે.આવેલ વિગતોના આધારે આગળની કાર્યવાહી થઈ શકે.તો આ બાબતને ટોચ અગ્રતા આપી કાર્યવાહી થઈ આવવા વિનંતી સહ જણાવવામાં આવે છે.

સંસ્થાએ પ્રા.વાં.નં.98/ જવાબ રજુ થયેલ છે.જવાબમાં કાર્યવાહી બાકીમાં હોવાનું જણાયેલ છે.

ફકરા નં-17

**પહોંચબુકના હિસાબોનું સને-2015-16રજીસ્ટર ન નિભાવવા બાબત.**

ગુજરાત યુનિવર્સિટી અમદાવાદના સને-2011-12 ના વર્ષ દરમ્યાન અલગ અલગ 64 પ્રકારની આશરે પહોંચોથી ખુબ જ મોટા પ્રમાણમાં આવકો થયેલ હતી જેની વિગત નીચે પ્રમાણે હતી.

**જુદી જુદી થયેલ આવકોની વિગત**

| આવકની વિગત | આવક રુપિયા |
|---|---|
| 01 | 02 |
| પરીક્ષા ફી ની આવક | 82462956 |
| અન્ય ફી ની આવક | 42693500 |
| પ્રકાશનોની આવક | 9026872 |
| પરચુરણ આવક | 13886265 |
| અનુસ્નાતક શિક્ષણકાર્ય | 33288553 |
| યુનિવર્સિટી છાત્રાલયો | 918061 |
| જમીન આવક | 2485416 |
| પરફોર્મિંગ આર્ટસ અભ્યાસક્રમ આવક | 450000 |
| ગ્રંથાલય શાસ્ત્ર ભવન | 379600 |
| યુનિવર્સિટી કોમ્પ્યુટર સેન્ટરની આવક | 303605 |
| પ્રોફેશનલ તાલીમ સેન્ટરની આવક | 438060 |
| પત્રકારત્વ વિભાગ | 138400 |
| માસ્ટર ઓફ ફીઝીકલ એજ્યુકેશન | 360550 |
| કુલ આવક | **186831838** |

ઉપરોક્ત આવકના હેતુ માટે પહોંચ બુકો છપાઇને હિસાબી શાખામાં આવતી હોય છે આ પ્રકારે આવેલ પહોંચ બુકોને વિગતવાર નિયમોનુસાર સ્ટોક રજીસ્ટરે જમા લેવાની હોય છે ત્યારબાદ યુનિવર્સિટીના અલગ અલગ કાઉન્ટરો ઉપર જરૂરીયાત મુજબ ફાળવણી કરવામાં આવતી હોય છે જે અંગેનું કોઇ રજીસ્ટર નહી નિભાવવાને કારણે કયા પ્રકારની પહોંચોનો કેટલો જથ્થો વર્ષની શરુઆતમાં હતો, વર્ષ દરમ્યાનકેટલી અને કયા પ્રકારની પહોંચો નવી છપાઇને

આવેલ તેમાંથી અલગ અલગ કાઉન્ટરો ઉપર કયા પ્રકારની કેટલી પહોંચોની ફાળવણી કરવામાં આવેલ અને વર્ષના અંતે કયા પ્રકારની કેટલી પહોંચબુકો હાથ ઉપર રહેવા પામેલ હતી તે અંગેની ખાતરી થઇ શકેલ હતી પરંતુ

સને-2015-16 ના ચાલુ વર્ષનીકોરી પહોંચ બુકોની ભૌતિક ચકાસણી પણ કરવાની થતી હોવાથી રજીસ્ટર અધતન રીતે તૈયાર કરી કોરી પહોંચબુકો સાથે ઓડીટમાં રજુ કરવા વિનંતી કરવામાં આવેલ હતી. ઓડીટ સમય દરમ્યાન આ બાબતે રજીસ્ટર તથા ભૌતિક કોરી પહોંચબુકો જથ્થો રજુ કરવામાં આવેલ ન હતો. પરંતુ નીચે મુજબની કોરી પહોંચબુકો રુમ નબર 19,20 ખાતે વપરાશમાં ભૌતિક જણાયેલ હતી.

**રુમ નંબર-19**

| અ નં | વિગત | પહોંચ નંબર | પહોંચની કિમત |
|---|---|---|---|
| 1 | - | 4701 to 4800 | - |

**રુમ નંબર-20**

| અ નં | વિગત | પહોંચ નંબર | પહોંચની કિમત |
|---|---|---|---|
| 1 | F G (પદવી) | 101 TO 1000 | 250 |
| 2 | E L | 9601 TO 9700 | 110 |
| 3 | C (ડોકટર) | 801 TO 1100 | 200 |
| 4 | R A | 101 TO 200 | 250 |
| 5 | V M | 5001 TO 5200 | 50 |
| 6 | C (ડીગ્રી) | 13301 TO 13400 | 200 |
| 7 | M I G | 1701 TO 1800 | 110 |
| 8 | M S -II | 1901 TO 2000 | 50 |
| 9 | HRB (boys) | 2001 TO 2100 | જુદી જુદી |
| 10 | HRB (girls) | 1301 TO 1400 | જુદી જુદી |
| 11 | EXAM | 3001 TO 3200 | જુદી જુદી |
| 12 | P G | 1101 TO 1200 | જુદી જુદી |

(46)



ફકરા નંબર-18

જુદા જુદા કોર્ષ માટે છપાવેલ બ્રોશરનાં ચૂકવણામાં જણાયેલ અનિયમિતતા બાબત.

ગુજરાત યુનિવર્સિટી અમદાવાદનાં સને-2011-12નાં અન્વેષણ દરમ્યાન સંસ્થા તરફથી રજુ કરવામાં આવેલ કેશબુક સાથે આવક ખર્ચની ચકાસણી કરતાં જુદા જુદા જુદા કોર્ષ માટે બ્રોશર છપાવવામાં આવેલ હતા.જેની વિગત નીચે મુજબ હતી.

બ્રોશરનાં ચૂકવણાની વિગત

| અ નં | વા નં | તારીખ | રકમ | પાર્ટીનું નામ | બીલ નં | તારીખ | બીલની વિગત |
|---|---|---|---|---|---|---|---|
| 1 | 2 | 3 | 4 | 5 | 6 | 7 | 8 |
| 1 | 1462 | 09-06-11 | 46000/- | ધ ગીરી કોમ્યુનીકેશન લાઈફ સાયન્સ ડિપાર્ટમેન્ટ | 06 | 09-05-11 | 46500<br>1860<br>465<br>48825<br>બ્રોશર<br>1900 નંગ |
| | | | 46000/- | | | | |

ઉક્ત બાબતમાં નીચે મુજબની ઓડીટ નોંધ આપવામાં આવે છે.

(01) સદરહું ખર્ચ સંદર્ભમાં સક્ષમ અધિકારીશ્રીની મંજુરી મેળવવામાં આવેલ છે કે કેમ ? જો મેળવવામાં આવેલ હોય તો તે અંગેની ફાઈલ ઓડિટે રજુ થવી ઘટે. ઓડીટ દરમ્યાન રજુ થયેલ નથી.

(02)સદરહું ખર્ચ સંદર્ભની ટેન્ડર પ્રકિયા/મેળવેલ ભાવો અંગેની ફાઈલ ઓડિટે રજુ થવી ઘટે. ઓડીટ દરમ્યાન રજુ થયેલ નથી.

(03) ઉપરોકત એજન્સીને વર્ક ઓર્ડર આપ્યાના આધાર સામેલ નથી.

(04) સદરહું ખર્ચ સંદર્ભનાં સ્ટોક રજીસ્ટર ઓડિટે રજુ થવા ઘટે. સ્ટોક રજીસ્ટરમાં નોંધ કર્યાના આધર રજુ થવા ઘટે. ઓડીટ દરમ્યાન રજુ થયેલ નથી.

(05) સંસ્થા ખાતે પોતાનો પ્રેસ હોવા છતાં બહારથી ખર્ચ રુપિયા 46000/- નો ખર્ચ કરવા બાબતે સ્પષ્ટતા થવી ઘટે.

(06) સંસ્થાનો 62 મો વાર્ષિક હેવાલ સને 2011-12માં ઉલ્લેખ થયા મુજબ લાઈફ સાયન્સ ડિપાર્ટમેન્ટ ખાતે કુલ વિધાર્થીની સંખ્યા 51 દર્શાવેલી છે. જયારે ઉકત સંદર્ભના બ્રોશર કુલ 1900 નંગ છપાવવામાં આવેલા છે. બ્રોશરના નંગોની સંખ્યા અને વિધાર્થીઓની સંખ્યા જો ધ્યાને લેવાની થતી હોઇ તો બ્રોશર છપામણીની સંખ્યામાં 1849 નંગનો તફાવત જરુરીયાત કરતાં વધુ પ્રમાણમાં છપાવેલ જણાઈ છે. એમ. એસ. સી. ઈન લાઈફ સાયન્સ કોર્ષ માટે ભાગ લેનાર વિધાર્થીઓની સંખ્યાની તથા અન્ય બ્રોશર વપરાશ પ્લેસમેન્ટ હેતું અંગેની સ્પષ્ટ માહિતી રજુ થયેલ ન હોઇ બ્રોશર છપામણી જરુરીતા અંગેની ચકાસણી શકય બનેલ નથી. તો આ બાબતે વિગતે સ્પષ્ટતા થવી ઘટે. ઓડીટ દરમ્યાન સ્પષ્ટતા રજુ થયેલ નથી.

(07) વાઉચર સાથે સામેલ ઈનવૉઈસ નંબર 06 તારીખ 09-05-11 માં છપામણીનો દર દર્શાવેલ નથી. 1900 નંગ જથ્થો દર્શાવી રૂપિયા 46000/- નો ખર્ચ કરેલ છે.

(08) સદર એજન્સીને ચૂકવેલ નાણાં સ્વીકાર્યા અંગેની એજન્સીની પહોંચ સામેલ નથી.

(09) ઉકત વાઉચરમાં બજેટ પ્રોવીઝનની વિગત દર્શાવેલ નથી.

પ્રાથમિક વાધાની પુર્તતા થયેલ નથી. ઉપરોકત તમામ મુદ્દાઓની આધાર સહ પુર્તતા થતાં સુધી થયેલ ખર્ચ વાધા હેઠળ રાખવામાં આવે છે.

પ્રા. વા. નં. 08નો સંસ્થાએ જવાબ કરેલ છે. પરંતુ ફકરામાં જણાવ્યા મુજબ સ્પષ્ટતા થતી નથી.

વાધા હેઠળ રકમ 46000/-

ફકરા નંબર-19

**સને-2011-2012 ના વર્ષ દરમિયાન નોંધાયેલ અને પરીક્ષા ફી ભરેલ વિધાર્થીઓની માહિતી પૂરી પાડવા બાબત. (હિસાબી શાખા)**

ગુજરાત યુનિવર્સિટી અમદાવાદનાં સને-2011-12નાં અન્વેષણ દરમ્યાન સંસ્થા દવારા નીચે જણાવેલ પત્રકમાં માંગ્ય મુજબની માહિતી દિન-4 માં ઓડિટને પૂરી પાડવા વિનંતી કરવામા આવેલ હતી. જેના અનુસંધાને શાખાએ નીચે જણાવેલ વિગતે માહીતી પુરી પાડેલ હતી. જયારે પરીક્ષા શાખા તરફથી માહીતી રજુ ન થતા અરસ પરસ ચકાસણી શકય બનેલ નથી. આ બાબતે સ્પષ્ટતા થવી ઘટે.

વિગત

| અ નં | વિષય | શાખાએ વહેંચેલ પ્રવેશ ફોર્મની સંખ્યા | શાખાએ વહેંચેલ પ્રવેશ ફોર્મની સ્વીકારેલ રકમ | શાખાએ પરીક્ષા ફી સ્વીકાર્યાની સંખ્યા | શાખાએ પરીક્ષા ફી સ્વીકાર્યાની રકમ | રીમાર્કસ |
|---|---|---|---|---|---|---|
| 01 | 02 | 03 | 04 | 05 | 06 | 07 |
| | | | | સંખ્યા | રકમ | |
| 1 | FY. B A | 2820 | 141000 | - | - | પરીક્ષા શાખા તરફથી ઉકત માહીતી રજૂ થયેલ નથી. |
| 2 | FY. B A Ext. sem-1 | 14460 | 723000 | - | - | |
| 3 | SY. B A | 8792 | 439600 | - | - | |
| 4 | TY. B A | 6542 | 327100 | - | - | |
| 5 | FY. B COM | 178954 | 1789540 | - | - | |
| 6 | FY. B COM EXT. | 801 | 40050 | - | - | |
| 7 | FY. B COM SEM-1 | 2150 | 107500 | - | - | |
| 8 | SY. B COM | 1572 | 78600 | - | - | |

(૫૧)



| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| 9 | TY. B COM | 971 | 48550 | - | - | |
| 10 | FY. B S C | - | - | - | - | |
| 11 | SY. B S C | - | - | - | - | |
| 12 | TY. B S C | - | - | - | - | |

પ્રા. વા. નં. 14 જવાબરજુ થયેલ છે.

<u>ફકરા નંબર–20</u>

**સને–2011-2012 ના વર્ષમાં સંસ્થાએ લીધેલ પરીક્ષા સંલગ્ન માહિતી પૂરી પાડવા બાબત. (પરીક્ષા શાખા)**

ગુજરાત યુનિવર્સિટી અમદાવાદનાં સને–2011-12નાં અન્વેષણ દરમ્યાન દરમ્યાન સંસ્થા દવારા નીચે જણાવેલ પત્રકમાં માંગ્ય મુજબની માહિતી દિન–4 માં ઓડિટને પૂરી પાડવા વિનંતી કરવામાં આવેલ હતી. શાખા તરફથી માહીતી કે જવાબ રજુ થયેલ નથી જેના કારણે અરસ પરસ ચકાસણી શકય બનેલ નથી.

પત્રકની વિગત

| અ નં | વિષય | શાખાએ સ્વીકારેક ફોર્મની સંખ્યા | પરીક્ષામાં બેઠેલ વિધાર્થીઓ ની સંખ્યા | પાસ વિધાર્થીઓની સંખ્યા | | | | નાપાસ વિધાર્થી ઓની સંખ્યા | કુલ |
|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | | પ્રથમ વર્ગ | દ્વિતિય વર્ગ | પાસ | કુલ | | |
| 1 | FY. B A | - | - | - | - | - | - | - | - |
| 2 | SY. B A | - | - | - | - | - | - | - | - |
| 3 | TY. B A | - | - | - | - | - | - | - | - |
| 4 | FY. B COM | - | - | - | - | - | - | - | - |
| 5 | SY. B COM | - | - | - | - | - | - | - | - |
| 6 | TY. B COM | - | - | - | - | - | - | - | - |
| 7 | FY. B S C | - | - | - | - | - | - | - | - |
| 8 | SY. B S C | - | - | - | - | - | - | - | - |
| 9 | TY. B S C | - | - | - | - | - | - | - | - |

નોંધઃ– ઉકત માહીતી સંસ્થા તરફથી રજુ થયેલ નથી.

પ્રા.વા.નં. 13નો સંસ્થાએ જવાબ રજુ થયેલ નથી.

<u>ફકરા નંબર–21</u>

**ટકી મુદતની ડીપોઝીટ પેટે વાર્ષિક જમા રકમ (વ્યાજ) અન્વયેની ખાતરી કરાવવા બાબત.**

ગુજરાત યુનિવર્સિટી અમદાવાદનાં સને–2011-12નાં અન્વેષણ દરમ્યાન સંસ્થા તરફથી રજુ કરવામાં આવેલ વાર્ષિક હિસાબ વર્ષ 2011-2012 માં જણાવ્યાં મુજબ જુદી જુદી બેન્કોમાં ટકી મુદતની ડીપોઝીટ રુપિયા 76,62,18,808-60પૈસા ઉધાર બાજુએ દર્શાવેલ છે.જયારે જમા બાજુએ રુપિયા 9,28,35,423-14પૈસા દર્શાવેલ છે.

જમા બાજુએ રુપિયા 9,28,35,423-14 પૈસા દર્શાવેલ એફડીનું વ્યાજ જમા લેવામાં આવેલ છે.આ વ્યાજ કઈ કઈ બેન્કોનું મળવાપાત્ર થતુંહતું અને કઈ કઈ બેન્કો પાસેથી મળેલ છે કે બાકી છે.તેનો જે ત કોડ નંબર સાથે લેઝર મુજબનો ઉતારો ઓડીટે રજુ થવો ઘટે.

જુદા જુદા રોકણ રજીસ્ટરોમાં જે તે બેન્કવાર તારીજ કાઢવામાં આવતી નથી જેથી બેન્કવાર સિલકની વિગતો ઉપલબ્ધ થતી નથી.સદર રજીસ્ટરો અધતન રીતે તૈયાર કરાવી ઓડીટે ખાતરી કરાવી ઘટે.

પ્રા.વા.નં.27નો સંસ્થાએ જવાબ કરેલ છે.જવાબ ફકરાને અનુરૂપ ન હોવાથી ગ્રાહ્ય રાખવા પાત્ર થતો નથી.

<u>ફકરા નંબર-22</u>

**ભૌતિક ચકાસણી અર્થે રજુ કરેલ એફડીની તારીજ રજુ ન કરવા બાબત.**

ગુજરાત યુનિવર્સિટી અમદાવાદનાં સને-2011-12નાં અન્વેષણ દરમ્યાન સંસ્થા તરફથી એફડી ભૌતિક ચકાસણી અર્થે જુદા જુદા નીચે જણાવેલ વિગતે એફડી રજીસ્ટરો રજુ કરવામાં આવેલ હતાં. જે તે એફડી રજીસ્ટર વાઇજ અલગ અલગ પત્રકો રજુ કરવામાં આવેલ હતાં.

**ભૌતિક ચકાસણી અર્થે રજુ કરેલ એફડીની વિગત.**

| અનં. | ચકાસણીની તારીખ | ફંડની વિગત | કરેલ રોકાણની વિગત રુપિયા |
|---|---|---|---|
| 1 | 18-05-15 | 1 Collge Wise | 126384959<br>118122523<br>110969416 |
| 2 | 20-05-15 | 2 General Fund | 783817454 |
| 3 | 14-05-15 | 3 Endowment Fund | 143477100 |
| 4 | 14-05-15 | 4 ERD Fund | 97552552 |
| 5 | 18-05-15 | 5 K S School's Fund | 355107665 |
| | | TOTAL | **1735431669** |

એફ.ડી.રજીસ્ટરમાં જે તે રોકાણો કર્યા અંગેની નોંધો કરવામાં આવે છે. જે ઉપરોક્ત વિગતે રાખવામાં આવેલ છે. ઉપરોક્ત તમામ એફ.ડી.નું પત્રક બનાવી રુપિયા 1735431669/- એફડી ભૌતિક ચકાસણી અર્થે રજુ કરતાં ભૌતિક ચકાસણી કરવામાં આવેલ છે. પરંતુ રોકાણ રજીસ્ટરમાંજે તે બેન્કો મુજબ સિલક કાઢી તારીજ બનાવવામાં આવતી નથી જેના કારણે રોકાણો અંગેની જે તે બેન્કવાર વિગતવાર ચકાસણી થઈ શકેલ નથી. એફડી રજીસ્ટરમાં બેન્કવાર તારીજ કરેલ નથી જેમાં ભૌતિક ચકાસણી માટે એફીની પત્રક બનાવી રજુ કરેલ છે. ભૌતિક ચકાસણી માટે રજુ કરેલ કરેલ એફડી જેટલી સિલક એફડી રજીસ્ટરમાં તારીજ કાઢી અને લેજર તૈયાર કરી મેળવણું કરી ખાતરી કરાવેલ નથી જેથી ભૌતિક ચકાસણીની તારીખે યુનિવર્સિટી પાસે કેટલી એફ.ડી.આર.હોવી જોઈએ તેની વિગતો જાણી શકાયેલ નથી.

એફ.ડી.આર. રજીસ્ટર અધતન રીતે તૈયાર કરી રજુ કરવુ ઘટે.

પ્રા.વા.નં. 33 નો સંસ્થાએ જવાબ કરેલ છે.પરંતુ ફકરામાં જણાવ્યા મજબ પુર્તતા કરેલ નથી.

ફકરા નંબર-23

પ્રોજેક્ટ કન્સલટન્ટ તથા ચાર્ટડ એકાઉન્ટની નિમણૂંક અંગેનું રેકર્ડ રજૂ કરવા બાબત.

ખર્ચના વાઉચરોની વિગત

| વા.નં. | તારીખ | રકમ |
|---|---|---|
| 2728 | 02-08-11 | 67750 |
| 2729 | 02-08-11 | 36589 |
| 2730 | 02-08-11 | 107213 |
| | | **211552** |

ગુજરાત યુનિવર્સિટી અમદાવાદનાં સને-2011-12નાં અન્વેષણ દરમ્યાન ઉપર દર્શાવેલ વાઉચરોની ચકાસણી કરતાં ધ્યાને આવેલ છે કે યુનિવર્સિટી દવારા બાંધકામને લગતાંકામોના પ્લાન એસ્ટીમેટ.ટેન્ડર પ્રક્રિયા તથા બીલોના ચુકવણાં સુધીની કાર્યવાહી માટે મે.એલ.જે.પુરાણી અન્ડ અસોસીએટ તથા બીલોની ચકાસણી અર્થે યુનિ.ના એક્ટર્નલ ઓડીટર મે.મનુભાઇ એન્ડ કું ની નિમણૂંક કરી ચુકવણું કરેલ છે.તો આ અંગે નીચે મુજબ રેકર્ડ ઓડીટમાં દિન-3 માં રજૂ થવા વિનંતી કરવા છતાં રજૂ થયેલ ન હતું.

(1)મે.એલ.જે.પુરાણી એન્ડ એસોસીએટ તથા મે.મનુભાઇ એન્ડ કું ની નિમણૂંક કરતાં પહેલાં જો કોઇ ભાવપત્રકો મંગાવેલ હોય કે જે રીતે નિમણૂંક કરેલ હોય તેને લગતું રેકર્ડ.

(2)ઉપરોક્ત બંને પાર્ટી સાથે જો કોઇ કરાર કરવામાં આવેલ હોય તો કરાર.

(3)ઉપરોક્ત બંને પાર્ટીઓએ કરવાની કામગીરી. (Scope of work)

(4)ઉપરોક્ત બંને પાર્ટીઓએ વર્ષ દરમ્યાન ચુકવેલ રકમની વિગત તથા કરવામાં આવેલ ટી.ડી.એસ.ની વિગત.

પ્રા.વા.નં. 31 નો સંસ્થાએ જવાબ કરેલ નથી.જેના કારણે સદર ખર્ચ બાબતની ચકાસણી શક્ય બનેલ નથી જે બાબતે સ્પષ્ટતા થવી ઘટે.

વાંધા હેઠળ રકમ 211552/-

(55)



<u>ફકરા નંબર-24</u>

**યુનિ.ના પાકા સરવૈયામાં મૂડી-દેવાં બાજુ દર્શાવેલ બીજા ફંડોની વિગતો રજુ કરવા બાબત.**

ગુજરાત યુનિવર્સિટી અમદાવાદનાં નાણાંકીય વર્ષ-2011-12નાં વાર્ષિક હિસાબમાં તારીખ-31-03-12 ના રોજના પાકા સરવૈયામાં મૂડી-દેવાં બાજુ બીજા ફંડો તરીકે નીચે દર્શાવ્યા મજુબની વિગતો છે.

**બીજા ફંડોની વિગત**

| | | |
|---|---|---|
| 1 | પરિશિષ્ટ <u>અ</u> મજબ | 35,31,62,297-50 |
| + | વર્ષ દરમ્યાન ઉમેરો | 18,52,47,273-28 |
| = | કુલ | 53,84,09,570-78 |
| - | ઘસારાની /ચુકવ્યા ઇત્યાદી | 16,63,84,235-30 |
| = | બીજા ફંડો (નેટ રકમ) | 37,20,25,335-48 |

આ અંગે નીચે મુજબ ઓડીટ નોંધ આપવામાં આવે છે.

(1) નાણાંકીય વર્ષ-2011-12નાં વાર્ષિક હિસાબમાં પરિ-<u>અ</u> માં જુદા જુદા ફંડાની વિગતો દર્શાવેલ છે તો આ તમામ ફંડોની અલગ રચના કયા કારણો/ઉદેશથી કરવામાં આવેલ છે તેની આધાર સહ વિગતો રજુ થવી ઘટે.

(2) સદરહું ફંડની આવક કઇ રીતે ઉભી કરવાની રહે છે તથા સદરહું ફંડમાંથી કયા કયા ખર્ચ કરી શકાય તે અંગે જે કોઇ નિયમ બાનવેલ હોય/ધોરણો નિયત કરલ હોય તેની વિગતો.

આવક તથા ખર્ચ બાબતનાં વાઉચરોથી ચકાસણી કરતા ઉપરોક્ત બાબતે વિગતોના અભાવે ચકાસણી શકય બનેલ નથી.

(3) સદરહું ફંડની આવક અને ખર્ચ અંગે રજુ કરેલ અંદાજપત્રમાં/સુધારેલ અંદાજપત્રમાં કોઇ જોગવાઇ થયાનું જણાતું નથી તો અંદાજપત્રમાં આ અંગે જોગવાઇ ન કરવા બદલ સ્પષ્ટતા થવા તથા અંદાજ પત્રમાં જોગવાઇ સિવાય ખર્ચ કરવા સબબ સ્પષ્ટતા થવી ઘટે.

(4) સદરહું ફંડની આવક રુપિયા 18,52,47,273-28 અને ખર્ચ રુપિયા 16,63,84,235-30 યુનિ.ના આવક અને ખર્ચમાં દર્શાવેલ નથી તો આ આવક-ખર્ચ ન દર્શાવવા બદલ

સ્પષ્ટતા થવા અને તેટલા અંશે યુનિ.ના આવક-ખર્ચ તેટલા પ્રમાણમાં ઓછી આવક અને ખર્ચ દર્શાવ છે તેમ ગણાય અને તેથી તે પ્રમાણિત કરી શકાય નહી.

ઉપરોકત વિગતર રેકર્ડ રજુ થવા/પૂર્તતા થવી ઘટે. પ્રા. વા. નં. 32 નો સંસ્થાએ જવાબ કરેલ છે. ફકરામાં જણાવેલ વિગત મુજબ જવાબ કરેલ નથી. ફકરામાં જણાવેલ વિગતે પુર્તતા થવી ઘટે.

(57)



ફકરા નંબર-25

કોમ્પ્યુટર ટીચીગ ટ્રેનીંગનો ખર્ચ ઈન્ફલીબનેટ (INFLIBNET Centre) સેન્ટરને ચૂકવવા બાબત.

ગુજરાત યુનિવર્સિટી અમદાવાદનાં સને-2011-12 નાં વર્ષના ઓડીટ દરમ્યાન ખર્ચ વાઉચરો અંગે ચકાસણી કરતાં ગ્રંથાલય અને માહિતી વિજ્ઞાન વિભાગ દવારા સને-2011-12 નાં વર્ષ માટે M.L.I.Sc.Integrated ના અભ્યાસક્રમનું વિભાગમાં પાયાનું ઈન્ફાસ્ટ્રકચર ન હોવાથી કોમ્પ્યુટર ટીચીગ ટ્રેનીંગના ખર્ચ સંદર્ભમાં ઈન્ફલીબનેટ સેન્ટરને નીચેની વિગતે રૂપિયા 90,000/-ચૂકવવામાં આવેલ છે.

ઈન્ફલીબનેટ સેન્ટરને કરેલ ચૂકવણાની વિગત.

| અ નં | વા નં | તારીખ | રકમ | પાર્ટીનું નામ | બીલ નં | તારીખ | બીલની વિગત |
|---|---|---|---|---|---|---|---|
| 1 | 2 | 3 | 4 | 5 | 6 | 7 | 8 |
| 1 | 4386 7711013 | 10-10-11 | 90,000/- | ઈન્ફલીબનેટ સેન્ટર | - | 07-06-11 | 90,000/- |

ઉપરોક્ત બાબતમાં નીચે મુજબ ઓડીટ નોંધ આપવામાં આવે છે.

(1) સદરહું વિષયોનુંકોમ્પ્યુટર ટીચીગ અને ટ્રેનીંગનું કામ સોંપવા બાબતની ફાઇલ રજુ થવી ઘટે.

(2)કોમ્પ્યુટર ટીચીગ ટ્રેનીંગનો ખર્ચ ઈન્ફલીબનેટ સેન્ટરન ચૂકવણા બાબતની વિગતો રજૂ થવી ઘટે.

(3)ગ્રંથાલય અને માહિતી વિજ્ઞાન વિભાગનાં પત્ર તારીખ-14-06-11 માં ઉલ્લેખ કરવામાં આવેલ છે કે આ પ્રકારની ટ્રેનીગથી વિભાગના આ વિધાર્થીઓ 100 % પ્લેસમેન્ટ મેળવે છે.તો સદરહું વિષયોનુંકોમ્પ્યુટર ટીચીગ અને ટ્રેનીગનું કામ સોંપવાથી વિધાર્થીઓને પ્લેસમેન્ટ મળેલ હોય તો છેલ્લા ત્રણ વર્ષ દરમ્યાન પાસ થયેલ વિધાર્થીઓ અને તેઓને મળેલ પ્લેસમેન્ટની વિગતો આધાર સહ રજુ થવી ઘટે.

(4) સને–2011-12માટે કે ત્યાર બાદ આ બાબતે શું વ્યવસ્થા કરવામાં આવેલી હતી ? તેની વિગતો રજુ થવી ઘટે.

(5) વિભાગમાં આ પેપર શીખવવા માટે પાયાનું ઇન્ફ્રાસ્ટ્રકચર ઉપલબ્ધ ન હોવાથી સને–2010-11 નાં વર્ષ માટે ખર્ચ કરવામાં આવેલ છે. તો આ પાયાનું ઇન્ફ્રાસ્ટ્રકચર ઉપલબ્ધ કરવા માટે કોઇ આયોજન કરવામા આવેલ છે કે કેમ ? તેની વિગતો રજુ થવી ઘટે.

(6) ગ્રંથાલય શાસ્ત્ર ભવનમાં નાણાંકીય વર્ષ દરમ્યાન નોંધાયેલ વિધાર્થીઓની માહીતી નીચે મુજબ નમૂનામાં રજુ થવી ઘટે.

માહીતીનો નમૂનો

| અ નં | સેમની વિગત | નોંધાયેલ વિધાર્થીની સંખ્યા | છેલ્લે પ્રવેશ સમયે અટકેલ છેલ્લી ટકાવારી | પરિણામ | | ટકાવારી | વિધાર્થીઓને મળેલ પ્લેસમેન્ટની વિગત | થયેલ આવક | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | | પાસ | નાપાસ | | | શિક્ષણ ફી | કોમ્પ્યુટર ફી | પરીક્ષા ફી |
| 1 | સેમ –01 | 14 | 50% | 10 | - | 71 | - | 7500 | 21000 | 5000 |
| 2 | સેમ –02 | 14 | | 09 | - | 64 | - | 7500 | 15000 | 4500 |
| 3 | સેમ –03 | 24 | | 24 | - | 100 | - | 15000 | 36000 | 12000 |
| 4 | સેમ –04 | 24 | | 24 | - | 100 | - | 15000 | 36000 | 12000 |

માહિતી રજુ કરવા જણાવતાં ઉપરોકત માહિતી રજુ કરવામાં આવેલ છે.

(7) અભ્યાસસેતર પ્રવાસ ફીની આવક રુપિયા 1,29,900/- થયેલ છે પરંતુ આ માટે કોઇ ખર્ચ થયેલ નથી તો વિદ્યાર્થીઓ પાસથી ફી લીધા બાદ ખર્ચ ન કરવા અંગે સ્પષ્ટતા થવી ઘટે.

પ્રા.વા.નં. 35 નો સંસ્થાએ જવાબ કરેલ છે. ફકરમાં જણાવ્યાં મુજબ પર્તતા થવી ઘટે.

વાંધા હેઠળ રકમ 90,000/-

<u>ફકરા નંબર-26</u>

**શૈક્ષણિક અને બિનશૈક્ષણિક કર્મચારીઓની તથા યુનિવર્સિટીના ભવનોમાં અભ્યાસ કરતા વિધાર્થીઓની માહિતી રજુ કરવા બાબત.**

ગુજરાત યુનિવર્સિટી અમદાવાદનાં નાણાકિય વર્ષ-2011-12 ઓડિટ દરમ્યાન યુનિવર્સિટીના શૈક્ષણિક અને બિન શૈક્ષણિક કર્મચારી તથા યુનિવર્સિટીના જુદાં જુદાં ભવનોમાં અભ્યાસ કરતાં વિધાર્થીઓની માહિતી રૂબરૂમાં પરિશિષ્ટ-03 તથા પરિશિષ્ટ-04 માં પુરી પાડવા વિનંતી છે. સરકારશ્રીના શિક્ષણ વિભાગના તારીખ-15-01-2010 ના ઠરાવથી આર ઓ પી 2009 મંજુર કરેલ તે ઠરાવ રજુ કરેલ છે. તેમાં બીન શૈક્ષણિક કર્મચારીઓની કુલ મંજુર થયેલ જગ્યાઓ દર્શાવેલ છે. પરંતુ આ જગ્યાઓ મુજબના કર્મચારીઓ જુદી જુદી શાખાઓમા. ભવનોમાં ફરજ બજાવે છે. અને તે મુજબ પગાર બીલો અલગ અલગ બને છે. શાખાવાર. ભવનવાર મંજુર થયેલ જગ્યાની વિગત-રજીસ્ટર ઉપલબ્ધ કરેલ ન હોવાથી મંજુર થયેલ જગ્યાઓ જેટલો જ ખર્ચ થાય છે તેની ખાત્રી થઇ શકેલ નથી જે કરાવવી ઘટે.

આ ઉપરાંત સરકારશ્રીના શિક્ષણ વિભાગના ઠરાવ ક્રમાંક ગજય-1208 - 4164 -ખ તા-15-01-10 મા જણાવ્યા મુજબ બિન શૈક્ષણિક કર્મચારીઓના છઠા પગાર પંચ મુજબના પગાર ધોરણે મંજુર કરવા તેમજ ચોથા પગાર પંચ તથા પાંચમા પગાર પંચમાં રહી જવા પામેલ સંવર્ગના ચોથા તથા પાંચમાં પગાર પંચના પગાર ધોરણે મુદ્દા નં-4 થી નીચે મુજબ ઠરાવેલ છે.

રાજ્ય સરકારશ્રીની મંજૂરી વગર ભરવામાં આવેલ જુન. કલાર્ક. ટાઇપીસ્ટ. સ્ટેનો. હેડ કલાર્ક. લેબ આસી. ટેલીફોન ઓપરેટર વિગેરે મળી વર્ગ-3 ની 58 જગ્યાઓ તેમજ વર્ગ-4 ની 109 જગ્યાઓ મળી કુલ 167 જગ્યાઓ ઉપર ફરજ બજાવતાં કર્મચારીઓને છઠા પગાર પંચના પગાર ધોરણો તેમજ પેન્શનના લાભો મળવાપાત્ર થશે નહી.

આમ ઉપર દર્શાવ્યા મુજબ 167 કર્મચારીઓની નિમણુંક સરકારશ્રીની મંજુરી વગર કરી ચાલુ રાખવા બદલ સ્પષ્ટતા થવી ઘટે.

વધુમાં શૈક્ષણિક કમચારીઓ/અધિકારીઓની તેમજ વિધાર્થીઓની માહિતી ઓડીટે ઉપલબ્ધ કરાવેલ નથી તેથી વિધાર્થીની સંખ્યા મુજબ મહેકમની ચકાસણી શકય બનેલ નથી જે ચકાસણી કરાવવી ઘટે.

આ ઉપરાંત મહેકમ અંગેનું નીચે દર્શાવ્યાં મુજબનું રેકર્ડ પણ રજુ કરવા વિનંતી કરવા છતં રજુ થયેલ ન હતું.

(01) યુનિવર્સિટી ખાતે સને-2011-2012 ના વર્ષમાં મહેકમ અંગે શૈક્ષણિક અને બિન શૈક્ષણિક જે તે કેડરમાં મંજૂર થયેલ અને ભરાયેલ જગ્યાઓની વિગત. (પરિ-03 મુજબના નમૂનામાં)

(61)



(02) યુનિવર્સિટી ખાતે સને-2011-2012 ના વર્ષમાં સંબધિત વિભાગોમાં હંગામી નિમણૂંકોનો ખર્ચ વાર્ષિક હિસાબમાં દર્શાવવામાં આવેલ છે.આ અંગે નીચેની વિગતો રજૂ થવી ઘટે.

(0A) હંગામી નિમણૂકો અંગે યુનિવર્સિટી દવારા જે પોલીસી નિયત કરેલ છે. સરકારશ્રીની મંજૂરી મેળવેલ હોય તો તેની નકલ રજુ થવી ઘટ.

(0B) નાણાંકીય વર્ષ દરમ્યાન કરવામાં આવેલ નિમણૂંકોની વિગત સંપૂણ રેકર્ડ સાથે.આ અંગે નિમણૂંક પહેલાં કરેલ નિમણૂંક પ્રોસીજરની વિગત રજુ થવી ઘટે.

(0C) આ અંગે કરેલ નિમણૂંકો પૈકી કયા કર્મચારી કઇ તારીખથી કઇ તારીખ સુધી યુનિવર્સિટીમાં સેવામાં રહેલ છે ? તેની વિગતો રજુ થવી ઘટે.

(03) નાણાંકીય વર્ષ દરમ્યાન નિયમિત જગ્યાઓ ઉપર કરેલ નિમણૂકોની વિગત તથા નિમણૂક અંગે અપનાવેલ પ્રોસીજરની સંપૂર્ણ વિગત રજુ થવી ઘટે.

(03) (અ) યુનિવર્સિટીના જુદા જુદા ભવનોમાં ચાલતા વિવિધ અનુસ્તાતક કોર્ષ અંગે સામેલ પરિ-04 માં દર્શાવ્યા મુજબ મંજુર થયેલ સીટો.ભરાયેલ સીટ.અટકેલ ટકાવારી.વિધાર્થીઓના પાસ/નાપાસની વિગતો તથા તેઓને મળેલ નોકરીની વિગતો રજુ કરવા વિનંતી છે.અને તેથી યુનિવર્સિટી દવારા ચલાવતા અનુસ્તાતક કોર્ષ તથા અન્ય કોર્ષ વિધાર્થીઓ માટે કેટલાં ઉપયોગી છે. યુનિવર્સિટી એકટ મુજબના ઉદ્દેશમાં કેટલા અંશે સફળ રહેલ છે.તે જાણી શકાય

(03) (બ) ઉપર (03) (અ) માં દર્શાવ્યા મુજબની વિગતો યુનિ.દવારા માન્ય કરેલ અનુસ્નાતક કેન્દ્રમાં અભ્યાસ કરતા વિધાર્થીઓની માહિતી પણ રજુ થવી ઘટે.

પ્રા.વા.નં.36 નો સંસ્થાએ જવાબ કરેલ છે.પરંતુ માંગણી મુજબની માહિતી નિયત નમૂનામાંરજુ કરવામાં આવેલ નથી.ફકરામાં જણાવેલ વિગતે પુર્તતા થવી ઘટે.

## પરિશિષ્ટ-03

### શૈક્ષણિક અને બિનશૈક્ષણિક કર્મચારીઓની વિગત

| જગ્યાનો પ્રકાર અથવા હોદ્દો | મંજુર થયેલ જગ્યા | ભરાયેલ | ખાલી જગ્યા | ખાલી રહેવાના કારણો તથા ભરવા કરેલ પ્રયત્નોની વિગત |
|---|---|---|---|---|
| શૈક્ષણિક જગ્યા | | | | |
| પ્રોફેસર | - | - | - | - |
| રીડર | - | - | - | - |
| આસી. પ્રોફેસર | - | - | - | - |
| અન્ય શૈક્ષણિક જગ્યા | - | - | - | - |
| બિન શૈક્ષણિક જગ્યા | | | | |
| સ્ટોર કીપર | - | - | - | - |
| લેબ ટેકનીશયન | - | - | - | - |
| હેડ ક્લાર્ક | - | - | - | - |
| સીની ક્લાર્ક | - | - | - | - |
| ક્લાર્ક | - | - | - | - |
| અન્ય | - | - | - | - |

નોંધઃ- સંસ્થા તરફથી ઉક્ત માહીતી રજુ થયેલ નથી.

63



## પરિશિષ્ટ-4

### યુનિવર્સિટીના ભવનોમાં વિધાર્થીઓની સંખ્યા તથા કર્મચારીઓની માહિતી --- ભવન

(આ માહિતી દરેક ભવન મુજબ અલગ અલગ આપવા વિનંતી છે.)

| અ ન | વિધાર્થી ની માહિતી વર્ષ– 2011-12 | મંજુર થયેલ સીટો | આ પૈકી ભરાયેલ સીટો | છેલ્લે અટકેલ ટકાવારી | ભરાયેલ સીટ પૈકી પાસ થયેલ વિધાર્થીઓ ની સંખ્યા | પાસ થયાની ટકાવારી | પ્રથમવર્ગ માં આવેલ વિધાર્થી ઓની સંખ્યા | પ્લેસમેન્ટની વિગતો |
|---|---|---|---|---|---|---|---|---|
| | Part-i | - | - | - | - | - | - | - |
| | Part-ii | - | - | - | - | - | - | - |
| | M.Phil | - | - | - | - | - | - | - |
| | PHD | - | - | - | - | - | - | - |
| | OTHER | - | - | - | - | - | - | - |

નોંધઃ- સંસ્થા તરફથી ઉક્ત માહીતી રજૂ થયેલ નથી.

<u>ફકરા નંબર-27</u>

**સરકારી/અર્ધસરકારી સંસ્થાને આપેલ એડવાન્સ રકમના લાંબા સમય સુધી હિસાબમેળ ન કરવા/વસુલાત ન કરવા બાબત.**

ગુજરાત યુનિવર્સિટી અમદાવાદનાં નાણાકિય વર્ષ-2011-12 ઓડિટ દરમ્યાન લેજરની ચકાસણી કરતાં નીચે દર્શાવેલ સરકારી/અર્ધસરકારી સંસ્થાઓને તેમના નામ સામે દર્શાવેલ તારીખથી કામગીરી માટે એડવાન્સ રકમ ચૂકવી/હવાલે મૂકવામાં આવેલ છે. જે નાણાંકીય વર્ષના અંત સુધી પણ વસૂલ થયેલ નથી કે સરભર થયેલ નથી. આ અંગે નીચે મુજબ ઓડીટ નોંધ આપવામાં આવે છે.

(1) રાજય સરકારનાંPWD (9313034)ડિપાર્ટમેન્ટને તારીખ-01-04-05 થી આપેલ એડવાન્સ રુપિયા 42,41,663/- બાકી ખેંચાય છે. આ સદરહું રકમ કઇ કામગીરી માટે એડવાન્સ આપેલ છે. તેની વિગતો રજુ થવા તથા સદરહું નાણા સાત વર્ષ જેટલા લાંબા સમયથી બાકી ખેંચાતી હોવા છતાં વસૂલ ન કરવા/એડજસ્ટ ન કરવા બદલ સ્પષ્ટતા થવી ઘટે. અથવા જો આ અંગે કોઇ કાર્યવાહી કરેલ હોય તો તેની વિગતો રજુ થવી ઘટે.

(2) N.T.C.( 9313035) ને આપેલ એડવાન્સ રુપિયા 1,45,068/- તારીખ-01-04-07 થી બાકી ખેંચાય છે. તો કયાં હેતુ થી આરકમ ચૂકવવામાં આવેલ છે. તથા સદરહું રકમ વસૂલ કરવા/એડજસ્ટ કરવા થયેલ કાર્યવાહીની વિગતો ઓડીટમાં રજુ થવી ઘટે.

(3) પોલીવેલન્ટ સેન્ટરને ( 9315001) રુપિયા 55,968/- તારીખ-01-04-07 થી ચૂકવેલ બાકી ખેંચાય છે. આ કેન્દ્રને કઇ કામગીરી સબબ એડવાન્સ ચૂકવેલ છે. તની વિગતો રજુ થવા તથા પાંચ વર્ષના લાંબા ગાળા દરમિયાન સબબ રકમ એડજન્ટ કરવા કરેલ કાર્યવાહીની વિગતો રજુ થવી ઘટે.

(4) સીવીલ સપ્લાય કોર્પોરેશનને ( 9313032) તારીખ-01-04-88 થી ચૂકવેલ રુપિયા 1,83,735/- નાણાંકીય વર્ષ પૂર્ણ થતાં સુધી બાકી ખેંચાય છે. તો સદરહું રકમ કઇ બાબત ચૂકવેલ છે અને આટલા લાંબાસમય સુધી આ રકમ વસૂલ/એડજસ્ટ કરવાના પ્રયત્નોની વિગતો રજુ થવી ઘટે તેમજ સદરહું રકમ વસૂલ/એડજસ્ટ કરી આધાર સહ ઓડીટને ખાતરી કરાવવી ઘટે.

(85)



ઉપરોક્ત દર્શાવ્યા મજબની વિગતો રજુ થવા તથા એડવાન્સ ચૂકવેલ રકમ વસૂલ કરી ઓડીટને રજુ થવી ઘટે.

વસુલાતની રકમ/એડજસ્ટ કરવાની રકમ

PWD 42,41,663/-

N.T.C. 1,45,068/-

પોલીવેલન્ટ સેન્ટર 55,968/-

સીવીલ સપ્લાય કોર્પોરેશન 1,83,735/-

કુલ46,26,434/-

પ્રા.વા.નં. 37નો સંસ્થાએ જવાબ રજુ થયેલ નથી.

<u>ફકરા નંબર-28</u>

**લાંબા સમયથી પડી રહેલ સ્ટીલ-સીમેન્ટના સ્ટોક એકાઉન્ટ બાબત.**

ગુજરાત યુનિવર્સિટી અમદાવાદનાં નાણાકિય વર્ષ-2011-12 ના લેજરની ચકાસણી કરતાં નીચે દર્શાવ્યા મુજબ સ્ટીલ અને સીમેન્ટના સ્ટોક એકાઉન્ટ બાકી ખેંચાય છે.

સ્ટીલ અને સીમેન્ટ સ્ટોકની વિગત

| અ નં | વિગત | રકમ | કયારથી બાકી ખેંચાય છે. |
|---|---|---|---|
| 1 | સ્ટીલ સ્ટોક એકાઉન્ટ(9202000) | 8735/- | 01-04-03 |
| 2 | સીમેન્ટ સ્ટોક એકાઉન્ટ(9203000) | 1,33,483/- | 01-04-97 |

ઉપર દર્શાવેલ સ્ટીલ અને સીમેન્ટનો સ્ટોક એકાઉન્ટ. એકાઉન્ટ સામે દર્શાવેલ તારીખથી બાકી ખેંચાય છે. સદરહું સ્ટોક એકાઉન્ટ જો સ્ટોકમાં હોય તો પણ સીમેન્ટ બીન ઉપયોગી નકામો થઇ ગયો હોય અને સ્ટીલને પણ કાટ લાગી ગયો હોય તેમજ તેને વપરાશમાં લઇ શકાય તેવી પરિસ્થિતિમાં રહે નહી. આટલા લાંબા સમય સુધી સદરહું સ્ટોકનો ઉપયોગ ન કરવા અંગે સ્પષ્ટતા થવી ઘટે.

વધુંમાં સદરહું બન્ને સ્ટોકના સ્ટોક રજીસ્ટર ઓડીટમાં રજુ થવા ઘટે જેથી તેનો જથ્થો કિંમત અને કયાં હેતુથી ખરીદેલા હતા તે અંગેની વિગત જાણી શકાય. પણ રજુ થયેલ નથી.

પ્રા. વા. નં. 38નો સંસ્થાએ જવાબ રજુ થયેલ નથી.

(67)



ફકરા નંબર-29

ખાનગી પેઢીઓને ઓન એકાઉન્ટ ચુકવેલ રકમ ખર્ચ તરીકે દર્શાવવા તથા તા-01-04-88 થી બાકી ખેંચાતી 32.91 કરોડની રકમો એડજસ્ટ/વસુલ ના કરવા બાબત.

(૧) ગુજરાત યુનિવર્સીટી અમદાવાદના સને 2011-2012ના વાર્ષિક હિસાબોની ચકાસણી કરતા જણાયેલ છે કે યુનિવર્સીટી દ્વારા જુદી જુદી પેઢીઓને ચીજ વસ્તુઓ, સાધન સામગ્રીની ખરીદીપેટે તેમજ કોઈ સેવા પુરી પાડવા બદલ કે પરીક્ષાને લગતી કામગીરી કરવા બદલ ઓન એકાઉન્ટ મુજબ ચુકવણુ કરવામા આવે છે. પરંતુ આ પ્રકારે આપેલ રકમોનાહિસાબો જે તે નાણાકીય વર્ષમા સરભર કરવામા આવેલ નથી અને સામેલ પરિશિષ્ટ-05 ની વિગતે રૂ. 329177578/- 01-04-88થી તા-31-03-12 સુધીની રકમો સરભર થયેલ નથી. નીચે દર્શાવેલ પાર્ટીઓ પાસે એક કરોડથી વધુ રકમ બાકી રહેલ છે.

નીચે દર્શાવેલ પાર્ટીઓ પાસે એક કરોડથી વધુ રકમ બાકી રહેલ છે.

| અ.નં. | પાર્ટીનુ નામ | દેવાની તારીખ | કોડ નંબર | તા. 31-03-12 સુધી બાકી રકમ રૂ. (કરોડમા) | તા. 31-03-15 સુધી બાકી રકમ રૂ. (કરોડમા) |
|---|---|---|---|---|---|
| 1 | હર્ષદ શાહ એન્ડ કું. | 01-04-07 | 9351040 | 1.23 | |
| 2 | એમ.એસ.વર્ધમાન પ્રી.પ્રા. | 01-04-08 | 9351059 | 1.58 | |
| 3 | એમ.એસ.પટેલ બ્રધર્સ | 01-04-09 | 9351061 | 3.34 | |
| 4 | એમ.એસ.વોલ્ટસ લી. | 01-04-09 | 9351063 | 2.63 | |
| 5 | ઉદય બિલ્ડ પ્રા. | 01-04-10 | 9351041 | 12.07 | |
| 6 | એમ. એસ. હર્ષદ શાહ | 18-11-11 | 9351066 | 1.36 | |

| | | | | | |
|---|---|---|---|---|---|
| | | | | | |
| 7 | એમ.એસ.સ્નેહલ કન્સટ | 26-03-12 | 9351069 | 6.42 | |
| 8 | ફેનિક ઈન્ફ્રા | 01-04-10 | 9351077 | 1.63 | |
| 9 | પેક્ષા એસોસિએટ | 29-03-12 | 9351083 | 1.75 | |
| 10 | હીટાચી હોમ એન્ડ લાઈફ સોલ્યુસન | 26-03-12 | 9351080 | 1.21 | |

તો આ રકમો વસૂલ ન કરવા/સરભર ના કરવા બદલ સ્પષ્ટતા થવી ઘટે.

(૨) સામેલ પરિશિષ્ટ જોતા આ ઓન એકાઉન્ટ બાકી રકમો તા-01-04-88થી અને ત્યારબાદ જુદા જુદા સમયથી બાકી છે. આમ, 1988 થી ઓન એકાઉન્ટ ચુક્વેલ રકમ બાકી રહેવા અંગે સ્પષ્ટતા થવા તથા આ પાર્ટીઓ સાથે આ અંગે પત્ર વ્યવહાર થયેલ હોય તો તે પણ રજુ કરવો ઘટે.(૩) પેઢીઓ પાસેથી માલ સામાન કે કોઈપણ પ્રકારની સેવા મેળવ્યા સિવાય એડવાન્સ રજિસ્ટરે ખર્ચની નોંધ કર્યા સિવાય ઓન એકાઉન્ટ ચુકવણુ કયા આધારે કરવામા આવેલ છે. તેની સ્પષ્ટ્તા થવી ઘટે.(૪) ખરીદ પધ્ધતી મુજબ કોઇપણ વેપારી પાસેથી માલસામાન ખરીદી અંગેના કે તેની પાસેથી લીધેલ કોઈપણ પ્રકારની સેવાના બિલો રજુ થયા બાદ જ જે તે સદરે ખર્ચ પાડી ચુકવણુ કરી શકાય. આમ, ખાસ જોગવાઈના આધારે કે પેઢી સાથે કરાર કરવામા આવેલ હોય તો પણ નાણાકીય નિયમોને આધિન એડવાન્સ રકમ ચુકવી શકાય નહિ તેમ છતા કોઈ સંજોગોમા એડવાન્સ રકમ ચુકવ્યા સિવાય ખરીદી કે સેવા શક્ય ન હોય તો પણ એડવાન્સ તરીકે આપેલ રકમની એડવાન્સ રજિસ્ટરે નોંધ કરી એડવાન્સ સદરે ઉધારી (પાકા સદરે ખર્ચ પડે નહિ) જ્યારે જ્યારે તે અંગેના બિલો રજુ કરવામા આવે ત્યારે ત્યારે આપેલ એડવાન્સની રકમ માથી સરભર કરવાની રહે જે પ્રથાનુ યુનિવર્સીટી ખાતે પાલન થતુ નથી અને ઓન એકાઉન્ટ રકમ આપવાના કારણે ગંભીર ગેરરીતી થવાનો પુરેપુરી સંભાવના રહેલ છે તો આવી પરિસ્થિતી ઉપસ્થિત ન થાય તે માટે યુનિવર્સીટી દ્વારા શું પગલા લીધેલ છે તે અંગે ઓડીટને ખાત્રી કરાવવી ઘટે.

અગાઉના અન્વેષણમા પણ આ બાબતે ધ્યાન દોરવા છતા પ્રથા ચાલુ રાખવામા આવેલ છે જે ઉચિત નથી. આ પ્રથા સત્વરે બંધ કરવા ઓડીટનુ સુચન છે.

(6) ઉપર દર્શાવ્યા મુજબ વર્ષના અંતે રૂ. 329177578/- વસૂલ કરવાના/સરભર કરવાનાબાકી છે. ખરેખર આ રકમ ખર્ચ કરવા આપેલ છે અને ખર્ચ પણ થયેલ જ હશે પરંતુ નાણાકીય વર્ષમા સરભર કરવાની બાકી છે અને તેથી તેટલા અંશે ખર્ચ ઓછો નોંધાયેલ ગણાય

આમ ઉપર દર્શાવ્યા મુજબ નાણાકીય વર્ષના અંતે રૂ. 329177578/- ચુકવેલ એડવાન્સ/ઓન એકાઉન્ટ રકમ સરભર/વસુલ કરવાની રહે. આ રકમો પૈકી વસુલ કરવાપાત્ર રકમ વાર્ષિક 08 % ના દરે વ્યાજ સહિત સંબંધિત/જવાબદારની વસુલ થવી ઘટે. તેમજ આ રકમો એડવાન્સ તરીકે ચુકવ્યા બાદ સમયસર એડજસ્ટ/વસુલ ન કરવા સબબ સબંધિત સામે ધોરણસરની કાર્યવાહી કરવા વિનંતી છે.

(7) આ સાથે સામેલ રાખેલ પરિશિષ્ટ-06 માં દર્શાવેલ રકમ રુપિયા 63920725/- ખાનગી પાર્ટીઓ પાસેથી છેલ્લા ત્રણ નાણાકીય વર્ષમાં કોઇ વ્યવહાર થયેલ ન હોવા છતાં બાકી રહેલ છે.

(8) પરિશિષ્ટનાં કોલમ નં-06 માં દર્શાવ્યાં મુજબ તારીખ-31-03-15 નાં રોજ રુપિયા 250179047/- સરભર કરવાનાં બાકી રહેલ છે.જે સુચવ્યાં મુજબની કાર્યવાહી થવી ઘટે.

ટાઈમલીમીટ એકટની જોગવાઇ મુજબ ત્રણ નાણાકીય વર્ષ દરમિયાન કોઇ લેવડ-દેવડ ન થાય અને રકમ બાકી રહે તો કાયદેસરની કાર્યવાહી કરવામાં મુશ્કેલી ઉપસ્થિત થાય તો આટલી મોટી રકમ વસૂલ કરવા

માટે જો કોઇ કાયદેસરની કાર્યવાહી કરેલ હોય તો તેની વિગતો રજુ થવા અન્યથા આવી કાર્યવાહી ન કરવા અંગે સ્પષ્ટતા થવી ઘટે.

સંસ્થાએ પ્રા.વાં.નં. 40/ જવાબ કરેલ છે.જવાબ ફકરાને અનુરૂપ ન હોઇ ગ્રાહ્ય રાખી શકાય તેમ નથી.વાધા હેઠળ 329177578/-

(71)



## પરિશિષ્ટ-05 ફકરા નંબર-29

## ગુજરાત યુનિવર્સિટી દવારા ચુકવેલ ગુજરાત યુનિવર્સિટી ઓન અકાઉન્ટની વિગત દર્શાવતું પત્રક

| નં | પાર્ટીનું નામ | દેવાની તારીખ | ખર્ચ કોડ નંબર | રકમ વર્ષ-2010-2011 | રકમ વર્ષ-2014-2015 |
|---|---|---|---|---|---|
| 01 | 02 | 03 | 04 | 05 | 06 |
| 01 | સીવીલ સપ્લાય | 01-04-88 | 9313032 | 183735 | 183735 |
| 02 | એલ.ટી.સી.એડ જી.પી.એફ.સ્ટાફ | 01-04-88 | 9320015 | 78096 | 78096 |
| 03 | સી.એમ.સી.લી. | 01-04-92 | 9331210 | 132132 | 132132 |
| 04 | આર.ઓ.બી.(વાટર સપ્લાય) | 01-04-95 | 9351010 | 48000 | 48000 |
| 05 | ડમી નો વર્ક | 01-04-96 | 9311010 | 277845 | 277845 |
| 06 | પોલીવેલન્ટ કેડર એડ. | 01-04-96 | 9315001 | 55968 | 55968 |
| 07 | નીશાન ઓફસેટ | 01-04-98 | 9351017 | 500000 | 500000 |
| 08 | એલ.ટી.સી.એડ.પ્રેસ | 01-04-01 | 9320008 | 25463 | 183735 |
| 09 | એડલ્ટ એજયુકેશન | 01-04-03 | 9310003 | 74549 | 74549 |
| 10 | એસ.પી.એલ.લોન એ.સી.સ્ટાફ ડી.એફ | 01-04-03 | 9320014 | 77759 | 77759 |
| 11 | હર્ષા કન્સ્ટ્ર | 01-04-04 | 9351036 | 33318 | 33318 |
| 12 | પી.ડબ્લ્યુ.ડી. | 01-04-05 | 9313034 | 4241663 | 4241663 |
| 13 | યુ.એસ.વી.પી.જી.ડી.ઇ.એ.એડ. | 01-04-06 | 9305003 | 1813204 | 1813204 |
| 14 | ડી.પી.ઇ.એડ.લોકલ સ્પોર્ટસ | 01-04-06 | 9309003 | 238536 | 238536 |
| 15 | એડ.એ.સી.એફ.વાય.બીકોમએડમી. | 01-04-06 | 9322000 | 63000 | 63000 |
| 16 | કે કપુર | 01-04-06 | 9331202 | 621643 | 621643 |
| 17 | જય વિજય કન્સ્ટ્ર | 01-04-06 | 9351044 | 5716871 | 5716871 |
| 18 | સેમ ઇલેકટ્રોનિક્સ | 01-04-06 | 9351046 | 4076963 | 4076963 |
| 19 | જે.કે.એન્જી. | 01-04-06 | 9351048 | 7396381 | 7396381 |
| 20 | એન.ટી.એલ. | 01-04-07 | 9313035 | 145068 | 145068 |
| 21 | અનીલ પ્રિન્ટર્સ પ્રા.લી. | 01-04-07 | 9351004 | 1231370 | 1231370 |

72



| | | | | | |
|---|---|---|---|---|---|
| 22 | હર્ષદ શાહ એન્ડ ક. | 01-04-07 | 9351040 | 12365112 | 12365112 |
| 23 | એમ.એસ.જય વિજય કન્સ્ટ્ર | 01-04-07 | 9351052 | 1913099 | 1913099 |
| 24 | સી પ્રેસ | 01-04-08 | 9351016 | 3756200 | 3756200 |
| 25 | વિનય કન્સ્ટ્ર | 01-04-08 | 9351037 | 119997 | 119997 |
| 26 | ડીજીટલ એન્જી.પ્રો.પ્રા. | 01-04-08 | 9351047 | 112416 | 112416 |
| 27 | એમ.એસ.સુઝકો ઇન્ટીરીયમ | 01-04-08 | 9351055 | 1773149 | 1773149 |
| 28 | એમ.એસ.પટેલ ફાઉન્ડેશન | 01-04-08 | 9351058 | 910123 | 910123 |
| 29 | એમ.એસ.વર્ધમાન પ્રી.પ્રા. | 01-04-08 | 9351059 | 15769296 | 15769296 |
| 30 | હેમંત કે શાહ | 06-01-12 | 9351064 | 2335894 | 2335894 |
| 31 | એમ.એસ.રોલર કન્સ્ટ્ર | 11-08-11 | 9351067 | 1054912 | 1072293 |
| 32 | યુ.એસ.સી સેન્ટ્રલ લેબ | 01-04-09 | 9304011 | 72093 | 72093 |
| 33 | બી.બી.એ.એડ | 01-04-09 | 9306003 | 3664962 | 6872821 |
| 34 | ગુજરાત કન્સ્ટ્ર.કો. | 01-04-09 | 9351038 | 8127762 | 8127762 |
| 35 | પટેલ કન્સ્ટ્ર | 01-04-09 | 9351039 | 254001 | 254001 |
| 36 | પટેલ કન્સ્ટ્ર | 01-04-09 | 9351050 | 251000 | 251000 |
| 37 | એમ.એસ.જે.કે.એન્જી. | 01-04-09 | 9351051 | 1713600 | 1713600 |
| 38 | સમવીત બીલ્ડ કેર | 06-08-11 | 9351060 | 4613004 | 1045067 |
| 39 | એમ.એસ.પટેલ બ્રધર્સ | 31-03-12 | 9351061 | 33491722 | 4304093 |
| 40 | એમ.એસ.વોલ્ટસ લી. | 13-02-12 | 9351063 | 2631660 | 2631660 |
| 41 | શ્રી ચીતરા જુથ પ્રા. | 14-03-12 | 9351065 | 3037351 | 721755 |
| 42 | એમ.એસ.મનીયાર એસો. | 01-04-09 | 9351068 | 67547 | 67547 |
| 43 | ઈરીડીયમ ટેકનોલોજીસ | 17-05-11 | 9351072 | 2149304 | 742612 |
| 44 | મોહતા ઈલે.એન્ડ.એન્જી.કું. | 01-04-09 | 9351073 | 1160547 | 0 |
| 45 | યુ.એસ.સી એડ.બોટની ડીપા. | 01-04-10 | 9304005 | 2637601 | 1040597 |
| 46 | યુ.એસ.સી કેમેસ્ટ્રી | 01-04-10 | 9304006 | 7110120 | 8992085 |
| 47 | યુ.એસ.સી ફીઝીકસ | 01-04-10 | 9304007 | 761659 | 1744303 |
| 48 | યુ.એસ.સી ઝુલોજી | 01-04-10 | 9304009 | 655132 | 365504 |

(73)



| | | | | | |
|---|---|---|---|---|---|
| 49 | યુ.એસ.સી માઇક્રોબાયોલોજી | 01-04-10 | 9304010 | 2113968 | 811617 |
| 50 | યુ.એસ.સી જીઓગ્રાફી | 01-04-10 | 9304012 | 32756 | 59824 |
| 51 | એડી.ફોરેન્સીક સાયન્સ | 01-04-10 | 9304017 | 62000 | 32000 |
| 52 | ઉદય બીલ્ડ પ્રા. | 01-04-10 | 9351041 | 12078552 | 2386113 |
| 53 | સીવીક ઓરગેનીકસ | 01-04-10 | 9351057 | 371911 | 371911 |
| 54 | એમ.એસ.જે.સી.બીલ્ડર્સ | 27-08-11 | 9351062 | 229420 | 229420 |
| 55 | એમ.એસ.હર્ષદ શાહ | 18-11-11 | 9351066 | 13684995 | 13840298 |
| 56 | એમ.એસ.સ્નેહલ કન્સ્ટ્ર | 26-03-12 | 9351069 | 64231883 | 49721740 |
| 57 | કોમ્પ્લાસ્ટ કોર્પોરેશન | 01-04-10 | 9351074 | 862373 | 0 |
| 58 | શ્રી ઈન્ફ્રાકોન પ્રા.લિ. | 31-03-12 | 9351075 | 5743839 | 5743839 |
| 59 | માલીબુ ટે.પ્રા.લિ. | 01-04-10 | 9351076 | 28125 | 0 |
| 60 | ફેનીક ઈન્ફ્રા. | 01-04-10 | 9351077 | 16254897 | 16254897 |
| 61 | બ્યુસ્ટાર લિ. | 31-03-12 | 9351078 | 8819029 | 149370 |
| 62 | એચ. એફ. લોખંડવાલા | 02-11-10 | 9351082 | 2042341 | 2042341 |
| 63 | વીપુલ પંડયા | 31-03-12 | 9351079 | 109164 | 109164 |
| 64 | પેક્ષા એસોસિએટ | 29-03-12 | 9351083 | 17542615 | 9466817 |
| 65 | હીટાચી હોમ એન્ડ લાઈફ સોલ્યુસન | 26-03-12 | 9351080 | 12189789 | 12189789 |
| 66 | હોક ગ્લોબલ વેન્ચર | 25-01-12 | 9351081 | 6551472 | 6551472 |
| 67 | કોમ્ફાય ફર્નિચર સેન્ટર | 31-03-12 | 9351084 | 2916989 | 183887 |
| 68 | રેલર સેન્ટર | 11-08-11 | 9351067 | 1072293 | 1072293 |
| 69 | કોમબાસ્ટ કોર્પો. | 31-03-12 | 9351074 | 862373 | 862373 |
| 70 | રવિ.એન્જી. | 01-04-04 | 9351029 | 66253 | 66253 |
| 71 | પટેલ કન્સ્ટ્ર | 01-04-04 | 9351030 | 48461 | 48461 |
| 72 | અંદીતી એરકંડીશનીગ | 13-02-12 | 9351092 | 1243000 | 1243000 |
| 73 | પ્રેક્ષા ઈન્ટીરીયર | 31-03-12 | 9351091 | 3828816 | 3828816 |
| 74 | ધરા સેલ્સ એજન્સી | 06-03-12 | 9351090 | 7994480 | 7994480 |
| 75 | એમ એસ વીક્ટોર્સ | 18-10-11 | 9351089 | 108290 | 108290 |

74



| | | | | | |
|---|---|---|---|---|---|
| 76 | નવકાર કેમીલલ્સ | 05-10-11 | 9351088 | 38948 | 38948 |
| 77 | ફેરવે માર્કેટીંગ | 25-07-11 | 9351087 | 2240000 | 2240000 |
| 78 | ડેસ્ટીની ઝોન સીક્યુરીટી | 18-10-11 | 9351086 | 5840753 | 5840753 |
| 79 | સીવીલ ઓરગાનીસર | 18-10-11 | 9351057 | 371911 | 371911 |
| 80 | ફ્રવાનીકન્સ્ટ્ર. | 01-04-06 | 9351045 | 55055 | 55055 |
| | કુલ | | | **329177578** | 250179047 |

(75)



## પરિશિષ્ટ–06 ફકરા નંબર–29

## ગુજરાત યુનિવર્સિટી દવારા ચુકવેલ ગુજરાત યુનિવર્સિટી ઓન અકાઉન્ટની છેલ્લા ત્રણ નાણાકીય વર્ષમાં કોઇ વ્યવહાર થયેલ ન હોય તેની વિગત દર્શાવતું પત્રક

| અ નં | પાર્ટીનું નામ | દેવાની તારીખ | ખર્ચ કોડ નંબર | રકમ વર્ષ–2010-2011 | રકમ વર્ષ–2014-2015 |
|---|---|---|---|---|---|
| 01 | 02 | 03 | 04 | 05 | 06 |
| 01 | સીવીલ સપ્લાય | 01-04-88 | 9313032 | 183735 | 183735 |
| 02 | એલ.ટી.સી.એડ જી.પી.એફ.સ્ટાફ | 01-04-88 | 9320015 | 78096 | 78096 |
| 03 | સી.એમ.સી.લી. | 01-04-92 | 9331210 | 132132 | 132132 |
| 04 | આર.ઓ.બી.(વાટર સપ્લાય) | 01-04-95 | 9351010 | 48000 | 48000 |
| 05 | ડપી ની વર્ક | 01-04-96 | 9311010 | 277845 | 277845 |
| 06 | પોલીવેલન્ટ કેડર એડ. | 01-04-96 | 9315001 | 55968 | 55968 |
| 07 | નીશાન ઓફસેટ | 01-04-98 | 9351017 | 500000 | 500000 |
| 08 | એલ.ટી.સી.એડ.પ્રેસ | 01-04-01 | 9320008 | 25463 | 25463 |
| 09 | એડલ્ટ એજયુકેશન | 01-04-03 | 9310003 | 74549 | 74549 |
| 10 | એસ.પી.એલ.લોન એ.સી.સ્ટાફ ડી.એફ | 01-04-03 | 9320014 | 77759 | 77759 |
| 11 | હર્ષા કન્સ્ટ્ર | 01-04-04 | 9351036 | 33318 | 33318 |
| 12 | પી.ડબ્લ્યુ.ડી. | 01-04-05 | 9313034 | 4241663 | 4241663 |
| 13 | યુ.એસ.વી.પી.જી.ડી.ઇ.એ.એડ. | 01-04-06 | 9305003 | 1813204 | 1813204 |
| 14 | ડી.પી.ઇ.એડ.લોકલ સ્પોર્ટ્સ | 01-04-06 | 9309003 | 238536 | 238536 |
| 15 | એડ.એ.સી.એફ.વાય.બીકોમએડમ ι. | 01-04-06 | 9322000 | 63000 | 63000 |
| 16 | કે કપુર | 01-04-06 | 9331202 | 621643 | 621643 |
| 17 | જય વિજય કન્સ્ટ્ર | 01-04-06 | 9351044 | 5716871 | 5716871 |
| 18 | સેમ ઇલેક્ટ્રોનિક્સ | 01-04-06 | 9351046 | 4076963 | 4076963 |
| 19 | જે.કે.એન્જી. | 01-04-06 | 9351048 | 7396381 | 7396381 |

(76)



| | | | | | |
|---|---|---|---|---|---|
| 20 | એન.ટી.એલ. | 01-04-07 | 9313035 | 145068 | 145068 |
| 21 | અનીલ પ્રિન્ટર્સ પ્રા.લી. | 01-04-07 | 9351004 | 1231370 | 1231370 |
| 22 | હુર્ષદ શાહ એન્ડ કં. | 01-04-07 | 9351040 | 12365112 | 12365112 |
| 23 | એમ.એસ.જય વિજય કન્સ્ટ્ર | 01-04-07 | 9351052 | 1913099 | 1913099 |
| 24 | સી પ્રેસ | 01-04-08 | 9351016 | 3756200 | 3756200 |
| 25 | વિનય કન્સ્ટ્ર | 01-04-08 | 9351037 | 119997 | 119997 |
| 26 | ડીજીટલ એન્જી.પ્રો.પ્રા. | 01-04-08 | 9351047 | 112416 | 112416 |
| 27 | એમ.એસ.સુઝકો ઇન્ટીરીયમ | 01-04-08 | 9351055 | 1773149 | 1773149 |
| 28 | એમ.એસ.પટેલ ફાઉન્ડેશન | 01-04-08 | 9351058 | 910123 | 910123 |
| 29 | એમ.એસ.વર્ધમાન પ્રી.પ્રા. | 01-04-08 | 9351059 | 15769296 | 15769296 |
| 30 | રવિ.એન્જી. | 01-04-04 | 9351029 | 66253 | 66253 |
| 31 | પટેલ કન્સ્ટ્ર | 01-04-04 | 9351030 | 48461 | 48461 |
| 32 | હુરવાનીકન્સ્ટ્ર. | 01-04-06 | 9351045 | 55055 | 55055 |
| | કુલ | | | **63920725** | **63920725** |

ફકરા નંબર-30

**પગાર ખર્ચની વાઉચરોમાં વિગતોની માહિતી ઉપલબ્ધ ના હોવા બાબત.**

ગુજરાત યુનિવર્સિટી અમદાવાદનાં સને-2011-12 નાં અન્વેષણ દરમ્યાન સંસ્થા તરફથી રજુ કરવામાં આવેલ ખર્ચ વાઉચરો અંગે રેકર્ડ સાથે નમુનારૂપ ચકાસણી કરતાં નીચે મુંજબની અનિયમિતતા ઓડીટનાં ધ્યાને આવેલ છે.

સામેલ પરિશિષ્ટ-07 માં દર્શાવેલ વાઉચરોથી રૂપિયા 14100595.47ના પગાર ભથ્થાને લગતો નેટ ખર્ચ થયેલ છે.

સપ્ટેમ્બર પેઈડ ઇન ઓક્ટોમ્બર ના પગાર ભથ્થાના વાઉચરોથી સદરહું વાઉચરોમાં કોડ,મુળપગાર,મોંઘવારી,ભથ્થાઓ વિગેરેની કુલ રકમ દર્શાવી તેમાંથી કપાતોની રકમ,કુલ રકમ દર્શાવી તે રકમ કુલ પગારમાંથી બાદ કરી ચોખ્ખી ચુકવવા પાત્ર રકમ દર્શાવવામાં આવે છે.વધુમાં આ વાઉચરોમાં ડીપાર્ટમેન્ટનું નામ અને કુલ કર્મચારીઓની સંખ્યા દર્શાવવામાં આવે છે.જે કર્મચારીઓની કુલ સંખ્યા 577 થયેલ છે.આ વિગતના વાઉચરો ફકત આઉટર ફોર્મ જ છે.આ અંગે નીચે મુજબ ઓડીટ નોંધ આપવામાં આવે છે.

1 ઉપર દર્શાવ્યા મુજબ કર્મચારીઓ સંખ્યા લખી કુલ પગાર મોંઘવારી,ભથ્થા વિગેરે દર્શાવવામાં આવે છે.પરંતુ કર્મચારીવાર મુળ પગાર મોંઘવારી,અન્ય ભથ્થાઓ તથા કર્મચારીવાર કપાતની વિગતો ઉપલબ્ધ થતી નથી અને તેથી કર્મચારીઓને ચુકવેલ મુળ પગારની સેવાપોથીમાં દર્શાવેલ મુળ પગાર સાથે ચકાસણી શકય બનતી નથી.

આ ઉપરાંત દરેક કર્મચારીની મુળ પગારના અભાવે ચુકવેલ મોંઘવારી,મકાન ભાડા,સ્થાનિક વળતર ભથ્થું વિગેરે તથા કપાત કરવામાં આવતી રકમો પણ નિયમોનુસાર આકારેલ/કપાત થયાની ચકાસણી થઈ શકેલ નથી.

2 યુનિવર્સિટી દવારા તેઓના કોમ્પ્યુટર પોગ્રામાં આ અંગેનો ડેટા રાખવાની પ્રથા છે.તથા જરુરિયાત મુજબ ડેટામાં સુધારા-વધારા કરી,દરેક માસના ઉપર મુજબ પગાર બીલોના આઉટર ફોર્મ વાઉચર સાથે રાખવામાં આવે છે.પરંતુ કર્મચારીઓની વિગત મુજબ પુરેપુરી પ્રીન્ટ લેવામાં આવતી ના હોઇ યુનિવર્સિટી કક્ષાએ કોઇ અધિકારી દવારા પણ આ બાબતની ચકાસણી થતી ન હોવાનું જણાય છે.તો આ અંગે સ્પષ્ટતા કરી કર્મચારીવાર પગાર ભથ્થા કપાત વિગેરેની વિગત સાથેનું બીલ તૈયાર કરી રજુ કરવા વિનંતી છે.

3 ઉપર દર્શાવ્યા મુજબની બારે માસ મુજબની વિગતો તૈયાર કરી ઓડીટમાં રજુ થવા વિનંતી છે.

4મંજર થયેલ જગ્યા સામે મેળવણું કરી માહીતી રજુ થવી ઘટે.

પ્રા.વા.નં. 41નો સંસ્થાએ જવાબ કરેલ છે. ફકરામાં જણાવેલ વિગતે પર્તતા થયેલ નથી.

વાંધાની પૂર્તતા થતાં સુધી દર્શાવેલ ખર્ચ રૂપિયા 14100595.00 વાંધા હેઠળ રાખવામાં આવે છે.

વાંધા હેઠળ રકમ 14100595.00

(79)



## પરિશિષ્ટ-07 ફકરા નંબર-30

### યુનિવર્સિટીના કર્મચારીઓના સપ્ટેમ્બર પેઈડ ઇન ઓકટોમ્બર ના પગાર બીલોની વિગત દર્શાવતું પરિશિષ્ટ

| અ.નં. | વા.નં. | તારીખ | નેટ રકમ | નોંધ | કર્મચારીઓની સંખ્યા |
|---|---|---|---|---|---|
| 1 | 2 | 3 | 4 | 5 | |
| 01 | 4115 | 01-10-2011 | 1246041.73 | UNI.OFFICE | 76 |
| 02 | 4116 | 01-10-2011 | 857104.09 | EXAMINATION | 63 |
| 03 | 4117 | 01-10-2011 | 40551.23 | P A TO V C | 2 |
| 04 | 4118 | 01-10-2011 | 167960.00 | V C | 2 |
| 05 | 4119 | 01-10-2011 | 133200.52 | R M O | 15 |
| 06 | 4120 | 01-10-2011 | 113440.56 | HOSTELS | 9 |
| 07 | 4121 | 01-10-2011 | 150187.47 | D P E | 7 |
| 08 | 4122 | 01-10-2011 | 56156.55 | YOUTH WELFARE | 4 |
| 09 | 4123 | 01-10-2011 | 543333.92 | ESTATE | 49 |
| 10 | 4124 | 01-10-2011 | 490757.78 | COM CENTRE | 22 |
| 11 | 4125 | 01-10-2011 | 640536.67 | U S PSYCHO T | 10 |
| 12 | 4126 | 01-10-2011 | 83262.50 | U S PSYCHO NT | 7 |
| 13 | 4127 | 01-10-2011 | 32799.10 | I A S | 3 |
| 14 | 4128 | 01-10-2011 | 1043857.32 | U S LANG T | 17 |
| 15 | 4129 | 01-10-2011 | 65809.39 | U S LANG NT | 5 |
| 16 | 4130 | 01-10-2011 | 1193195.96 | U S SO SC T | 19 |
| 17 | 4131 | 01-10-2011 | 143965.04 | U S SO SC NT | 10 |
| 18 | 4132 | 01-10-2011 | 3022988.24 | U S SC T | 45 |
| 19 | 4133 | 01-10-2011 | 916901.34 | U S SC NT | 65 |
| 20 | 4134 | 01-10-2011 | 426090.14 | LIBRARY | 35 |

| | | | | | |
|---|---|---|---|---|---|
| 21 | 4135 | 01-10-2011 | 36778.97 | LIBRARY SC T | 2 |
| 22 | 4136 | 01-10-2011 | 27788.00 | C A C E W | 2 |
| 23 | 4137 | 01-10-2011 | 222960.65 | PRAKASHAN | 16 |
| 24 | 4138 | 01-10-2011 | 410477.84 | MANAGEMENT | 8 |
| 25 | 4139 | 01-10-2011 | 88054.35 | MANAGEMENT NT | 8 |
| 26 | 4140 | 01-10-2011 | 408966.00 | U S COM T | 6 |
| 27 | 4141 | 01-10-2011 | 47145.77 | U S COM NT | 4 |
| 28 | 4142 | 01-10-2011 | 63975.40 | BM CENTRE NT | 5 |
| 29 | 4143 | 01-10-2011 | 79831.60 | U S LAW T | 2 |
| 30 | 4144 | 01-10-2011 | 71507.60 | SCHOOL OF LAW | 5 |
| 31 | 4145 | 01-10-2011 | 161842.00 | PENSIONER | 14 |
| 32 | 4146 | 01-10-2011 | 10562.55 | DEV COMM CENTRE | 1 |
| 33 | 4147 | 01-10-2011 | 168300.00 | ACA STA COLG T | 3 |
| 34 | 4148 | 01-10-2011 | 13543.50 | ACA STA COLG NT | 1 |
| 35 | 4149 | 01-10-2011 | 840225.74 | E M R C | 30 |
| 36 | 4150 | 01-10-2011 | 28711.10 | S T C CELL | 2 |
| 37 | 4151 | 01-10-2011 | 42663.84 | JOURNALISM T | 1 |
| 38 | 4152 | 01-10-2011 | 19683.56 | JOURNALISM NT | 2 |
| કુલ | | | **14100595.47** | | 577 |

<u>ફકરા નંબર-31</u>

યુનિવર્સિટીની વિવિધ જાહેરાતો વર્તમાનપત્રમા આપવા મંગાવેલ ટેન્ડરમાં જણાયેલ અનિયમિતતા બાબત.

ગુજરાત યુનિવર્સિટી અમદાવાદ દવારા નાણાકીય વર્ષ-2011-12 દરમિયાન વર્તમાનપત્રમાં જાહેરાત આપેલ ત્રણ વર્ષ માટે જાહેરાત એજન્ટ તરીકે કે.શાહ એન્ડ કંપનીને તારીખ-01-09-10 થી ત્રણ વર્ષ માટે જાહેરાતના એજન્ટ તરીકે નિમણૂંક કરેલ છે.આ અંગેની ફાઇલની ચકાસણી કરી નીચે મુજબની ઓડીટ નોંધ આપવામાં આવે છે.

આ અંગેની જાહેરાત કયા વર્તમાનપત્રમાં અને કયારે આપેલ છે.તેની વિગતો ફાઇલમાં ઉપલબ્ધ નથી.આ અંગેની ટેન્ડર ફી આવલ ભાવપત્રકો જોતાં રુપિયા 500/- રાખેલ છે.તેમજ ડીપોઝીટની રકમ રુપિયા 50,000/- રાખેલ છે.પરંતુ ટેન્ડર રજીસ્ટર રજુ થયેલ નથી તેથી કેટલા ટેન્ડર બજાવ્યા તેમજ કેટલા ટેન્ડરો વેચાયા તેની વિગતો જાણી શકાયેલ નથી.

હિસાબી શાખાની નોંધ જોતાં ચાર પાર્ટીઓએ ટેન્ડર ભરેલ છે.અને તેમાં સૌથી વધુ કમિશન મનીપાલ એડવટાઇન્ડીગ સર્વીસ પ્રા.લિ.દવારા 14% કમિશન ઓફર થયેલ છે.ત્યારબાદ સ્કેર કોમ્યુનીકેશન પ્રા.લિ. દવારા 13.25% કમિશન ઓફર કરેલ છે.અને ત્રીજા ક્રમે કે.શાહ એન્ડ કંપનીએ 13% કમિશન ઓફર કરેલ છે.
આ અંગેકે.શાહ એન્ડ કંપની સાથે કરવામાંઆવેલ ત્રણ વર્ષનાં કરારની નકલ રજુ થવી ઘટે.

શાખાની નોંધમાં દશાવ્યાં મુજબ ઘણા વર્ષોથી યુનિવર્સિટીની જાહેરાતનું કામ કે.શાહ એન્ડ કંપની કરેલ છે.અને તેમની સેવાઓ ખૂબજ સંતોષકારક છે.તેથી કે.શાહ એન્ડ કંપનીને કોન્ટ્રાકટ આપવા માનનીય કુલપતિશ્રીની મંજુરી મળેલછે.યુનિ.ના તારીખ-09-09-10ના પત્રથી તારીખ-01-09-10 થી 31-08-13 સુધી ત્રણ વર્ષ માટે તેઓની જાહેરાત એજન્ટ તરીકે 14 % કમિશન આપવા સંમતિપત્ર મોકલવા પત્ર લખેલ છે.અને તેઓને 14 % કમિશન આપવા સંમતિ આપેલ છે.

આ અંગે સ્કેવર કોમ્યુકેશન પ્રા.લિ.દવારા તેઓના 05-09-2010 ના પત્રથી જણાવેલ છે કે તેઓની કંપની આવલ ભાવ પત્રકોમાંL/2 છે.અને સ્વેચ્છાએ તઓએ પણ 14% કમિશન આપવા અને બે પાર્ટીને કામગીરી સોંપવા રજુઆત પણ કરવામાં આવેલ હતી.પરંતુ ધ્યાને લેવામાં આવેલ નથી આ અંગે નીચે મુજબ ઓડીટ નોંધ આપવામાં આવે છે.

(1)આવલ ભાવપત્રકોમાં સૌથી વધુ કમિશન આપનાર પાર્ટીને કામ ન આપતા અનેL/3 પાર્ટીને કામ સોંપવાથી ભાવપત્રકો મંગાવવાનો કોઇ અર્થ રહેતો નથી.અને કાયદાકીય પ્રશ્ન ઉપસ્થિત થાય તેવી શકયતા રહે છે.L/1 અને L/2 પાર્ટીઓએ તેઓ કરે છે તે કામગીરીના ઘણા બધા પુરાવા અને વિગતો રજુ કરેલ છે જયારે કે.શાહ એન્ડ કંપનીના કોઇ દસ્તાવેજો ફાઇલમાં ઉપલબ્ધ ન હોવા છતાં તેઓને કામ આપવા બદલ સ્પષ્ટતા થવી ઘટે.સબબ સ્પષ્ટતા થવા ઘટે.

ઉપરોકત બાબતે વિગતો તેમજ સ્પષ્ટતા થવા ઘટે.

સંસ્થાએ પ્રા.વાં.નં. 42/ જવાબ રજુ કરેલ છે.જવાબ ફકરાને અનુરૂપ ન હોઇ ગ્રાહ્ય રાખી શકાય તેમ નથી.

(83)



## ફકરા નંબર-32

### બગીચા ખર્ચ સંદર્ભમાં જણાયેલ અનિયમિતતા બાબત

ગુજરાત યુનિવર્સિટી અમદાવાદનાં સને-2011-12નાં અન્વેષણ દરમ્યાન બગીચા ના ખર્ચ પેટે કોડ નંબર 5704000 માં રુપિયા 27,70,720/- નો ખર્ચ ઉધારવામાં આવેલ છે.જેની વિગતો વાઉચર આધારીત પરિશિષ્ટ-08 મુજબની જણાયેલ છે.ઉકતબાબતમાં નીચે મુજબની ઓડિટ નોંધ આપવામાં આવે છે.

(01) અંદાજપત્ર મુજબ બગીચા ખર્ચ પેટે રુપિયા 20,00,000/-અંદાજેલ હતાં.જ્યારે પરિ-મુજબ ખર્ચ રુપિયા 27,70,720/- થયેલો છે.એટલે કે અંદાજ કરતાં ખર્ચ રુપિયા 7,70,720/- વધું થયેલ છે.અવાસ્તવિક અંદાજપત્ર તૈયાર કરેલ છે.જે અંગે સ્પષ્ટતા થવી ઘટે. જે અંગે સ્પષ્ટતા થયેલ નથી.

(02) સદરહું ખર્ચ સંદર્ભની ટેન્ડર પ્રકિયાની ફાઈલ ઓડિટે રજુ થવી ઘટે.જે અંગે સ્પષ્ટતા કે ફાઇલ રજુ થયેલ નથી.

(03) સદરહું ખર્ચ સંદર્ભનાં નિભાવવામાં આવેલ વર્ક રજીસ્ટર ઓડિટે રજુ રજુ થયેલ નથી.

(04) શકિત સેનેટરી માર્ટ સહકારી મંડળી લિ.નો કરાર કરેલ હોવા છતાંઅન્ય પાર્ટી પાસે કામ કરાવેલ છે.આ બાબતે સ્પષ્ટતા થવી ઘટે.જે અંગે સ્પષ્ટતા થયેલ નથી.

(05) નીચે જણાયેલ વિગતના વાઉચરોમાં પાર્ટીને ચૂકવણું કરવાના સમયે પાર્ટી તરફથી માળી કામ તેમજ સાફ સફાઇ કામમાં વિભાગનો રીપોર્ટ જોતાં કામગીરી સંતોષકારક ન હોવાની ફરીયાદો જોતા સક્ષમ અધિકારીશ્રીએ પાર્ટીએ રજુ કરેલ જુદા જુદા બીલા માંથી કુલ રકમ 65,000/-કપાત કરેલ છે.જે કાર્યવાહી જોતાં પાર્ટીની કામગીરી નબળી હોવાનું નકકી થાય છે.તો આ બાબતે આગામી સમયે આ મુદા બાબતે શું પગલા ભરવામાં આવેલ છે.તે અંગે માહિતી રજુ થવી ઘટે.અને આ બાબતમાં સ્પષ્ટતા થવી ઘટે.

### બીલોમાંથી કપાત કરેલ વાઉચરોની વિગત

| અ.નં | વા.નં | તારીખ | બીલની રકમ | ઈન્કમ ટેક્ષ કપાત | વાઉચર ની નેટ રકમ | પાર્ટીનું નામ તથા ખર્ચની વિગત |
|---|---|---|---|---|---|---|
| 6 | 2382 | 15-7-11 | 240000 | 4800 | 235200 | શકિત સેનેટરી માર્ટ સહકારી મંડળી લિ.મે-11 ના<br>બીલની રકમ 250000 છે.રુપિયા 10000 કપાત કરેલ છે. |
| 15 | 6647 | 6-1-12 | 225000 | 4500 | 220500 | શકિત સેનેટરી માર્ટ સહકારી મંડળી લિ.નવે-11 ના |

(૮૫)



| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| | | | | | | બીલની રકમ 250000 છે. રૂપિયા 25000 કપાત કરેલ છે. |
| 16 | 6648 | 6-1-12 | 220000 | 4400 | 215600 | શકિત સેનેટરી માર્ટ સહકારી મંડળી લિ.ઓક-11 ના બીલની રકમ 250000 છે. રૂપિયા 30000 કપાત કરેલ છે. |

(6) સદરહું બાબતમાં જે તે વર્ક કામ પૂર્ણ થયા બાદ બિન જરુરી માલ સામાન અંગે શું કાર્યવાહી કરવામાં આવેલ છે.તે અંગે કરેલ કાર્યવાહી નાં આધારો ઓડિટે રજુ થયેલ નથી.

(7) સરકારશ્રીના ઉધોગ અને ખાણ વિભાગના ઠરાવ ક્રમાંક નં એસ.પી.ઓ..102005-1407-21 તા. 21-11-2006 થી ઓન લાઇન ટેન્ડરની પ્રથા અમલમાં મૂકી છે.આ પ્રથા હેઠળ રુપિયા 05 લાખ કે તેથી વધુ રકમની ખરીદી,બાંધકામ,સિચાઈ તેમજ અન્ય પ્રકારની ખરીદી માટે ઈ-ટેન્ડર થી જ ખરીદી કરવાનું કે કામ સોપવાનું રહે છે.ઉકત ચકાસણી અર્થે રેકર્ડ રજુ થયેલ નથી

પ્રાથમિક વાધાનંબર 45/ નો સંસ્થા તરફથી જવાબ રજુ થયેલ છે.જે જવાબ અ.નં-8 પૈકીનો છે.વાંધામાં જણાયેલ વિગતે જવાબ અનુરૂપ ન હોવાથી ઉકત બાબતમાં જણાવ્યાં મુજબની કાર્યવાહી થવી ઘટે. **વાંધા હેઠળ રકમ 27,70,720/-**

## બગીચા સંદર્ભમાં થયેલ ખર્ચની વિગતો દર્શાવતું પરિ-08 ફકરા નં-32

| અ. નં | વા. નં | તારીખ | બીલની રકમ | ઈન્કમ ટેક્ષ કપાત | વાઉચર ની નેટ રકમ | પાર્ટીનું નામ તથા ખર્ચની વિગત |
|---|---|---|---|---|---|---|
| 1 | 944 | 12-5-11 | 145000 | 2900 | 142100 | શકિત સેનેટરી માર્ટ સહકારી મંડળી લિ.માર્ચ-11 ના |
| 2 | 1261 | 31-5-11 | 3625 | - | 3625 | ભગવતી નર્સરી એન્ડ ફાર્મ સ્કૂલ ઓફ કોમર્સ ખાતે |
| 3 | 1452 | 9-6-11 | 37500 | 750 | 36750 | શકિત સેનેટરી માર્ટ સહકારી મંડળી લિ.માર્ચ-11 ના |
| 4 | 1612 | 16-6-11 | 250000 | 5000 | 245000 | શકિત સેનેટરી માર્ટ સહકારી મંડળી લિ. એપ્રિલ-11 ના |
| 5 | 2185 | 6-7-11 | 750 | 8 | 742 | પી બી રાવલ પ્રેસ ખાતે કરાવેલ કામનાં |
| 6 | 2382 | 15-7-11 | 240000 | 4800 | 235200 | શકિત સેનેટરી માર્ટ સહકારી મંડળી લિ.મે-11 ના બીલની રકમ 250000 |
| 7 | 2701 | 2-8-11 | 250000 | 2500 | 247500 | શકિત સેનેટરી માર્ટ સહકારી મંડળી લિ. જુન-11 ના |
| 8 | 2951 | 10-8-11 | 310 | - | 310 | વા.નં2675 થી વા.નં2780 ખર્ચના રીફુપ કર્યા |
| 9 | 3573 | 7-9-11 | 250000 | 2500 | 247500 | શકિત સેનેટરી માર્ટ સહકારી મંડળી લિ.જુલાઇ-11 ના |
| 10 | 3776 | 17-9-11 | 3680 | 37 | 3643 | હરિસ ડી સરવૈયા બી કે સ્કુલ ખાત |
| 11 | 4636 | 17-10-11 | 250000 | 5000 | 245000 | શકિત સેનેટરી માર્ટ સહકારી મંડળી લિ. ઓગ-11 ના |
| 12 | 4887 | 21-10-11 | 250000 | 5000 | 245000 | શકિત સેનેટરી માર્ટ સહકારી મંડળી લિ.સપ્ટે-11 ના |
| 13 | 5081 | 4-11-11 | 2390 | - | 2390 | અંબિકા એન્જી.ઈન્ડ લૉન મુવર મશીન રીપેરીંગના |
| 14 | 6602 | 5-1-12 | 30000 | 300 | 29700 | શેલવાલા ખાતે માળી કામના |
| 15 | 6647 | 6-1-12 | 225000 | 4500 | 220500 | શકિત સેનેટરી માર્ટ સહકારી મંડળી લિ. નવે-11 ના |
| 16 | 6648 | 6-1-12 | 220000 | 4400 | 215600 | શકિત સેનેટરી માર્ટ સહકારી મંડળી |

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| | | | | | | લિ.ઓક-11 ના |
| 17 | 6769 | 10-1-12 | 1250 | - | 1250 | શેલવાલા ખાતે માળી કામના |
| 18 | 6770 | 10-1-12 | 2250 | - | 2250 | શેલવાલા ખાતે માળી કામના |
| 19 | 6771 | 10-1-12 | 2500 | - | 2500 | એસ્ટેટ વિભાગની પાછળ ભગવતી નર્સરી એન્ડ ફાર્મ સ્કૂલ ઓફ કોમર્સ ખાતે |
| 20 | 6772 | 10-1-12 | 32000 | - | 32000 | શેલવાલા ખાતે માટી નંખાવવાનાં માળી કામના જોગાજી શીવાજી વણઝારાને |
| 21 | 6784 | 10-1-12 | 4750 | 48 | 4702 | કારગીલ ગાર્ડન ખાતે વાલ્વ ખર્ચના |
| 22 | 6875 | 13-1-12 | 6390 | - | 6390 | સાયકોલોજી વિભાગમાં પ્લાન્ટેશન ભગવતી નર્સરી એન્ડ ફાર્મ |
| 23 | 6876 | 13-1-12 | 3000 | - | 3000 | શેલવાલા ખાતે માટી નંખાવવાનાં માળી કામના ગોપી નાથ બિલ્ડર્સને |
| 24 | 6877 | 13-1-12 | 1200 | - | 1200 | સાયકોલોજી વિભાગમાં પ્લાન્ટેશન ગોપી નાથ બિલ્ડર્સને |
| 25 | 7091 | 23-1-12 | 3750 | - | - | શકિત સેનેટરી માર્ટ સહકારી મંડળી લિ. ડીસે-11 ના |
| 26 | 7410 | 2-2-12 | 250000 | 5000 | 245000 | શકિત સેનેટરી માર્ટ સહકારી મંડળી લિ. ડીસે-11 ના |
| 27 | 7617 | 13-2-12 | 4300 | 43 | 4257 | સમાજભવન તથા સાયકો. ની વચ્ચે પાળી બાનાવવાના શ્રી કે એમ મકવાણાને |
| 28 | 7799 | 18-2-12 | 9100 | - | 9100 | સાયકો. સમાજભવન વચ્ચે પ્લાન્ટેશન જોગાજી શીવાજી વણઝારાને |
| 29 | 7835 | 18-2-12 | 3525 | - | 3525 | કેન્ટીન તથા એન આર એસ ગાર્ડન બનાવવાના ભગવતી નર્સરી એન્ડ ફામ |
| 30 | 7836 | 13-2-12 | 12900 | - | 12900 | સાયકોલોજી વિભાગમાં પ્લાન્ટેશન ભગવતી નર્સરી એન્ડ ફામ |
| 31 | 7837 | 13-2-12 | 1600 | - | 1600 | ધ્વજ વંદનની જગ્યા પ્લાન્ટેશન ભગવતી નર્સરી એન્ડ ફામ |
| 32 | 7838 | 18-2-12 | 1010 | - | 1010 | અંબિકા એન્જી. ઈન્ડ લોન મુવર મશીન રીપેરીંગના |
| 33 | 8412 | 9-3-12 | .4950 | - | 4950 | માઇક્રોબાયોલોજી ગાર્ડન બનાવવાના |

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| | | | | | | ભગવતી નર્સરી એન્ડ ફામ |
| 34 | 8477 | 12-3-12 | 17990 | - | 17990 | યુનિ.નું નવું બિલ્ડીગ લેડીઝ હોસ્ટેલની વચ્ચે ગાર્ડન બનાવવાના ભગવતી નર્સરી એન્ડ ફામ |
| 35 | 8842 | 26-3-12 | 250000 | 5000 | 245000 | શક્તિ સેનેટરી માર્ટ સહકારી મંડળી લિ.જાન્યું-12 ના |
| | | | **2770720** | **47786** | | |

ફકરા નંબર-33

પદવીદાન સમારંભમાં વિજેતાને અપાયેલ ચંદકો ના ખર્ચ અંગેની અનિયમિતતા બાબત

ગુજરાત યુનિવર્સિટી અમદાવાદ સને-2011-12 નાં અન્વેષણ દરમ્યાન તારીખ-22-12-2011 ના રોજ 60 મો પદવીદાન સમારંભ યોજાયેલ હતો તેમાં તેજસ્વી વિધાર્થીઓને આપવા અંગેનાં ખર્ચ અંગેની વિગતો નીચે મુજબ જણાયેલ હતી.

પદવીદાન સમારંભમા અંગેના ચંદકોનો ખર્ચ.

અન્ડોમેન્ટ ફંડ

| અ. નં. | વા. નં | તારીખ | રકમ | બીલની વિગત | પાર્ટીનું નામ | સદર |
|---|---|---|---|---|---|---|
| 1 | 7379 | 02-02-12 | 4,77,597/- | Dt-02-01-12<br>242 નંગ Rate -<br>1954 = 472868/-<br>Vat 1% 4729/- | કિરણ હેન્ડીક્રાફ્ટ ગાંધીરોડ અમદાવાદ | ઉપલક ખાતે Code-8101001 |

પારિતોષિકની યાદી અંગે ચકાસણી કરતાં એનાયત કરવા પાત્ર ચંદકોની યાદીમાં કુલ વિજેતાઓની સંખ્યા 242 નકકી થયેલ હતી.

ઉક્ત સંદર્ભમાં નીચે મુજબની ઓડીટ નોંધ આપવામાં આવે છે.

(1) ખર્ચ અંગેની સ્પષ્ટ વિગતો હોવા છતાં ઉપલક ખર્ચ ખાતે દર્શાવવા અંગે સ્પષ્ટતા થવી ઘટે. આ બાબતે સ્પષ્ટતા કરેલ ગ્રાહ્ય રાખવા પાત્ર થતી નથી.

(2) જાહેરાત જુદા જુદા ત્રણ વર્તમાન પત્રોમાં આપવામાં આવેલ હતી. જાહેરાતના આધારે ફકત એક ટેન્ડર કિરણ હેન્ડીક્રાફ્ટ ગાંધીરોડ અમદાવાદનું રજુ થયેલ હતું. જાહેરાત બાબતે પુનઃ પ્રયત્ન કેમ કરવામાં આવેલ નથી. જે બાબતે સ્પષ્ટતા થવી ઘટે.

(3) ચંદકો સંસ્થાનાં સ્ટોક રજીસ્ટરે /વેલ્યુએબલ રજીસ્ટરે ચડાવ્યાનાં આધાર રજુ થયેલ નથી. વેલ્યુએબલ આઇટમ સ્ટોક રજીસ્ટરે ન ચડાવવા અંગે સ્પષ્ટતા થવી ઘટે. ઓડીટ દરમ્યાન ઉક્ત રજીસ્ટર તૈયાર કરી રજુ કરવામાં આવેલ હતું. જે ચકસણી કરતા બરાબર જણાયેલ છે.

(4) ચંદકોની યાદીમાં કુલ વિજેતાઓની સંખ્યા 242 નકકી થયેલ હતી.યાદી મુજબનાં તમામ ચંદકો એનાયત કરવામાં આવેલ હતાં કે કેમ ? એનાયત કરેલ ચંદકો નાં આધારો રજુ રજુ થયેલ નથી.જો બધા જ ચંદકો એનાયત કરવામાં આવેલ ન હોય તો બાકીના ચંદકો માટે શું કાર્યવાહી કરવામાં આવેલ હતી.તે અંગે કરેલ કાર્યવાહીની માહિતી રજુ થયેલ નથી.અને આ અંગાઉના વર્ષોના બાકી રહેલ ચંદકો માટે કરેલ કાર્યવાહીની વિગતો રજુ ચયલ નથી.

આ બાબતે જબાબમાં જણાયેલ છે કે કુલ 18 ચંદકો વણ વહેચાયેલ રહેલ ચીફ કેશીયરશ્રીને પરત કરવામાં અવેલ છે.તો આ ચંદકોનો યોગ્ય નિકાલ થવો ઘટે.

ઉપરોકત બાબતે જરુરી સ્પષ્ટતા થવી ઘટે.

સંસ્થાએ પ્રા.વાં.નં.46/ જવાબ રજુ થયેલ છે.જવાબ ફકરાને અનુરુપ ન હોઇ ગ્રાહ્ય રાખી શકાય તેમ નથી.

વાધા હેઠળ 4,77,597/-

ફકરા નંબર-34 (અ)

**જુદી જુદી બેન્કમાં મૂકવામાં આવેલ ફીક્સ ડીપોઝીટની રકમમાં વાઉચર જે તે સમયે ન આપતા પાછળથી આપવા બાબત તેમજ તેની વિગતો રજૂ ન થવા બાબત.**

ગુજરાત યુનિવર્સિટી અમદાવાદનાં સને-2011-12 નાં અન્વેષણ દરમ્યાન વાઉચરોની ચકાસણી કરતાં નીચે દર્શાવેલ વાઉચરોથી હવાલાનોંધ પાડી વિગતમાં દર્શાવ્યા મુજબ જે તે સમયે મૂકેલ એફ.ડી..રીન્યુ કરેલ એફ.ડી.ના વાઉચર જે તે સમયે બનાવેલ ન હોવાથી પાછળથી બનાવેલ છે.જેની વિગત નીચે મુજબ છે.

વિગત

| | | |
|---|---|---|
| (1) વા.નં. (1) ERDF બેન્ક A/C (DR) | 26,27,85,113-15 | |
| 9447 (કે.એસ.ડીપોઝીટ A/C C R) | | 26,27,85,113-15 |
| (તા. 31-03-12) | | |
| કોડ નંબર-9405012 | | |
| કોડ નંબર-8101048 | | |
| વા.નં. (1) (કે.એસ.ડીપોઝીટA/C C R) | 28,15,28,188-13 | |
| 9447 ERDF બેન્ક A/C (C R) | | 28,15,28,188-13 |
| (તા. 31-03-12) | | |
| કોડ નંબર-8101048 | | |
| કોડ નંબર-9405012 | | |

(1) ઉપર મુજબ વાઉચર પાડવામાં આવેલ છે.અને વિગતમાં જણાવવામાં આવેલ છે કે જે તે સમયે એફ.ડી.ના વાઉચર બનાવવાના રહી ગયેલ હોવાથી વાઉચર બનાવેલ છે પરંતુ આ અંગેની કોઇ જ વિગત જેવી કે કઇ બેન્કમાં.ક્યારે મૂકી.ક્યારે વટાવી.ક્યારે રીન્યુ કરી.કઇ તારીખે નોંધ કરેલ છે.તેમજ રકમ જેવી વિગતો ઉપલબ્ધ થયેલ નથી.

(2) વધુમાં ઉક્ત વાઉચરમાં કે.એસ.સ્કૂલ ખાતે જમા અને ઉધાર બંને રકમ કરેલ છે.અને તેજ રીતે ERDF ના બેન્ક ખાતામાં પણ રકમ જમાં ઉધાર કરેલ છે.કે.એસ.ડીપોઝીટ અલગ ફંડ છે.અને ERDF નું પણ ફંડ અલગ રાખવામાં આવે છે.તેમ છતાં કે.એસ.સ્કૂલ ડીપોઝીટની રકમમાં ERDF બેન્ક એકાઉન્ટ ખાતે જમાં-ઉધાર કરવા બદલ સ્પષ્ટતા થવા ઘટે.

(3) ERDF બેન્ક એકાઉન્ટનું ચેક રજીસ્ટર.આ બેન્ક એકાઉન્ટનું મેળવણા પત્રક પણ રજુ થયેલ નથી.રજુ કરવામાં આવેલ બચત ખાતા SBI 102988781760 ERDF જોતા નાણાકીય વર્ષ 2009-10,2010-11અને 2011-12માં આટલી મોટી રકમનો કોઇ જ વ્યવહાર થયેલ નથી.તારીખ-31-03-12 ના રોજ આ ખાતામાં રૂપિયા 64,659-97 બેલેન્સ છે.પરંતુ લેજરમાં આ વાઉચરો તેમજ વા.નં.-9556 થી પુનઃ ભૂલસુધારતો હવાલો પાડેલ છે.તે કયા કારણાસર પાડેલ છે તે અંગે સ્પષ્ટતા થવી ઘટે.

(4) ERDF એફ.ડી.ના વ્યવહારોERDF એફ.ડી.બેન્ક એકાઉન્ટસાથે ચકાસણી કરવા સારૂં અધતન સદરહું રેકર્ડ રજુ થવું ઘટે.

(5) નીચે દર્શાવેલ વાઉચરોથી હવાલાનોંધ પાડી વિગતમાં દર્શાવ્યા મુજબ તારીખ-20-04-10 નાં રોજ રૂપિયા પાંચ કરોડની ERDF ની એફ.ડી.ઈન્ડીયન બેન્કમાં મૂકી ત્યારે એફ.ડી.નું વાઉચર જે તે સમયે બનાવેલ ન હોવાથી પાછળથી બનાવેલ છે.જેની વિગત નીચે મુજબ છે.

વિગત

(1) વા.નં.(1) ERDF બેન્ક SBI A/C (DR) 5,00,28,883/-

9446 (1) ERDFબેન્ક SBIA/C (CR) 3,92,87,928/-

31-03-12(2) ERDFબેન્ક A/C (CR)1,07,40,955/-

કોડ નંબર-9405012

ઉપર મુજબ વાઉચર પાડવામાં આવેલ છે.અને વિગતમાં જણાવવામાં આવેલ છે.કે જે તે સમયે એફ.ડી.ના વાઉચર બનાવવાના રહી ગયેલ હોવાથી વાઉચર બનાવેલ છે પરંતુ આ અંગેની કોઇ જ વિગતઉપલબ્ધ થયેલ નથી.બેન્ક એકાઉન્ટ ખાતે જે તે નાણાકીય વર્ષમાંજમાં-ઉધાર ન કરવા બદલ સ્પષ્ટતા થવી ઘટે.

(6) વધુમાં સદરહું નોંધો જુદી જુદી બેન્કોમાં એફ.ડી.મૂકવામાં આવેલ/રીન્યુ કરવામાં આવેલ હોય તો એફ.ડી.રજીસ્ટરમાં આ અંગે જે તે સમયે કરેલ નોંધોની વિગત/આધાર સહ પાડવામાં આવેલ હવાલાના યથાર્તતાની ખાતરી કરાવવી ઘટે.

(7) આ ઉપરાંત ઈ.આર.ડી.એફ.બેન્ક ખાતામાં રૂપિયા 1,07,40,955/- જમા કરેલ છે તે કયાં આધારે ગણતરી કરી રકમ જમા કરેલ છે તેની સ્પષ્ટતા થવી ઘટે.

(8) સદરહુ બન્ને વાઉચરોમાંF.D. મૂકયા અને રીન્યુ કર્યાની નોંધ છે.પરંતુ જોF.D. રીન્યુ કરવામાં આવેલ હોય તો મળેલ વ્યાજની રકમ વ્યાજ ખાતે જમા થવી જોઇએ પરંતુ બન્ને વાઉચરોમાં વ્યાજ ખાતે કોઇ રકમ જમા લેવામાં આવેલ નથી.જો વ્યાજ ખાતે જમા રકમ ન કરવા બાબતે સ્પષ્ટતા થવા તથા વ્યાજની ગણતરી કરી વ્યાજની રકમ કયા સદરે જમા આપેલ છે.તે અંગે સ્પષ્ટતા થવા વિનંતી છે.

(9) સદરહુ વાઉચરમાં રુપિયા 26,27,85,113/- દર્શાવેલ છે.જયારે લેઝરમાં તે એન્ટ્રી સામે તે વાઉચરથી જમા રકમ 2,62,78,113/-જમા થયેલ છે.આમ.વાઉચરની રકમ અને લેજરની રકમમાં તફાવત અંગે સ્પષ્ટતા થવા વિનંતી છે.

સંસ્થાએ પ્રા.વાં.નં. 71/ જવાબ કરેલ નથી.

ફકરા નંબર-34 (બ)

**જુદી જુદી બેન્કમાં મૂકવામાં આવેલ ફીક્સ ડીપોઝીટની રકમમાં વાઉચર જે તે સમયે ન આપતા પાછળથી આપવા બાબત તેમજ તેની વિગતો રજુ ન કરવા બાબત**

ગુજરાત યુનિવર્સિટી અમદાવાદના સને-2011-12ના વર્ષના અન્વેષણ દરમ્યાન કે એસ સ્કૂલ ડીપોઝીટ સદર (કોડ નં-8101048)ના લેજરમાં દર્શાવેલ આવક-ખર્ચની ચકાસણી કરતાં નીચે મુજબ આવક-ખર્ચ થયેલ છે.

આવક-ખર્ચ વિગત

| | | | |
|---|---|---|---|
| 01-04-11 | ઉઘડતી સિલક | 26,68,22,706-00 | જમા |
| | આવક | 33,73,88,040-15 | |
| | કુલ | 60,42,10,746-15 | |
| | જાવક | 49,38,54,965-15 | |
| | સિલક | 11,03,55,781-00 | જમા |

આ અંગે નીચે મુજબ ઓડીટ નોંધ આપવામાં આવે છે.

(1) યુનિ.ના વાર્ષિક હિસાબમાં મૂડી-દેવા બાજુ ડીપોઝીટ એકાઉન્ટ તરીકે 21,65,58,324-30 દર્શાવેલ છે.જે અંગેની વિગત પરિશિષ્ટ-એચમાં આપવામાં આવેલ છે.પરિ-એચમાં દર્શાવેલ રકમો પૈકી કે એસ સ્કૂલ ડીપોઝીટ એકાઉન્ટ તરીકે 11,03,55,781-00 (જમા) દર્શાવેલ છે.તો આ કે એસ સ્કૂલ ડીપોઝીટ હિસાબ શેનો લગતો છે ? આ અંગેના કોઇ નિયત ધોરણો કે નિયમો બનાવેલ હોય તો તેની વિગતો રજુ થવી ઘટે.

વધુમાં ઉપર દર્શાવ્યા મુજબ વર્ષ દરમ્યાન 33.74 કરોડની આવક અને 49.39 કરોડની જાવક દર્શાવેલ છે.તો આટલા મોટા વ્યહવારો કે એસ સ્કૂલ માં થયેલ હોવા છતાં યુનિ.ના આવક-ખર્ચમાં આ બાબતનો સમાવેશ કરવામાં આવેલ નથી તે અંગે સ્પષ્ટતા થવી ઘટે.

(2)

| અ.નં. | વા.નં. | તારીખ | રકમ | વિગત |
|---|---|---|---|---|
| 1 | 4924 | 31-10-11 | 1,64,93,558/- | એમ.ઓ. કલેકશન |
| 2 | 9369 | 31-03-12 | 2,00,00,000/- | એમ.ઓ. કલેકશન |

ઉપરોક્ત વાઉચરથી એમ.ઓ.કલેક્શન ખાતે રકમ ઉધારી કે એસ સ્કૂલ ડીપોઝીટ ખાતે જમા કરેલ છે.એમ.ઓ.કલેક્શન રજીસ્ટર તેમજ પહોંચો જોતાં આ આવક શેની છે તે સ્પષ્ટ થઇ શકતું નથી.કોઇ વિગતો ઉપલબ્ધ બનતી નથી.તો આ અંગે નીચેની વિગતે માહિતી રજુ કરવા વિનંતી છે.

(અ)સદરહુ ડીપોઝીટ/આવક કયા પ્રકારની.કોની મંજુરીથી અને કોના દવારા જમા કરાવેલ છે.તેની વિગતો રજુ થવા વિનંતી છે.આ જ પ્રકારે અન્ય આવકો જમા થયેલ છે તેની પણ વિગતો રજુ થવી ઘટે.

(બ)યુનિ.ના પ્રિમાસીસમાં જ કે એસ સ્કૂલ ચાલે છે.જેના આવક-ખર્ચ યુનિ.ના વાર્ષિક હિસાબમાં સમાવવાનમાં આવતા નથી.યુનિ.અન્ય ભવનો રોલવાલા સેન્ટર, બી.કે.સ્કૂલ વિગેરેના હિસાબો આવક-ખર્ચમા સમાવવામાં આવે છે.તો ક એસ સ્કૂલની આવક ન સમાવવા સ્પષ્ટતા થવા વિનંતી છે.

(3)

| અ.નં. | વા.નં. | તારીખ | રકમ | વિગત |
|---|---|---|---|---|
| 1 | 4942 | 31-10-11 | 6,08,37,014/- | એફડી માથી જમા કર્યા અને બાકી એફડી કરી |

ઉપરોકતવાઉચરથી F.D. INDIAN BANK ખાતે રુપિયા 4,08,37,014/- ઉધારેલ છે. S.B.I. 2કરોડ ઉધારેલ છે.અને F.D. INDIAN BANK ખાતે 5,63,41,963/- અને વ્યાજના રુપિયા 44,95,051/-કે એસ સ્કૂલ ડીપોઝીટમાં હિસાબમાં જમા કરેલ છે.અને નોંધમાં દર્શાવ્યા મુજબ રુપિયા 2 કરોડ કન્વેન્શન સેન્ટરને પેમેન્ટ કરવા રાખ્યા.બાકીની F.D. કરી તેમ દર્શાવેલ છે.તો ડીપોઝીટ એકાઉન્ટમાંથી F.D. કરેલ છે.અને તેનું વ્યાજ તે સદરે જમા કરેલ છે.ત્યારે રુપિયા 2 કરોડ યુનિ.ના બેન્ક ખાતામાં જમા કરવા અંગે આધાર સહ સ્પષ્ટતા થવા વિનંતી છે.

વધુમાંકે એસ સ્કૂલ ડીપોઝીટની કરવામાં આવેલ F.D. ની રકમ વાર્ષિક હિસાબમાંકઇ જગ્યાએ દર્શાવેલ છે.તેની વિગતો રજુ થવા વિનંતી છે.

આ ઉપરાંત કે એસ સ્કૂલ ડીપોઝીટની તારીખ-15-05-15ના રોજ ભૌતિક ચકાસણી અર્થે રજુ કરેલ F.D. ની રકમ રુપિયા 3,55,17,665/- દર્શાવેલ છે.તો આ

તારીખે કે એસ સ્કૂલ ડીપોઝીટની બાંધી મુદતની થાપણો લેજર મુજબ તેટલી જ હોવી જોઇએ તેની ખાતરી કરાવવા વિનંતી છે.

(4)

| અ.નં. | વા.ન. | તારીખ | રકમ | વિગત |
|---|---|---|---|---|
| 1 | 9447 | 31-03-12 | 26,27,85,113-15 | ERDF બેન્ક એકાઉન્ટ ખાતે ઉધારેલ છે.અને કે એસ સ્કૂલ ડીપોઝીટ ખાતે જમા કરેલ છે. |

આજ વાઉચરથી કે એસ સ્કૂલ ડીપોઝીટ એકાઉન્ટ ખાતે 28,15,28,188/13 કે એસ સ્કૂલ ડીપોઝીટ ખાતે ઉધારીERDF બેન્ક એકાઉન્ટ ખાતે જમા કરેલ છે. અને નોંધમાં દર્શાવેલ છે કે જે તે સમયે મૂકેલ F.D. રીન્યુ કરાવેલ તેનું વાઉચર બનાવવાનું રહી ગયેલ તે રીકન્સીલેશન વખતે ધ્યાને આવતા વાઉચર બનાવ્યું.પરંતુ અગાઉ મૂકેલ F.D. ,રીન્યુ કરેલ F.D. ,મળેલ વ્યાજ.ક્યારે મૂકી.ક્યારે પાકી.કઇ બેન્કમાં મૂકી.કઇ બેન્કમાં પાકી તેવી કોઇ જ વિગતો ઉપલબ્ધ નથી તો આ રકમની ગણતરી કઇ રીતે કરેલ છે.તેની સંપૂણ વિગતો રજુ થવી ઘટે.આ અંગે પ્રા.વા.નં-47 તારીખ-16-05-15 આપવામાં આવેલ છે.

(5)1

| અ.નં. | વા.નં. | તારીખ | રકમ | વિગત |
|---|---|---|---|---|
| 1 | 9556 | 31-03-12 | 26,27,85,113-15 | ERDF બેન્ક એકાઉન્ટ ખાતે ઉધારેલ છે.અને કે એસ સ્કૂલ ડીપોઝીટ ખાતે જમા કરેલ છે. |

વા.નં. 9556 તારીખ-31-03-12 રુપિયા 26,87,85.113/- આ વાઉચરથી ERDF બેન્ક એકાઉન્ટ ખાતે ઉધારેલ છે.અને કે એસ સ્કૂલ ડીપોઝીટ ખાતે જમા કરેલ છે.અને વિગતમાં દર્શાવેલ છે કે વા.નં9447 રુપિયા 26,27,85,113ને બદલે રુપિયા 2,62,78,113 ઉધારેલ છે.તે ભૂલ સુધારતો હવાલો છે.

(5)2

વા.નં. 9547 તારીખ-31-03-12 રુપિયા 2,62.78,113 સદરહું વાઉચરથી કે એસ સ્કૂલ ડીપોઝીટ ખાતે રકમ ઉધારી ERDF બેન્ક એકાઉન્ટ ખાતે જમા કરેલ છે.અને

વિગતમાં દર્શાવેલ છે કે વા.નં.9447 તારીખ-31-03-12 રૂપિયા 2,62,78,113 ની એન્ટ્રી થયેલ જે રીવર્સ કરેલ છે.

ઉપરમુજબના વાઉચરોને જોતાંઅગાઉ વાઉચર આપવાના રહી ગયેલ છે. ત્યારબાદ રકમ લખવામાં ભૂલ થયેલ છે.ત્યાર બાદ અગાઉ આપેલ વાઉચરની રીવર્સ એન્ટ્રી આપ્યાની નોંધ છે.પરંતુ વાઉચર નંબર 9447 માં કે એસ સ્કૂલ ડીપોઝીટ ખાતે 26,27,85,113-15 જમા થયેલ છે.અને ERDF બેન્ક એકાઉન્ટ ખાતે ઉધાર કરેલ છે.રીવર્સ એન્ટ્રી આપવામાં આવી ત્યાં પણ કેટલી રકમ કે એસ સ્કૂલ ડીપોઝીટમાં જમા થયેલ છે.અને ERDF બેન્ક એકાઉન્ટ માં ઉધાર થયેલ છે.તો આ બાબતે વિગતે તપાસ થઇ.કે એસ સ્કૂલ ડીપોઝીટના હિસાબોનું મળવણું કરી તેમજ ERDF બેન્ક એકાઉન્ટ નું બેન્ક પવક મુજબ મેળવણુ કરી વાઉચરોના સાચા પણાની તેમજ કે એસ સ્કૂલ ડીપોઝીટની F.D. ની તારીખ-31-03-12 ની F.D. અને ખરેખર હોવી જોઇએ તે F.D. ની ખાતરી કરાવવી ઘટે.

(5)3

| અ.નં. | વા.નં. | તારીખ | રકમ | વિગત |
|---|---|---|---|---|
| 1 | 9558 | 31-03-12 | 13,50,362/- | કે એસ સ્કૂલ ડીપોઝીટ ખાતે ઉધારેલ છે. ERDF બેન્ક એકાઉન્ટ ખાતે જમા કરેલ છે. |

વાઉચરમાં કે એસ સ્કૂલ ડીપોઝીટ ખાતે ઉધારેલ છે.જયારે ERDF બેન્ક એકાઉન્ટ ખાતે જમા કરેલ છે.જે તે સમયે F.D. મૂકવાની કોઇ વિગત જણાયેલ નથી."<u>વિગતમાં જણાવેલ છે કે બેન્ક મેળવણું કરતાં જે F.D. રીન્યુ થઇ અથવા ચેક લખાયેલ હોય જે તે સમયે વાઉચર બનાવવાનું રહી ગયેલ છે.</u>"આમ.વાઉચરમાં કોઇ જ વિગત નથી અને વાઉચરની નોંધમાં જયારે વાઉચર આપવામાં આવ્યુ તેમને પણ ખ્યાલ નથી કે F.D. રીન્યુ કરાવેલ છે કે ચેક શેનો લખાયેલ છે.તે વાઉચર બનાવતી વખતે પણ ચેક થયેલ નથી અને કોઇ જ વિગતો ઉપલબ્ધ નથી તેમ છતાં હવાલો પાડવામાં આવેલ છે.તો આ અંગે સ્પષ્ટતા થવી ઘટે.

(6) વા.નં. 9447 થી પાડેલ નોંધમાં દર્શાવેલ વિગતમાંકે એસ સ્કૂલ ની F.D. જે તે સમયે મૂકી.રીન્યુ કરાવી તેની નોંધ છે. તોકે એસ સ્કૂલની મૂકેલ F.D. માટે કોઇ અલગ લેજર કોડ નથી.તો F.D. ની રકમ પણ કે એસ સ્કૂલ ડીપોઝીટ(કોડ નં-8101048)ખાતે જ જમા ઉધાર કરવા બદલ સ્પષ્ટતા થવા તથા કે એસ સ્કૂલનીF.D. યુનિ.ના વાર્ષિક હિસાબમાં તથા મિલકત-લેણા બાજુ કયાં દર્શાવેલ છે.તેની સ્પષ્ટતા થવી ઘટે.

(7) વા. નં. 9444 તારીખ-31-03-12 રુપિયા 6,75,180-97

ઉપરોકત વાઉચરથી ERDF બેન્ક એકાઉન્ટ ખાતે રકમ ઉધારી INTREST ERDFખાતે જમા કરેલ છે. અને વિગતમાં વ્યાજની આવકનું વાઉચર આપવાનું રહી ગયેલ તેવુ દર્શાવેલ છે. પરંતુ બેન્કે કયારે વ્યાજ જમા આપેલ છે. કઇF.D. નું વ્યાજ છે. તેવી કોઇ વિગત ઉપલબ્ધ નથી. બેન્કની પાસબુકમાં આવું કોઇ વ્યાજ જમા થયેલ નથી જણાતું નથી.

ઉપરોકત વિગતે ERDF FUND , કે એસ સ્કૂલ ડીપોઝીટ. તેમજ ERDF બેન્ક એકાઉન્ટનું વિગતે મેળવણું કરી. અન્વેષણને જાણ કરવી ઘટે.

પ્રાથમિક વાધાનંબર 71/ નો સંસ્થા તરફથી જવાબ રજુ નથી.

ફકરા નં-35

## યુનિવર્સિટીનાં લેવડ દેવડ વિનાનાં"ઈન ઓપરેટીવ" બેન્ક ખાતા નિભાવવા બાબતની અનિયમિતતા

ગુજરાત યુનિવર્સિટી અમદાવાદનાંસને-2011-12 નાં વર્ષનાં ઓડીટ દરમ્યાન સંસ્થાએ રજુ કરેલ વાર્ષિક હિસાબ તથા લેજર અંગે ચકાસણી કરતાં સંસ્થા ખાતે જુદા જુદા 13 બેન્ક ખાતાઓ નિભાવેલ છે.જે પૈકી નીચે જણાયેલ વિગતનાંખાતાઓમાં ઓડિટ વર્ષ દરમ્યાન કોઇ લેવડ દેવડ થયેલ ન હતી.કે નીચે દર્શાવેલ તારીખથી આ તમામ ખાતાઓમાં સિલકો વર્ષના શરુઆતથી રહેલ હતી.આ ખાતાઓમાં વર્ષ દરમ્યાન મળેલ વ્યાજ અંગેની કોઇ નોંધો થયેલ ન હતી.આ ખાતાઓ ઈન ઓપરેટીવ તરીકે જણાયેલ છે.નીચે જણાયેલ વિગતાંકુલ સિલક રુપિયા-85,30,455-33/-બાબતમાં.આ ખાતાઓ કયા કારણથી ઈન ઓપરેટીવ છે તેની આધારીત સ્પષ્ટતા થવી ઘટે.આ ખાતાઓ બાબતે જે તે બેન્ક ઓથોરેટી પાસેથી હાલની શું સ્થિતિ છે તે માહિતી મેળવવી ઘટે.સદર ખાતાઓની જરુરીયાત ન હોય તો વહેલી તકે યોગ્ય કાર્યવાહી કરી ખાતા બંધ કરવા ઓડીટ અનુરોધ છે.

રુપિયા-85,30,455-33/-બાબતમાં.જે તે બેન્કોનું મળવા પાત્ર વ્યાજનું નુકશાન થયેલ છે.જે અંગેની હાલની સિલકની માહિતી મેળવી યોગ્ય રોકાણ કરવું રહે જે સંસ્થાના હિતમાં છે.

યુનિવર્સિટીનાંલેવડ દેવડ વિનાનાં"ઈન ઓપરેટીવ"બેન્ક ખાતા ની વિગત

| વર્ષની શરુઆતની.લેજર મુજબની તારીખ | કોડ નંબર | બેન્કનું નામ | સિલક | નોંધ |
|---|---|---|---|---|
| 01-04-06 | 9405003 | સ્ટેટ બેન્ક ઓફ ઈન્ડીયા બ્રાન્ચ લાયબ્રેરી | 4699-34 | |
| 01-04-86 | 9405005 | બેન્ક ઓફ બરોડા જીએફ | 483-03 | |
| 01-04-04 | 9405016 | સ્ટેટ બેન્ક ઓફ ઈન્ડીયા યુનિ.બ્રાન્ચ A/C 4002 | 10000-00 | |
| 01-04-05 | 9405014 | સ્ટેટ બેન્ક ઓફ ઈન્ડીયા યુનિ. Bed.Admi A/C 60865 | 8511235-00 | |
| 01-04-06 | 9405006 | પોસ્ટ ઓફીસ એકાઉન્ટ નવરંગપુરા | 4037-96 | |

| | | | | |
|---|---|---|---|---|
| | | | 85,30,455-33 | |

સંસ્થાએ પ્રા.વાં.નં.58/ જવાબ કરેલ છે.જવાબમાં જણાયેલ છે કે ભવિષ્યમાં આ ખાતા ઉપયોગમાં લઇ શકાય તે હેતુથી આ ખાતા ન્યુનતમ રકમની બાકી રાખી ખાતા ચાલુ રાખેલ છે.તો આ બાબતે સિલકની તારીખ જોતા આ ખાતાનો કોઇ વપરાસ થયેલો જણાતો નથી.તો આ બાબતે પુનઃ વિચારણા કરીને થયેલ કાર્યવાહીની પુર્તતા થવી ઘટે.ફકરાને અનુરૂપ ન હોઇ ગ્રાહ્ય રાખી શકાય તેમ નથી.

<u>ફકરા નંબર-36</u>

## 13.09 કરોડ પેશગીઓ અંગેના હિસાબોની અનિયમિતતા બાબત

(1) ગુજરાત યુનિવર્સિટી અમદાવાદના સને-2011-12 ના અન્વેષણ દરમ્યાન એડવાન્સ રજીસ્ટરની ચકાસણી કરતા.યુનિવર્સિટી કાર્યાલય.ભવનો.યુનિવર્સિટી સ્ટાફ અને જનરલ રજીસ્ટરની તથા પરીક્ષા અને એન.એસ.એસ.એડવાન્સ રજીસ્ટરની ચકાસણી કરતાં વર્ષ અંગાઉની બાકી પેશગીઓની રકમ તથા ઓડિટ વર્ષમાં આપેલ પેશગીઓની રકમ એડજસ્ટમેન્ટ કરેલ પેશગીઓની રકમ તથા વર્ષનાં અંતે કુલ રુપિયા 13,09,14,782/- ની સરભર કરવાની બાકી પેશગીઓની રકમ છે.જેની વિગત આ સાથે પરિ-09 માં દર્શાવવામાં આવેલ છે.આટલી મોટી રકમ સરભર ન કરવા બદલ રુબરુમાંજણાવ્યા મુજબ પ્રતિકુળ સંજોગોવસાત તેનાં હિસાબો નિયત વર્ષમાં રજૂ ન કરી શકાતા આવી પેશગીઓને બીજા વર્ષે આગળ લઈ જવામાં આવેલ છે.અને બીજા વર્ષે હિસાબોને સરભર કરવામાં આવેલ છે.એમ જણાવેલ છે.

(2) ગુજરાત નાણાકીય નિયમો અનુસાર પેશગીના હિસાબો ત્રણ માસમાં તથા વધુમાં વધુ જે તે નાાણાકીય વર્ષનાં અંત સુધીમાં સરભર કરવાની જોગવાઇ થયેલી છે.જે મુજબ કાર્યવાહી કરવામાં આવેલી નથી.આ બાબતની કાર્યવાહી ન કરવા સ્પષ્ટતા થવી ઘટે.)વધુમાં ગુજરાત તિજોરી નિયમોના નિયમ 211 મુજબ એડવાન્સ તરીકે એબસ્ટેક બીલથી ઉપાડેલ નાણાંનું ત્રણ માસમાં વિગતવાર બીલ મોકલી આપવાનું રહે છે.તેથી ત્રણ માસ કરતાં વધુ સમયથી બાકી એડવાન્સ માટે બેંકના ધારા ધોરણ મુજબ વ્યાજની ગણતરી કરી સંબંધિત/જવાબદારથીવસુલ કરી તથા ચુકવેલ રકમ સમયસર વસુલ ના કરવા બાબતે જવાબદારથી કાર્યવાહી કરવી ઘટે.

(3) વર્ષો અંગાઉની બાકી પેશગી તથા ઓડિટ વર્ષમાં આપેલ પેશગીઓ મળી કુલ રુપિયા 13,09,14,782/- ની સરભર કરવાની બાકીમાં હતી.તે પૈકી પરિ-10 માં દર્શાવ્યા મુજબ ઘણાં વર્ષો એટલે કે છેલ્લા પાંચ વર્ષ થી લઇને અઢાર વર્ષ સુધીની પેશગીઓની રકમ રુપિયા 9,21,152/- સરભર કરવાની બાકીમાં ખેંચાય છે.તે બાબત ગંભીર કહેવાય.ઉપરોકતપેશગીઓ સમય-મર્યાદામાં સરભર ન કરવા બદલ સ્પષ્ટતા થવી ઘટે.

(4) ઘણા લાંબા સમયથી પેશગીની વસુલાત /સરભર ન થવાના કારણે સંસ્થાને વ્યાજનું આર્થિક નુકશાન થાય છે.તેમજ નાણા બિનજરૂરી રોકાઇ રહે છે.તેમજ પેશગીઓ ખર્ચ કરવા આપેલ હોઇ.ખર્ચ પણ થયેલ હોવા છતાં ખર્ચ ઓછો નોંધાય છે.અને પાકા સરવૈયામાં મિલકત વધુ આવે છે.આ બાબત સમય-મર્યાદામાં કાર્યવાહી કરવા ઓડીટ અનુરોધ છે.

(5) વર્ષના અંતે સરભર કરવાની બાકી રકમ રુપિયા 13,09,14,782/- સામે હિસાબમેળ કરી અન્વેષણને ખાત્રી કરાવવી ઘટે.તેમજ લાંબા સમયથી બાકી

ખેંચાતી પેશગીની રકમ સંબધિત અથવા જવાબદારથી વ્યાજ સહિત વસૂલ કરી, કરેલ કર્યવાહીની અન્વેષણને જાણ થવી ઘટે.

(6) પરિશિષ્ટ નં-09 ના કોલમ નં-10 માં દર્શાવ્યાં મુજબ તારીખ-31-03-15 નાં રોજ રુપિયા 68779424/- સરભર કરવાનાં બાકી રહેલ છે. જે સુચવ્યાં મુજબની કાર્યવાહી થવી ઘટે.

(7) ચૂકવેલ એડવાન્સની રકમ જે તે વર્ષમાં સરભર થાય તેવી તકેદારી રાખવા અંગે ઓડિટનું સુચન છે.

સંસ્થાએ પ્રા.વાં.નં. 61/ જવાબ કરેલ છે. જવાબ ફકરાને અનુરુપ ન હોઇ ગ્રાહય રાખી શકાય તેમ નથી.

વાંધા હેઠળ રકમ 13,09,14,782/-

(102)



તારીખ-31-03-12 ના રોજ નીચે મુજબ એકંદરે પેશગીના હિસાબો સરભર કરવાના બાકી હતા તેની વિગત પરિ-09 ફકરા નં-36

| અ નં | ખાતા/વિભાગ નું નામ | લેજરનો કોડ નં. | તારીખ-31-03-11 ના રોજ સરભર કરવાની બાકી પેશગી | વર્ષ દરમ્યાન આપેલ પેશગી અને અંગાઉની પેશગી | સને-2011-12 દરમ્યાન જમા કરેલ પેશગી | સને-2011-12 દરમ્યાન સરભર કરેલ પેશગી | તારીખ-31-03-12 ના રોજ સરભર કરવાની બાકી પેશગી | કઈ તારીખ થી પેશગી સરભર કરવા ની બાકી છે | તારીખ 31-03-15 ના રોજ પેશગી સરભર કરવાની બાકી છે |
|---|---|---|---|---|---|---|---|---|---|
| 1 | 2 | 3 | 4 | 5 | 6 | 7 | 8 | 9 | 10 |
| 1 | USS Adv General | 9301002 | 987003 | 1297703 | 75247 | 165246 | 1057210 | 1-4-11 | 1610166 |
| 2 | USG Adv General | 9302002 | 641475 | 2974115 | 610000 | 162181 | 2201934 | 1-4-11 | 2192661 |
| 3 | USP Adv General | 9303002 | 1497992 | 2701647 | 125955 | 972261 | 1603431 | 1-4-11 | 779702 |
| 4 | USP Bed Admission | 9303003 | 81676 | 89676 | - | 8000 | 81676 | 1-4-11 | 81667 |
| 5 | Chemistry Dept | 9304006 | 2705987 | 11886032 | 174226 | 4601686 | 7110120 | 1-4-11 | 857851 |
| 6 | Physics Dept | 9304007 | 760720 | 934270 | 34144 | 138467 | 761659 | 1-4-11 | 851349 |
| 7 | Zoology Dept | 9304009 | 88644 | 1095165 | 1390 | 928643 | 165132 | 1-4-11 | 185372 |
| 8 | Microbiology | 9304010 | 1402358 | 3359624 | 295117 | 950539 | 2113968 | 1-4-11 | 1080276 |
| 9 | Central Laboratory | 9304011 | 72093 | 79093 | - | 7000 | 72093 | 1-4-09 | 72093 |
| 10 | Statistic | 9304014 | 453465 | 1161325 | 56007 | 715689 | 389629 | 1-4-11 | 826982 |

(103)



| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| | s Dept | | | | | | | | |
| 11 | Bio/life sci/ Enviro | 9304016 | 75837 | 1110716 | 3646 | 997879 | 109191 | 1-4-11 | 37811 |
| 12 | Forensic sci | 9304017 | 32000 | 62000 | - | - | 62000 | 1-4-10 | 6200 |
| 13 | USV Adv General | 9305002 | 1838152 | 3831390 | 365954 | 1011942 | 2453494 | 1-4-11 | 13503 |
| 14 | K.S.Adv | 9306004 | - | 1705192 | 22465 | 90192 | 1592535 | 1-4-11 | 1592535 |
| 15 | BBA Adv | 9306003 | 3664962 | 3893545 | 5207 | - | 3888338 | 1-4-11 | 44564 |
| 16 | USL Adv General | 9307002 | 124506 | 287928 | 18973 | 57962 | 210993 | 1-4-11 | 87170 |
| 17 | DPE Int UNI sports | 9309001 | 4043353 | 5556640 | 241334 | 1009911 | 4305395 | 1-4-11 | 667791 |
| 18 | DPE Adv Intrer Group | 9309002 | 1186367 | 1636367 | - | 90000 | 1546367 | 1-4-10 | 1551367 |
| 19 | Local sports | 9309003 | 238536 | 238536 | - | - | 238536 | 1-4-06 | 23853 |
| 20 | Youth welfare | 9309004 | 366271 | 1747551 | 145565 | 1306715 | 295271 | 1-4-11 | 1231570 |
| 21 | Adult edu Adv | 9310003 | 69549 | 74549 | - | - | 74549 | 1-4-03 | 74549 |
| 22 | Adv A/c Election | 9311004 | 83831 | 208831 | 33991 | - | 174840 | 1-4-11 | 381586 |
| 23 | Scarf/Badse | 9311009 | 30517 | 141667 | 3450 | 108300 | 29917 | 1-4-11 | 25917 |

(104)



| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| | Adv | | | | | | | | |
| 24 | Dummy no work | 9311010 | 277845 | 277845 | - | - | 277845 | 1-4-96 | 74549 |
| 25 | Computer centre | 9311012 | 2616756 | 3711837 | 108823 | 418528 | 3184486 | 1-4-11 | 2788323 |
| 26 | Study Abroad | 9311016 | 505620 | 655620 | - | 150000 | 505620 | 1-4-11 | 4906620 |
| 27 | Adv IQAC | 9311021 | - | 132600 | - | - | 132600 | 1-4-11 | 341428 |
| 28 | Adv performing art | 9311023 | - | 180000 | 100 | 120950 | 58950 | 1-4-11 | 15950 |
| 29 | A/c Estate | 9313001 | 2872737 | 3506633 | 440 | 594560 | 2911633 | 1-4-11 | 3670412 |
| 30 | Polyvalent centre | 9315001 | 55968 | 55968 | - | - | 55968 | 1-4-07 | 55968 |
| 31 | H.K. centre | 9316001 | 37794 | 54809 | 5115 | - | 49694 | 1-4-11 | 49694 |
| 32 | Press Adv. | 9317001 | 3562186 | 3562186 | | - | 3562186 | 1-4-10 | 3559201 |
| 33 | Library Adv. | 9318001 | 299896 | 399896 | 25270 | 79450 | 295176 | 1-4-11 | 306726 |
| 34 | LIB. Sci. Adv. | 9318002 | 20447 | 309447 | 11587 | 133015 | 164845 | 1-4-11 | 514636 |
| 35 | Dev. Commu Adv | 9319001 | 2651 | 170391 | 50185 | 63193 | 57013 | 1-4-11 | 113941 |
| 36 | L.T.C. Adv | 9320015 | 78096 | 78096 | - | - | 78096 | 1-4-08 | 78096 |

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| 37 | Acadamic staff collage | 9321000 | 17140058 | 21988854 | - | 3168500 | 18820354 | 1-4-11 | 8925034 |
| 38 | Ganga travels | 9326000 | 725900 | 3251440 | - | 1261900 | 1989540 | 1-4-11 | 1989540 |
| 39 | MISC Adv Uni staff | 9311001 | 1197373 | 1435514 | 14726 | 400387 | 1020401 | 1-4-11 | 1099933 |
| 40 | MISC Adv General | 9311003 | 18039122 | 37947425 | 1653194 | 12902609 | 23391622 | 1-4-11 | 164302[illegible] |
| 41 | NSS Advances To UNI NSS Dept. | 9310002 | - | 124065 | - | - | 124065 | 1-4-09 | 50[illegible] |
| 42 | Exam | 9308001 | 32811338 | 43615309 | - | 9658837 | 33956472 | 1-4-11 | 364382[illegible] |
| 43 | Ncc College | 9310001 | 9839268 | 14772188 | - | 5032250 | 9739938 | 1-4-11 | 4163799 |
| તારીખ-31-03-2012 ના રોજ સરભર કરવાની બાકી પેશગી | | | | 182303685 | 4082111 | 47306792 | 130914782 | | 68779424 |

તારીખ-31-03-12 ના રોજ નીચે મુજબ એકંદરે પેશગીના હિસાબો સરભર કરવાના ઘણા વર્ષોથી બાકી હતા તેની વિગત પરિ-10 ફકરા નં-36

| અ. નં. | ખાતા/વિભાગનું નામ | લેજરનો કોડ નં. | તારીખ-31-03-11 ના રોજ સરભર કરવાની બાકી પેશગી | વર્ષ દરમ્યાન આપેલ પેશગી અને અંગાઉની પેશગી | સને-2011-12 દરમ્યાન જમા કરેલ પેશગી | સને-2011-12 દરમ્યાન સરભર કરેલ પેશગી | તારીખ-31-03-12 ના રોજ સરભર કરવાની બાકી પેશગી | કઈ તારીખથી પેશગી સરભર કરવાની બાકી છે? | તારીખ-31-03-15 ના રોજ સરભર કરવાની બાકી પેશગી |
|---|---|---|---|---|---|---|---|---|---|
| 1 | Central Laboratory | 9304011 | 72093 | 79093 | - | 7000 | 72093 | 1-4-09 | 72093 |

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | | | | | | | |
| 2 | Local sports | 9309003 | 238536 | 238536 | - | - | 238536 | 1-4-06 | 238536 |
| 3 | Adult edu Adv | 9310003 | 69549 | 74549 | - | - | 74549 | 1-4-03 | 74549 |
| 4 | Dummy no work | 9311010 | 277845 | 277845 | - | - | 277845 | 1-4-96 | 277845 |
| 5 | Polyvalent centre | 9315001 | 55968 | 55968 | - | - | 55968 | 1-4-07 | 55968 |
| 6 | L.T.C . Adv | 9320015 | 78096 | 78096 | - | - | 78096 | 1-4-08 | 78096 |
| 7 | NSS Advances To UNI NSS Dept. | 9310002 | - | 124065 | - | - | 124065 | 1-4-09 | 124065 |
| તારીખ–31-03-2012 ના રોજ સરભર કરવાની બાકી પેશગી | | | | 928152 | - | 7000 | 921152 | | 921152 |

<u>ફકરા નંબર-37</u>

**મનોવિજ્ઞાન, તત્વજ્ઞાન અને શિક્ષણશાસ્ત્ર ભવનનું રેકર્ડ ઓડીટ સમક્ષ રજુ ન કરવા બાબત.**

ગુજરાત યુનિવર્સિટી અમદાવાદના સને-2011-12 ના અન્વેષણ દરમ્યાન મનોવિજ્ઞાન.તત્વજ્ઞાન અને શિક્ષણશાસ્ત્ર ભવનની મુલાકાત તારીખ-21-08-15ના રોજ લેવામાં આવેલ હતી.ઓડીટ બાબતે ભવનને અંગાઉથી જાણ કરવામાં આવેલ હતી.છતાં ઓડીટ સમક્ષ ઓડીટ વર્ષનું રેકર્ડ રજુ કરેલ ન હતું.આ બાબતે ભવનનાં જવાબદાર કર્મચારીની મૌખિક રજુઆત મુજબ દિન-02 માં રેકર્ડ મેળવીને ઓડીટને જાણ કરવામાં આવશે તેવુ જણાવેલ હતું.ત્યાર બાદ ભવનની અનુકુળતા મુજબ અંગાઉથી તારીખ-07-09-15 ની મુલાકાત નક્કી કરવામાં આવેલ હતી.આજ રોજ મુલાકાત સમયે પણ અધુરૂં રેકર્ડ રજુ કરવામાં આવેલ હતું.માંગણી મુજબ આવક મુજબનું કોઇ રેકર્ડ રજુ કરી શકેલ ન હતું.નક્કી કરેલ તારીખ મુજબ ઓડીટે રેકર્ડ રજુ ન કરવાના કારણે માનવ દિવસોનો વ્યય થાય છે.વધુ માનવ દિવસનો વ્યય ન થાય માટે આ બાબતે ઘટિત પગલા લેવા ઘટે.અન્યથા સદર ભવનનું ઓડીટ શકય બનશે નહી.

ઓડીટમાં રેકર્ડ રજુ ન કરવામાં આવે તો ઓડીટનો મુળભુત હેતુ જળવાતો નથી.ઓડીટની અવગણના સમાન ગણાય.સંસ્થામાં થતિ ક્ષતિઓ/અનિયમિતતાઓ ધ્યાને આવે નહી અને તેનુ પુનરાવર્તન થતુ રહે.જે સંસ્થાના હિતમાં પણ નથી.

<u>રેકર્ડની વિગત</u>

આવક રુપિયા 1,08,300/-

ખર્ચ રુપિયા 1,26,25,759/-

અંદાજ મુજબ શિક્ષણ ફી રકમ 1,30,000/- હતી જયારે ખરેખર ઉકત આવક રકમ 36500/- થયેલ છે.આમ અંદાજ કરતાં આવક રકમ 93500/- ઓછી થયેલ છે.જે અંગે સ્પષ્ટતા થવી ઘટે.

ઓડીટ અર્થે સત્વરે કાર્યવાહી કરવામાં આવેલ નથી.જે બાબતે સ્પષ્ટતા થવી ઘટે.

સંસ્થાએ પ્રા.વાં.નં.99/ જવાબ રજુ થયેલ નથી.

વાંધા હેઠળ 1,26,25,759/-

ફકરા નંબર-38

બેન્ક મેળવણાં અંગેનું રેકર્ડ રજુ ન કરવા બાબત.

ગુજરાત યુનિવર્સિટી અમદાવાદનાં નાણાકીય વર્ષ-2011-12 હિસાબોના ઓડિટ દરમ્યાન બેન્ક મેળવણા અંગેની કામગીરી હાથ ધરેલ હોઇ નીચે જણાયેલ વિગતનું રેકર્ડ રજુ થવું ઘટે. જે આવેથી બેન્ક મેળવણા અંગેની કામગીરી હાથ ધરી શકાય.

વિગત.

(1)વાર્ષિક હિસાબો વર્ષ 2011-12 માં પરિશિષ્ટ કે રોકડ અને બીજી પુરાંતો જુદી જુદી કુલ 13 બેન્કોની સિલક દર્શાવેલ છે તે બેન્કોના બેન્ક સ્ટેટમેન્ટ રજુ કરવા તેમજ જે તે બેન્ક ઓથોરેટીનાં વર્ષના આખરનાં સિલક અંગેના પ્રમાણપત્ર રજુ થવા ઘટે.

(2)સંસ્થા દવારા જો બેન્ક મેળવણું કરવામાં આવેલ હોય તો તે અંગેનું તમામ લાગું પડતું રેકર્ડ રજુ થવું ઘટે. આ બાબતે કોઈ કાર્યવાહી સંસ્થા તરફથી કરવામાં આવેલી હોય તો નીચે જણાવેલ મુદ્દા અંગેની નમૂનારુપ જો કાર્યવાહી થયેલ હોય તો તે અંગેનુંરેકર્ડ રજુ થવું ઘટે.

- સંસ્થાના બેન્ક ખાતાના અનપેઇડ રહેલ ચેકો બાબતની માહીતી.

-બેન્કે જમાની એન્ટ્રી આપેલ તે રકમ સંસ્થાએ જમા લીધેલ ન હોય તેવી બાબત.

- સંસ્થાએ આપેલ જમા રકમ જે બેન્ક દવારા જમા દર્શાવેલ નથી તેવી બાબત.

-બેન્કે ઉધાર કરેલ ચેક સંસ્થાએ ઉધારેલ નથી તેવી બાબત.

- બેન્કે ઉધારેલ કમિશન/બેન્ક ચાર્જીસ રુપિયા સંસ્થાએ કેશબુકમાં ઉધારી અસર આપેલ ન હોય તેવી બાબત

ઉપરોક્ત માહિતી રજુ થયેલ નથી પરંતુ ઉક્ત કુલ 13 બેન્કોની સિલક સંસ્થાના રેકર્ડ મુજબની સિલકની વિગતો રેકર્ડ આધારીત મેળવવામાં આવેલ છે. બેન્ક મુજબની સિલકો રજુ ન થતાંતેમાં જણાયેલ સિલકમાં તફાવત અંગેની વિગતો જાણી શકાયેલ નથી. યુનિવર્સિટી દવારા બેન્ક મેળવણાના પત્રક તૈયાર કરવામાં આવતા નથી પરંતુ મેચ-અનમેચનું પત્રક કાઢવામાં આવે છે.

કુલ13 બેન્કોની સિલક સંસ્થાના રેકર્ડ મુજબની સિલકની વિગતો

તારીખ–31-03-12 નાં રોજની સંસ્થાના વાર્ષિક હિસાબ મુજબ તથા બેન્ક ઓથોરેટી મુજબની સિલકની વિગત.

| બેન્કનું નામ | એકાઉન્ટ નંબર | કોડ નંબર | તારીખ–31-03-12 નાં રોજની લેજર/વાર્ષિક હિસાબ મુજબની સિલક | તારીખ–31-03-12 નાં રોજની બેન્ક ઓથોરેટી મુજબની સલકની વિગત. | બન્ને પૈકી તફાવત |
|---|---|---|---|---|---|
| સ્ટેટ બેન્ક ઓફ ઈન્ડીયા જનરલ ફંડ જીએફ | મળેલ નથી | 9405001 | 6649261-12 | 68911876-21 | 62262615.09 |
| ઈ આર ડી એફ એસ બી આઇ | મળેલ નથી | 9405012 | 64659-89 | રેકર્ડ/માહિતી રજુ કરેલ નથી. | - |
| ગુજરાત યુનિ. સ્પોર્ટસ એકા. | મળેલ નથી | 9405013 | - | રેકર્ડ/માહિતી રજુ કરેલ નથી. | - |
| બેન્ક ઓફ ઈન્ડીયા જી એફ | મળેલ નથી | 9405004 | - | રેકર્ડ/માહિતી રજુ કરેલ નથી. | - |
| સ્ટેટ બેન્ક ઓફ ઈન્ડીયા ગ્રાન્ટ એકા. | મળેલ નથી | 9405009 | 3472500-09 | રેકર્ડ/માહિતી રજુ કરેલ નથી. | - |
| સ્ટેટ બેન્ક ઓફ ઈન્ડીયા બાન્ચ લાયબેરી | મળેલ નથી | 9405003 | 4699-34 | રેકર્ડ/માહિતી રજુ કરેલ નથી. | - |
| બેન્ક ઓફ બરોડા જીએફ | મળેલ નથી | 9405005 | 483-03 | રેકર્ડ/માહિતી રજુ કરેલ નથી. | - |
| સ્ટેટ બેન્ક ઓફ ઈન્ડીયા યુનિ. બાન્ચ | A/C 4002 | 9405016 | 10000-00 | રેકર્ડ/માહિતી રજુ કરેલ નથી. | - |
| સ્ટેટ બેન્ક ઓફ ઈન્ડીયા યુનિ. Bed.Admi | A/C 60865 | 9405014 | 8511235-00 | રેકર્ડ/માહિતી રજુ કરેલ નથી. | - |
| પોસ્ટ ઓફીસ એકાઉન્ટ | મળેલ નથી | 9405006 | 4037-96 | રેકર્ડ/માહિતી રજુ કરેલ | - |

| | | | | | |
|---|---|---|---|---|---|
| | | | | નથી. | |
| નવરંગપુરા | | | | | |
| પી.જી.ફી બી જે મેડીકલ | મળેલ નથી | મળેલ નથી | - | રેકર્ડ/માહિતી રજુ કરેલ નથી. | - |
| પી.જી.ફી વી એસ હોસ્પિટલ | મળેલ નથી | મળેલ નથી | - | રેકર્ડ/માહિતી રજુ કરેલ નથી. | - |
| બેન્ક ઓફ ઈન્ડીયા રજીસ્ટાર ગુજ.યુનિ.એકા | મળેલ નથી | 9405016 | - | રેકર્ડ/માહિતી રજુ કરેલ નથી. | - |

નીચે જણાવેલ વિગતે સંસ્થાની સિલક અને બેન્ક ઓથોરેટીની સિલકમાં તફાવત આવેલ છે.જે દૂર કરવો રહે.આ બાબતે કરેલ કાર્યવાહીની વિગતો રજુ થવી ઘટે.

**તારીખ-31-03-12 નાં રોજની સંસ્થાના વાર્ષિક હિસાબ મુજબ તથા બેન્ક ઓથોરેટી મુજબની સિલકની વિગત.**

| બેન્કનું નામ | એકાઉન્ટ નંબર | ફંડ નંબર | તારીખ-31-03-12 નાં રોજની લેજર/વાર્ષિક હિસાબ મુજબની સિલક | તારીખ-31-03-12 નાં રોજની બેન્ક ઓથોરેટી મુજબની સલકની વિગત. | બન્ને પૈકી તફાવત |
|---|---|---|---|---|---|
| સ્ટેટ બેન્ક ઓફ ઈન્ડીયા જનરલ ફંડ જીએફ | મળેલ નથી | 9405001 | 6649261-12 | 68911876-21 | 62262615.09 |

ગુજરાત નાણાંકીય નિયમોના નિયમ-30 મુજબ બેન્ક સાથે દર માસે મેળવણું કરવાનું રહે છે.બેન્ક મેળવણા પત્રક દર માસે બનાવી સિલકનું મેળવણું કરવું.નાણાકીય બાબતો હોઇ ખુબ જ અગત્યનું છે.મેળવણાના અભાવે અનિયમિતતા થયેલ હોય તો પણ જાણી શકાય નહી.લાંબા ગાળે મેળવણું કરવામા આવે ત્યારે અન્ય પ્રશ્નો ઉપસ્થિત થતા હોય છે.આ માટે જુના બાકી મેળવણા માટે કોઇ એક તારીખની બેન્કની સિલકને કચેરી સિલક ગણી તફાવતને અલગ દર્શાવી ચાલુ માસથી મેળવણુ કરવા અને સાથોસાથ પાછળના સમયનુ મેળવણુ પણ કરવાની પ્રથા અખત્યાર કરવા સુચન છે.આમ,બેન્ક

મેળવણાની કાર્યવાહી ઝુંબેશ તરીકે હાથ ધરી છેલ્લે સુધીના મેળવણુ કરવુ સસ્થાના હિતમાં જરુરી છે.

પ્રાથમિક વાધાનંબર64 નો સંસ્થા તરફથી જવાબ રજુ કરેલ નથી. કે બેન્કોની પત્રકમાં જણાયેલ વિગતે સ્પષ્ટ વિગતો રજુ કરેલ નથી.

<u>ફકરા નંબર–39</u>

**ભવનો/વિભાગના વિધાર્થીઓના એકેડેમિક ડેટા તૈયાર કરી, થયેલ પ્લેસમેન્ટની વિગતો રજુ કરવા બાબત.**

ગુજરાત યુનિવર્સિટી અમદાવાદનાં નાણાકીય વર્ષ–2011-12 ઓડિટ દરમ્યાન એક્ઝિક્યુટિવ કાઉન્સીલની બેઠકમાં ઠરાવમાં કરેલ જોગવાઇ મુજબ યુનિવર્સિટીના ભવનો/વિભાગમા અભ્યાસ કરતા વિધાર્થીઓના એકડેમિક ડેટા તૈયાર કરી પ્લેસમેન્ટ સેલ બનાવી જરુરીયાત વાળી કંપનીઓમાં નિષ્ણાતો દવારા પસંદગીની પ્રકિયા કરીને અપાવવાની રહે છે.

ઉપરોકત જોગવાઇ મુજબ પ્લેસમેન્ટ સેલની વિગતો તથા વિધાર્થીઓના તૈયાર કરેલ ડેટા બેઇઝ અને થયેલ નિમણૂકની વિગતો ઓડીટમાં રજુ થવી ઘટે. વધુંમાં નીચેના મુદ્દાની પણ સ્પષ્ટતા થવી ઘટે.

(1)આવક/ખર્ચ અંગેનું તમામ લાગું પડતું રેકર્ડ જેવું કે પ્લેસમેન્ટ દરખાસ્ત અંગેની ફાઇલ, મળેલ ગ્રાન્ટ કચેરી આદેશની પુરી ફાઇલ, મળેલ આવક અને જમાં લેવાયેલનાં આંધાર, ખર્ચ અંગેની મંજુરી અંગેની ફાઇલ, ટેન્ડર થયેલ હોય તો તે અંગેની ફાઇલ, થયેલ ખર્ચ અંગેના બીલો, ખર્ચ પત્રક, બચત સંદર્ભમાં થયેલ કાર્યવાહીની વિગત, વગેરે રજુ થવા ઘટે.

(2) ઉપરોકત જોગવાઇ મુજબ પ્લેસમેન્ટ સેલની વિગતો તથા વિધાર્થીઓનો તૈયાર કરેલ ડેટા બેઇઝ અને થયેલ નિમણૂકની વિગતો ઓડીટમાં રજુ થવી ઘટે.

(3) ખર્ચ સંદર્ભમાં વહીવટી અને તાંત્રિક મંજુરી મેળવી જરુરી પડેલ હોય તો તે અંગેની વિગતો રજુ થયેલ નથી.

(5)બચત રહેલ રકમ સરકારી તિજોરીમાં જમાં કરાવ્યાનાં આધારો રજુ થવા ઘટે. અથવા આ બાબતે અન્ય થયેલ કાર્યવાહી રજુ થયેલ નથી.

(8)પ્લેસમેન્ટ સેલના કારણે યુનિવર્સિટી તેના હેતું પરિપૂર્ણ કરવામાં સફળ થયેલ છે કે કેમ તેચકાસણી અર્થે જરુરી તમામ રેકર્ડ રજુ થવુ ઘટે.

(9)વાર્ષિક હિસાબ 2011-12 માં સ્કૂલ ઓફ બિઝનેસ મેનેજમેન્ટ આવક–ખર્ચ હિસાબ ચકાસણી કરતાં પ્લેસમેન્ટ ખર્ચ રુપિયા 30000/- નો થયેલો છે. જે વિગતો રજુ કરવામાં આવેલ નથી. આ બાબતે સ્પષ્ટતા થવી ઘટે.

પ્રાથમિક વાધાનંબર 65/તથા 83 નો સંસ્થા તરફથી જવાબ રજુ થયેલ છે. પણ ફકરામાં જણાયેલ વિગત મુજબ જવાબ રજુ થયેલ નથી.

વાધાં હેઠળ રુપિયા 30,000/-

(113)



<u>ફકરા નંબર-40</u>

**યુનિવર્સિટીના પાકા સરવૈયામાં દર્શાવેલ રુપિયા 36.17 કરોડની મિલ્કતનું મિલકત રજીસ્ટર ન રાખવા તથા અન્ય રેકર્ડ રજુ ન કરવા બાબત**

ગુજરાત યુનિવર્સિટી અમદાવાદનાં નાણાકિય વર્ષ-2011-12 ઓડિટ દરમ્યાન મિલકતો અંગેની માહિતી/મિલકત રજીસ્ટર રજુ કરવા જણાવવામાં આવેલ હતુ. યુનિવર્સિટીના તારીખ-31-03-12 ના પાકા સરવૈયામાં વર્ષોવર્ષની ઘસારાની રકમ બાદ કર્યા બાદ મિલકત તરીકે રુપિયા 361784900.12 દર્શાવેલ છે. સદરહુ મિકતોમાં સ્થાવર મિલકતો-ફર્નિચર ફિકચર્સ તથા સરંજામ, સાધન-સામગ્રી વગેરે દર્શાવેલ છે. પરંતુ સદરહુ મિલકતોના ઉપયોગ અંગેની કોઇ વિગતો ઉપલબ્ધ થતી નથી. નીચે દર્શાવ્યા મુજબની માહિતી ઓડિટમાં રજુ થયેલ નથી.

(1) સદરહું મિલકત પૈકી કોર્મસીયલ મિલકત, શૈક્ષણિક મિલકતો અને તેના ઉપયોગની વિગતો તથા આ મિલકતો પૈકી કોઇ મિલકતો ભાડેથી, લીઝ એન્ડ લાયસન્સ કે અન્ય કોઇ રીતે ભાડા કરાર કરીને ભાડ આપેલ હોય તો તેની સંપૂર્ણ વિગતો રજુ થયેલ નથી.

(2) સદરહું મિલકત પૈકી ખુલ્લી જમીનની વિગત તથા તેના વપરાશની અને જો સદરહુ મિલકત વણવપરાયેલ રહેતી હોય તો તેની વિગતો.

(3) યુનિવર્સિટીની માલિકીની હોસ્ટેલોની વિગત અને તેમાં હોસ્ટેલમાં રુમોની સંખ્યા અને આ રુમો પૈકી કેટલી રુમો નાણાકીય વર્ષ દરમ્યાન વિધાર્થીઓને ફાળવેલ હતી અને કેટલી રુમો ખાલી હતી ? સદરહુ રુમો પૈકી ખાલી રુમો કયા કારણસર વિધાર્થીઓને ફાળવવામાં આવેલ નથી ? જો રુમોમાં રીનોવેશનની જરુરિયાત હોય અને તેને કારણે ન ફાળવવામાં આવી હોય તો તેની વિગતો રજુ કરવામાં આવેલ હતી. જે માહીતી ધ્યાને લેતા રીનોવેશનના કારણે ફાળવણી ન કરવામાં આવેલ હોઇ તેવું બનવા પામેલ નથી.

(4) યુનિવર્સિટીએ પાસે પોતાના કર્મચારી અધિકારીઓ માટે કવાર્ટસ પણ બનાવેલ છે. આ કવાર્ટસ પૈકી ભરાયેલ કવાર્ટસ અને ખાલી કવાર્ટસની વિગત તથા કવાર્ટસ જો ખાલી રહેલ તો કયા કારણોસર ખાલી રહેલ છ તેની વિગતો રજુ કરેલ નથી પરંતુ ફાઇલ રજુ કરેલ હતી.

(5) યુવિર્સિટી દવારા ખરીદવામાં આવેલ રુપિયા 1,00,000/- થી વધુ રકમના સાધન-સરંજામ લેબોરેટરીના સાધનો જેવી અન્ય કોઇ મિલકતો કે જેનો ઉપયોગ ન થતો હોય તેની વિગતો અને જો વપરાશ થતો હોય તો તેનું પ્રમાણપત્ર રજુ કરવા વિનતી છે.

સંસ્થાએ પ્રા.વાં.નં. 91 થી માંગવામાં આવેલ માહિતી ઓડીટ પૂર્ણ થતાં સુધી રજુ કરેલ નથી. જવાબ રજુ કરેલ હતો.

ફકરા નંબર-41

**જમીન-જાયદાદની મિલ્કતો આવકોની વિગતોની ચકાસણી અંગેનું રેકર્ડ રજુ કરવા બાબત.**

ગુજરાત યુનિવર્સિટી અમદાવાદના સને-2011-12 ના વર્ષના અન્વેષણ દરમ્યાન વાર્ષિક હિસાબ, વાર્ષિક વહીવટી હેવાલ, લેઝર તથા વાઉચરો આધારીત ચકાસણી કરતાં યુનિવર્સિટી ખાતે કોડ નંબર-1801000 માંજમીન-જાયદાદની મિલ્કતોની આવક રુપિયા 34,85,416/- દર્શાવી છે. જેની વિગત નીચે મુજબની છે.

જમીન-જાયદાદ આવકોની વિગત.

| Voucher no | Date | Credit |
|---|---|---|
| 3362 | 31-08-11 | 250000 |
| 3365 | 31-08-11 | 510000 |
| 3368 | 31-08-11 | 300000 |
| 4924 | 31-10-11 | 694000 |
| 4932 | 31-10-11 | 14870 |
| 5455 | 30-11-11 | 280000 |
| 5456 | 30-11-11 | 459000 |
| 6344 | 31-12-11 | 227575 |
| 6348 | 31-12-11 | 10600 |
| 6349 | 31-12-11 | 600 |
| 6350 | 31-12-11 | 200 |
| 6351 | 31-12-11 | 200 |
| 6352 | 31-12-11 | 400 |
| 7249 | 31-01-12 | 450146 |
| 7252 | 31-01-12 | 2225 |

| | | |
|---|---|---|
| 7253 | 31-01-12 | 400 |
| 7256 | 31-01-12 | 200 |
| 8062 | 29-02-12 | 250000 |
| 8070 | 29-02-12 | 35000 |
| | | 3485416 |

આવક સંદર્ભમાં ચકાસણી કરતાં વાઉચરોમાં કોડ નંબર-1801000 ખાતે ફકત **Misc Income M O Colleetion** દર્શાવેલ છે.આ અંગે એમ.ઓ.કલેકશન રજીસ્ટરની આંવકનીપહોંચ સાથે મેળવણું કરતાં પહોંચોમાં પણ કોઇ વિગતો ઉપલબ્ધ બનતી નથી.તો આ રકમો કોની મંજુરીથી અને કયા ધોરણે મેળવવામાં આવે છે.આ નાણાં જમા કરાવવા જે કોઇ હુકમો/સુચના આપવામાં આવેલ હોય તેની વિગતો ઓડીટમાં દિન-3 માં રજુ થવી ઘટે.

વધુમાં યુનિવર્સિટી પાસે ઉપલબ્ધ જમીન-મકાન/ દુકાન તેમજ અન્ય કોઇ મિલ્કતો હોય તે ભાડે આપવામાં આવતી હોય તો તે અંગેનું સંપૂણ રેકર્ડ ઓડીટમાં રજુ કરી.થયેલ આવકની યથાર્તતાની ખાતી કરાવવી ઘટે.

સંસ્થાએ પ્રા.વાં.નં.67/ જવાબ રજુ થયેલ નથી.

<u>ફકરા નંબર-42</u>

ડીપોઝીટ રજીસ્ટરમાં જણાયેલ અનિયમિતતા બાબત

(1) ગુજરાત યુનિવર્સિટી અમદાવાદના સને-2011-12ના વર્ષના અન્વેષણ દરમ્યાન સંસ્થા પાસેથી ઓડીટનાં સંદર્ભમાં ડીપોઝીટ રજીસ્ટર માંગણી મૌખિક કરવા છતાં ડીપોઝીટ રજીસ્ટર રજુ કરવામાં આવેલ નથી.યુનિ.ના વાર્ષિક હિસાબ પાકા સરવૈયામાં(પરિશિષ્ટ-એચ)રૂપિયા 21,65,58,324-30 જેટલી માતબર રકમ વણ ચુકવાયેલ ડીપોઝીટને જવાબદારી બાજુ દર્શાવેલ છે.ગુજરાત રાજય તિજોરી નિયમો-2000 નાં પ્રકરણ ની નોંધ મુજબ હિસાબ નિયમ સંગ્રહ પુસ્તક-2 માં સૂચના આપ્યા મુજબ દરેક પ્રકારની અનામતો માટે અલગ રજીસ્ટર નિભાવવાનું રહે છે.

(2) ગુજરાત તિજોરી નિયમોના નિયમ-38 (1) થી (3), નિયમ 380 નાં પેટા નિયમ-1ની જોગવાઇ હેઠળ ખાતાકીય અધિકારી એ અનામતની ચૂકવણી કરવા માટે જરુરી હોય ત્યારે તેણે ગુજરાત તિજોરી નિયમ ફોર્મ નં81મુજબ બીલ તૈયાર કરી તેની સાથે ચલણ થી સરકારી હિસાબનાં નાણા જમાં કર્યા હોય તે મૂળ ચલણ સામેલ રાખવાની જોગવાઇ કરવામાં આવેલ છે તેમજ ડીપોઝીટની ચૂકવણી સમયે મૂળ જમાં રકમ સાથે ચુકવણાંની નોંધ કરવાની રહે છે કે જેથી ફરીથી ડીપોઝીટના ચૂકવણા થવાની શકયતા રહે નહી.મુંબઇ તિજોરી નિયમો 1960 નાં નિયમ-61 મુંજબ અરજદારને ડીપોઝીટ પરત ચૂંકવણી વખતે મુળ પહોંચ મેળવી.પહોંચ ઉપર સક્ષમ અધિકારી દવારા જરુરી નોંધ કરી રદ્દ કરવાની જોગવાઇ છે.જે જોગવાઇ મુંજબની કાર્યવાહી ન કરવા સ્પષ્ટતા થવી ઘટે.

(3) વધુમાં ડીપોઝીટ જમા થયા પછી પુરા વણ નાણાંકીય વર્ષનાં અંતે વણ ચુકવાયેલી રકમ જપ્ત (લેપ્સ ડીપોઝીટ) તરીકે સંસ્થાની આવક તરીકે લઇ જવાની રહે છે.

(4) વધુમાં યુનિ.દવારા કોલેજોના જોડાણ સમયે સેલ્ક ફાયનાન્સ કોલેજો ખરીદી/બાંધકામના કાર્યો સમયે અનેસ્ટ મની અને સીકયોરીટી ડીપોઝીટ લેવામાં આવે છે.આવી જુદા જુદા પ્રકારની ડીપોઝીટમાટે ડીપોઝીટ રજીસ્ટર રાખવું અત્યંત આવશ્યક છે.તો રજીસ્ટર નિભાવેલ હોય તો રજુ કરવા જણાયેલ હતું પરંતુ ઓડિટ દરમ્યાન રજુ કરવામાં આવેલ નથી.

(5) આ ઉપરાંત ડીપોઝીટ રજીસ્ટર રજુ કરેલ ન હોવાથી કોલેજોના જોડાણ સમયે જેટલી રકમની ડીપોઝીટો લીધેલ છે તેટલી તમામ રકમની બાંધી મુદતની થાપણો કરેલ છ કે કેમ ? તેની પણ ચકાસણી થઇ શકે તેમ નથી.

(6) ઓડીટ વર્ષ દરમ્યાન જનરલ ફંડની ડીપોઝીટની જમા બાજુ 34,09,68,598/- (કોડ નંબર-8101005) દર્શાવેલ છે.આ અંગે એમ.ઓ.કલેકશન રજીસ્ટરની

(117)



આવકની પહોંચ સાથે મેળવણું કરતાં પહોંચોમાં પણ કોઇ વિગતો ઉપલબ્ધ બનતી નથી. તો આ રકમો કોની મંજુરીથી અને કયા ધોરણે મેળવવામાં આવે છે. આ નાણાં જમા કરાવવા જે કોઇ હુકમો/સુચના આપવામાં આવેલ હોય તેની વિગતો ઓડીટમાં દિન-3 માં રજુ કરી જમા થયેલ ડીપોઝીટની યથાર્તતાની ખાતરી કરાવવી ઘટે.

પ્રાથમિક વાધાનંબર 68/ નો સંસ્થા તરફથી જવાબમાં ફકત ઓડીટ વર્ષનું ડીપોઝીટ રજીસ્ટર બાનાવી રજુ થયેલ છે. રજીસ્ટરમાં ફકરામાં જણાયેલ વિગતે જે તે જુદા જુદા પ્રકારની ડીપોઝીટ વાઇજ રજીસ્ટર નિભાવેલ નથી. અંગાઉના વર્ષનું ડીપોઝીટ રજીસ્ટર રજુ થયેલ નથી. રજીસ્ટર પાકા પુઠાથી બુક બાઈન્ડીંગ કરવાલ નથી. તેમાં સક્ષમ અધિકારીની જે તે સમયે સહીઓ કરવામાં આવેલ નથી. આ બાબતે સ્પષ્ટતા થવી ઘટે.

<u>ફકરા નંબર-43</u>

**જુદી જુદી આવકોમાં ખર્ચ પાડી જુદા જુદા ફંડમાં આવક રકમ લઇ જવા બાબત.**

ગુજરાત યુનિવર્સિટી અમદાવાદના સને-2011-12ના વર્ષના અન્વેષણ દરમ્યાન વાઉચરોની નમૂનારુપ ચકાસણી કરતા વા.નં. 9782 તારીખ-31-03-12 નીચે દર્શાવેલ વિગતથી જુદી જુદી આવકોમાં ખર્ચ પાડી જુદા જુદા ફંડમાં આવક રકમ લઇ જવામાં આવેલ છે.

**જુદી જુદી આવકોમાં ખર્ચ પાડી જુદા જુદા ફંડમાં આવક રકમ લઇ જવા બાબતની વિગત.**

| અ. નં. | કોડ નં. | વિગત. | Debit | Credit |
|---|---|---|---|---|
| 1 | 0301002 | Pub Fees | 2500000 | |
| 2 | 0602000 | Misc Income | 3000000 | |
| 3 | 0701003 | PG Medical Enterance Test | 3758990 | |
| 4 | 1173000 | Usc Bio Teeh.Exp.SF | 1832584 | |
| 5 | 1181000 | Usc Animation It Mobile | 6708761 | |
| 6 | 1182000 | Usc Clinicall Research Course | 550000 | |
| 7 | 1310000 | Management Acd | 3776754 | |
| 8 | 7711001 | Ear marked Fund | | 11720000 |
| 9 | 7711010 | M.B.A. Fund | | 4018197 |
| 10 | 7712000 | ERDF | | 9091345 |
| 11 | 7802042 | PG | | 3758990 |
| 12 | 1309000 | BMS Port Manage | 241443 | |

આમ, ઉક્ત વિગતે જમા ઉધાર લીધેલ છે તે ક્યા ધોરણો અને નિયમો /આધારે લઇ ગયેલ છે.તથા વાઉચરમાં બનાવનાર, ચેક કરનાર કે હિસાબી અધિકારીશ્રીની સહી નથી.વાઉચર સાથે આ રીતે ખર્ચ પાડવા કોઇની મંજુરી મેળવેલ હોય તેવું દફતર ઉપલબ્ધ નથી.તો કોની મંજુરીથી અને ક્યા અધિકાર પરત્વે આ ખર્ચના વાઉચરો બનાવી,હિસાબમાં અસર આપેલ છે તે અંગે સ્પષ્ટતા થવી ઘટે.

(119)



પ્રાથમિક વાધાનંબર 69/ નો સંસ્થા તરફથી જવાબ રજુ થયેલ છે. ફકરામાં જણાયેલ વિગતે સ્પષ્ટતા થવી ઘટે.

<u>ફકરા નંબર-44</u>

**પ્રકાશન વિભાગમાં નિભાવેલ કોરા કિંમતી ફોર્મ્સના હિસાબ દફતરમાં જણાયેલ અનિયમિતતા બાબત.**

ગુજરાત યુનિવર્સિટી અમદાવાદના સને-2011-12 ના વર્ષના અન્વેષણ દરમ્યાન પ્રકાશન વિભાગમાં નિભાવેલ કોરા કિંમતી ફોર્મ્સના હિસાબ દફતરની તારીખ-23-07-15 ના રોજ નમૂનારુપ ભૌતિક ચકાસણી કરતાં નીચે મુજબની સ્ટોકમાં વધ-ઘટ જણાયેલ છે.

સ્ટોકમાં વધ-ઘટ જણાયેલ તેની વિગત

| અ નં | ફોર્મ્સની વિગત | ફોર્મ્સની કિંમત રુપિયા | ભૌતિક જથ્થો નંગ | સ્ટોક રજીસ્ટર મુજબ જથ્થો નંગ | તફાવત વધ ઘટ નંગમાં | | તફાવતની વધ ઘટ રકમ રુપિયામાં | |
|---|---|---|---|---|---|---|---|---|
| | | | | | વધ | ઘટ | વધ | ઘટ |
| 1 | નવી કોલેજ જોડાણ ફોર્મ્સ | 1500/- | 539 | 495 | 44 | - | 66000/- | - |
| 2 | સલગ્ન કોલેજ જોડાણ ફોર્મ્સ | 1500/- | 203 | 174 | 29 | - | 43500/- | - |
| 3 | અધ્યાપક વર્ગમાં થતાં ફેરફાર અંગેનું ફોર્મ્સ | 100/- | 190+37=227 | 225 | 02 | - | 200/- | - |
| | | | | | | | 109700/- | - |

સંસ્થામાં જુદા જુદા પ્રકારના કોરા કિંમતી ફોર્મ્સ અંગે આવકો થયેલી છે. યુનિવર્સિટી દવારા જુદા જુદા પ્રકારનાં કોરા કિંમતી ફોર્મ્સ છપાવી ઉપયોગમાં લેવામાં આવે છે આ કોરા કિંમતી ફોર્મ્સ ઉપર રકમ છાપેલી હોવાથી તેનું નાણાંકીય મૂલ્ય ગણાય. કોરા કિંમતી ફોર્મ્સ અંગેનાં હિસાબનું દફતર માંગણી કરતાપ્રકાશન વિભાગ તરફથી રજુ થયેલ હતું જે ચકાસણી કરતાંઉપરોક્ત વધ તફાવત રુપિયા 109700/-આવેલ હતો. તફાવત અંગે સ્પષ્ટતા સહ પુર્તતા થવી ઘટે.

સ્ટોક રજીસ્ટરમાં કોઇ પણ જગ્યાએ સક્ષમ અધિકારીશ્રીની કે જવાબદાર કર્મચારીશ્રીની સહીઓ થવામાં આવેલ નથી.રજીસ્ટરને સિક્કા લગાવી પાના નબર આપી સિક્કા રજીસ્ટરે પ્રમાણિત કરવામાં આવેલ નથી.આ ઉપરાંત રજીસ્ટરમાં પેન્સીલથી ટોટલ કરવામાં આવેલ છે.આ બાબતે સ્પષ્ટતા થવી ઘટે.

સંસ્થાને પ્રા.વાં.નં. 74 આપવામાં આવેલ હતો જવાબના આધારે ઘટ બાબતે જવાબ ધ્યાને લેવામાં આવેલ છે.બાકી ફકરામાં જણાવેલ વિગતે સ્પટતા કરાવવાની બાકી રહેલ જે અંગે પુર્તતા થવી ઘટે.

વાધા હેઠળ 1,09,700/-

ફકરા નંબર-45

**યુનિ.ના એન.આર.એસ.હોલ ખાતે કોમ્પ્યુટર લેબ.અંગે ઈન્ટિરીયર્સ ફર્નિચર કામમાંજણાયેલ અનિયમિતતા બાબત.**

ગુજરાત યુનિવર્સિટી અમદાવાદનાંનાણાકિય વર્ષ-2011-12 ઓડિટ દરમ્યાન ખર્ચ વાઉચરો આધારીત ચકાસણી કરતાં યુનિ.ના એન.આર.એસ.હોલ ખાતે કોમ્પ્યુટર લેબ.અંગે ઈન્ટિરીયર્સ ફર્નિચર કામમાંનીચે દર્શાવેલ વિગતે ખર્ચ કરવામાં આવેલ છે.

**ઈન્ટિરીયર્સ ફર્નિચર કામમાંનીચે દર્શાવેલ વિગતે ખર્ચ કરવામાં આવેલ તેની વિગત**

| અ નં | વા.નં. તારીખ | રકમ રુપિયા | વીસી મંજુરી | કરાવેલ કામગીરીની ટુંકી વિગત | કોન્ટ્રાકટરનું નામ |
|---|---|---|---|---|---|
| 1 | 1778<br>27-06-11 | 20,00,000/- | 18-06-11 | ઈન્ટિરીયર્સ ફર્નિચર કામના બીલનં-એસસીઆઈ-આરબી-1 2011-12 તારીખ-28-04-2011બીલની રકમ રુપિયા 3024425/- 20,00,000/- Adv. | શ્રીચિત્રા ઈન્ટિરીયર્સ પ્રા.લી.અમદાવાદ કોડ નં-9351065 શ્રીચિત્રા ઈન્ટિરીયર્સ પ્રા.લી.અમદાવાદ એડવાન્સ ચૂકવ્યાં |
| 2 | 3088<br>18-08-11 | 55,12,153/- | 03-08-11 | ઈન્ટિરીયર્સ ફર્નિચર કામના બીલનં-એસસીઆઈ-આઇએનવી-07-2011-12 તારીખ-21-06-2011બીલની રકમ રુપિયા 55,12,153/- ફાયનલ ચૂકવ્યાં | શ્રીચિત્રા ઈન્ટિરીયર્સ પ્રા.લી.અમદાવાદ કોડ નં-7712000 ERDF સરભર કરી ચૂકવ્યાં |
| 3 | 4287<br>05-10-11 | 6,01,448/- | 09-09-11 | ઈન્ટિરીયર્સ ફર્નિચર અને ઈલેકટ્રીક કામના બીલનં-એસસીઆઈ-આઇએનવી-08-2011-12 તારીખ-21-06-2011 બીલની રકમ રુપિયા 6,01,448/- ફાયનલ ચૂકવ્યાં | શ્રીચિત્રા ઈન્ટિરીયર્સ પ્રા.લી.અમદાવાદ કોડ નં-7712000 ERDF ચૂકવ્યાં |

ઉપરોકત વાઉચરોની ચકાસણી કરતાં ધ્યાને આવેલ અનિયમિતતા અંગેની નીચે મુજબ ઓડીટ નોંધ આપવામાં આવે છે.

(૨૩)



(1) સદરહું કામ કુલપતિશ્રીની મંજુરી મેળવી શ્રી ચિત્રા ઇન્ટીરીયર્સ પ્રા. લિમિટેડ પાસે કરાવવામાં આવેલ છે. પરંતુ આ કામ કરાવવા માટે સંબંધિત વિભાગ. શાખા. ભવન. ગ્રાન્ટના ઇન્ચાર્જ દવારા કરવામાં આવેલ રજુઆતના દરખાસ્તના કોઇ આધારો વાઉચરો સાથે સામેલ નથી જે રજુ થવા ઘટે.

(2) સદરહું રૂપિયા 55,12,153/- ના કામ માટે કોઇ વહિવટી મંજુરી કે તાંત્રીક મંજુરી રજુ થયેલ નથી. આ અંગેના કોઇ પ્લાન. નકશા. અંદાજ બનાવવામાં આવલ હોય તેમ જણાતું નથી. રેકર્ડ રજુ થયેલ નથી.

(3) સદરહું કામ માટે યુનિવર્સિટીના એસ્ટેટ વિભાગ દવારા કામ માટે જુદા જુદા સાત પાર્ટીઓના ભાવ પત્રકો આવેલા છે. તેનુ પત્રક છે. પણ તેની જે તે નકલો વાઉચરો સાથે જોડવામા આવેલ નથી.

આ ભાવ પત્રકો અંગે નીચેની વિગતે સ્પષ્ટતા થવી જરૂરી છે.

(3) (ક) આ અંગે યુનિવર્સિટીના એસ્ટેટ વિભાગ દવારા કુલ કેટલી પાર્ટીઓને ભાવ પત્રકો મોકલવા કે લખવામાં આવેલ છે ? તેની વિગતો આધાર સહ રજુ થવી ઘટે.

(3) (ખ)આવેલ સાત પાર્ટીના કામના ભાવપત્રકોમા યુનિવર્સિટીના પત્ર જાહેરાત કે તેઓએ કયા આધારે ભાવપત્રકો મોકલેલ છે ? તેનો કોઇ ઉલ્લેખ નથી. તો આ રીતના ભાવો કેવી રીતે આવ્યા તે અંગે સ્પષ્ટતા થવા વિનંતી છે.

(3) (ગ)સાત પાર્ટીના ભાવ પત્રકો કઇ પધ્ધતિથી સ્વીકારવામાં આવેલ છે તે અંગે સ્પષ્ટતા થવા ઘટે.

(4) ઉપરોક્ત રુપિયા 55,12,153/- ના કામો અંગે વર્તમાનપત્રમાં જાહેરાત આપેલ નથી. ફક્ત સાત પાર્ટીના ભાવો દરેક કામ માટે મેળવેલ છે. તો જાહેરાત ના આપવા સબબ સ્પષ્ટતા થવી ઘટે.

(5) સંસ્થા દવારા ઉકત ફર્નિચરની કામ માટે કોઇ જ પ્રકારનું સ્પેસીફીકેશન દર્શાવેલ નથી ઉધોગ. ખાણ અને વીજળી વિભાગના પરિપત્ર નં પરિપત્ર ક્રમાંક: પીએસી-1181/1221-ચ 8 મી નવેમ્બર 1981 મુજબ માલ અને ખરીદી સમયે તેનું ચોકક્સ સ્પેસીફીકેશન નિયત થયેલું હોવું જોઇએ યોગ્ય સ્પેસીફીકેશન ન હોવાના કારણે આવેલ ભાવોની તુલના પણ અશકય બને છે. આમ ચોકક્સ સ્પેસીફીકેશન વગરની ખરીદી ખામી ભરેલી ખરીદી પ્રક્રિયા થયેલ જણાય છે. જે અંગે સ્પષ્ટતા થવી ઘટે.

વધુમાં રુબરુમાં જણાવેલ છે કે કુલપતિશ્રીને ઓર્ડીનાન્સ 62 સી મુજબ રુપિયા 5,00,000/- સુધીનો ખર્ચ ત્રણ ભાવ પત્રકો મેળવીને કરવાની સત્તા છે. ભાવોને આધારે કામ કરાવવા સબબ સ્પષ્ટતા થવી ઘટે.

(6) ઉપરોકત પાર્ટીના આવેલ ભાવ પત્રકો રજૂ ન થતાંભાવ પત્રકો અંગેની જેવી કે ચીજ વસ્તુનુ ફકત નામ અને સાઇઝ.વિગતવાર સ્પેશીફિકેશન.ચેર વીથ હેન્ડલ.ટેબલ.ખુરશી.વિગેરે ચીજ વસ્તુઓ લાકડાની કે લોખંડની વગેરે બાબતો અંગે ચકાસણી શકય બનેલ નથી.આમ કોઇ પણ જાતના સ્પેશીફિકેશન વગર પાર્ટીઓએ ભાવો પણ કયાં આધારે ભરેલ હશે તે સ્પષ્ટ થઇ શકતુ નથીઆ મુજબ ઇલેકટીક કામ માટેના પણ કોઇ સ્પેશીફિકેશન નથી વાયરીંગ કયાંથી કયાં કરવાનું છે વાયર કોપર કે એલ્યુમિનિયમનો વાપરવો.વાપરવાનો અન્ય માલ સામાન આઇ.એ.એસ.માર્કાનો કે કોઇ જ સ્પેશીફિકેશન નથી આમ કોઇ પણ જાતના સ્પેશીફિકેશન વગર પાર્ટીઓએ ભાવો પણ કયાં આધારે ભરેલ છે ? તે સ્પષ્ટ થઇ શકતુ નથી

વધુમાં પાર્ટીકામ કર્યા બાદ.આપેલ બિલો પણ સ્પેશીફિકેશન વગરના ટેન્ડરમા દર્શાવેલ આઇટમ મુજબના જ આવેલ છે અને તેની ચકાસણી યુનિવર્સિટી કક્ષાએ કયા આધારે થઇ.તે અંગે સ્પષ્ટતા થવી ઘટે.આમ છતા મેજરમેન્ટ.આઇટમનુ માપ અને સંખ્યા લખી ચેક કરેલ છે.તેવું પ્રમાણપત્ર એસ્ટેટ શાખા દવારા પણ આપવામાં આવેલ છે.બિલ ઉપરથી કોઇ સ્પેશીફિકેશન તથા અને ઉપર દર્શાવ્યા મુજબ ક્ષતિઓ છે.ત્યારે બિલ કયા આધારે ચકાસાયુ છે.વગેરે બાબતો અંગે વિગતવાર તપાસ કરી.ઓડીટને જાણ થવી ઘટે.

(7) (1) અ.નં02 યુનિવર્સિટીના પત્ર નં.-એસ્ટેટ-2307-2010 તારીખ 23-07-10 થી ચિત્રા ઇન્ટીરીયર્સ પ્રા.લિમિટેડને રુપિયા57,39,100/- વર્ક ઓર્ડર આપેલ છે.સદરહું કામ 90દિવસમાં પૂર્ણ કરવાનું થતું હતું.સદરહું કામ તારીખ-10-06-11 ના રોજ પૂર્ણ કરેલ છે.જે જોતા 317 દિવસે પૂર્ણ કરેલ છે.વર્ક ઓર્ડર મુજબ કામ મોડું પૂર્ણ થયેલ છે.મોડું કામ કરવા બદલ કરેલ કાર્યવાહીની વિગતો રજૂ થવી ઘટે.આ બાબતે સ્પષ્ટતા થવી ઘટે.

(7) (2) અ.નં03યુનિવર્સિટીના પત્ર નં.-એસ્ટેટ-2307-2010 તારીખ 23-07-10 થી ચિત્રા ઇન્ટીરીયર્સ પ્રા.લિમિટેડને રુપિયા 9,10,016/- વર્ક ઓર્ડર આપેલ છે.સદરહું કામ 60 દિવસમાં પૂર્ણ કરવાનું થતું હતું.સદરહું કામ તારીખ-10-06-11 ના રોજ પૂર્ણ કરેલ છે.જે જોતા 337 દિવસે પૂર્ણ કરેલ છે.વર્ક ઓર્ડર મુજબ કામ મોડું પૂર્ણ થયેલ છે.મોડું કામ કરવા બદલ કરેલ કાર્યવાહીની વિગતો રજૂ થવી ઘટે.આ બાબતે સ્પષ્ટતા થવી ઘટે.

(7) (3) સરકારશ્રીના ઉધોગ અને ખાણ વિભાગના ઠરાવ ક્રમાંક નં એસ.પી.ઓ.. 102005-1407-21 તા. 21-11-2006 થી ઓન લાઇન ટેન્ડરની પ્રથા અમલમાં મૂકી છે.આ પ્રથા હેઠળ રુપિયા 05 લાખ કે તેથી વધુ રકમની ખરીદી.બાંધકામ.સિચાઇ તેમજ અન્ય પ્રકારની ખરીદી માટે ઇ-ટેન્ડર થી જ ખરીદી કરવાનું કે કામ સોપવાનું રહે છે.ઉકત ચકાસણી અર્થે રેકર્ડ રજૂ થવું ઘટે.

ઉપરોક્ત ચકાસણી કરવા અર્થે ઉક્ત વાઉચરોથી કરેલ કાર્યવાહીની તમામ વિગતો તથા થયેલ ટેન્ડર પ્રક્રિયાનું રેકર્ડ સહ રજુ થવી ઘટે.

ઉપરોક્ત વાંધાની પુર્તતા થતા સુધી થયેલ રૂપિયા61,13,601/-વાંધા હેઠળ રાખવામા આવે છે.

સંસ્થાએ પ્રા.વાં.નં. 80/ જવાબ કરેલ નથી.

વાંધા હેઠળ રૂપિયા 61,13,601/-

<u>ફકરા નંબર-46</u>

**નામ.હાઇકોર્ટ.પીટીશન ક્રમાંક 2189/2011 નું રેકર્ડ રજૂ કરવા બાબત.**

ગુજરાત યુનિવર્સિટી અમદાવાદનાં સને-2011-12નાં અન્વેષણ દરમ્યાન મળેલ કાઉન્સિલ સભાની કાર્યવાહી નોંધની ચકાસણી કરતાં જણાયેલ છે કે એક્ઝિક્યુટિવ અને એકેડેમિક કાઉન્સિલની સંયુક્ત સભા તારીખ 28-05-11 ના રોજ મળેલ હતી.જેમાં ઉલ્લેખ થયા મુજબ પી.જી.મેડિકલમાં ડિપ્લોમાં ઓર્થોપેડીકમાં પ્રવેશ મળેલ અને MCI દવારા ડિપ્લોમાં ઓર્થોપેડીકનો કોર્ષની મંજુરી બી.જે.મેડિકલ કોલેજ પૂનાને આપેલ તેથી મંજુરી રદ થતાં ડો.રોહિત એ ઠાકરે સ્ટેટ ઓફ ગુજરાત સામે હાઇકાર્ટમાં ઉક્ત પીટીશનથી દાદ માંગી છે.તે અંગે થનાર ખર્ચ મંજુર કર્યાનુંજણાયેલ છે.તો ઉક્ત રેકર્ડ રજુ થવું ઘટે.રેકર્ડ રજુ થયેથી ખર્ચ બાબતે ચકાસણી હાથ ધરી શકાય.રેકર્ડ રજુ ન થતાં કાર્યવાહી હાથ ધરી શકાયેલ નથી.

સંસ્થાએ પ્રા.વાં.નં.81/ જવાબ રજુ કરેલ છે.પરંતુ રેકર્ડ રજુ કરેલ નથી.

(127)



<u>ફકરા નંબર-47</u>

**ભવનો ખાતે પરીક્ષા ફીની આવકો મળ્યાની ખાતરી ન કરાવવા બાબત.**

યુનિવર્સિટી અમદાવાદના સને-2011-12 ના વર્ષનાંઅન્વેષણ દરમ્યાન જુદા જુદા ભવનોની મુલાકાત દરમ્યાન જણાયેલ છે વિધાર્થીઓને પ્રવેશ સમયે ચુકવવાપાત્ર ફી ભરવા બેન્ક સ્લીપ બનાવી આપવામાં આવે છે અને વિધાર્થી દવારા યુનિવર્સિટીના સ્ટેટ બેન્ક ઓફ ઇન્ડીયાની ગ્રાન્ટ ખાતામાં બારોબાર નાણાં ભરી બેન્કની સ્લીપ રજુ કરવામાં આવે છે અને તે આધારે તેની પરીક્ષા ફી તથા અન્ય ફી મળેલ ગણી તેને પ્રવેશ જે તે ભવનોમાં આપવામાં આવે છે તેમજ તે આધારે ટયુશન ફી તથા જુદી જુદી આવકો પણ યુનિવર્સિટી દવારા જમા લેવામાં આવે છે ભવનો ખાતે નમૂનારુપ પરીક્ષા ફી અંગે ચકસણી કરતા યુનિવર્સિટી કક્ષાએ ભવનવાર,આપેલ પ્રવેશવાર તથા મળવાપાત્ર આવકો મળ્યાની ખાતરી કરવાની આંતરીક નિયંત્રણની કોઇ પ્રથા રાખવામાં આવેલ નથી કે આ અંગેનું કોઇ રેકર્ડ રજુ થયેલ નથી.યુનિવર્સિટીના ભવનોમાં પણ આ અંગેનું કોઇ રજીસ્ટર,રાખી,યુનિવર્સિટીની હિસાબી શાખા સાથે મેળવણું કરવામાં આવતું નથી અને તેથી તમામ વિધાર્થીઓની પરીક્ષા ફી જમાં થયાની ખાતરી થઈ શકેલ નથી.

વર્ષ દરમ્યાન યુનિવર્સિટીના વાર્ષિક હિસાબમાં ભવનવાર પરીક્ષા શિક્ષણ ફી રુપિયા 1665350/-ના આવક નીચે મુજબ નોંધાયેલી છે.તો આ અંગેનું ઉપર દર્શાવ્યા મુજબ મેળવણું કરી મળવાપાત્ર તમામ આવક મેળવ્યાની ઓડિટને ખાતરી કરાવવા વિનંતી છે.

**પરીક્ષા ફીની વિગત**

| અ. નં. | પરીક્ષા ફીની વિગત | પરીક્ષા ફીની આવક રુપિયા | વિશેષ નોંધ |
|---|---|---|---|
| 1 | સમાજવિધા ભવન | 185900 | |
| 2 | ભાષાસાહિત્ય ભવન | 143200 | |
| 3 | મનોવિજ્ઞાન,તત્વજ્ઞાન અને શિક્ષણશાસ્ત્ર વિધાભવન | 30700 | |
| 4 | વિજ્ઞાન વિધાભવન | 1025550 | |
| 5 | વણિજ્ય વિધાભવન | 50400 | |
| 6 | સ્કૂલ ઓફ બિઝનેસ મેનેજમેન્ટ | 115600 | |
| 7 | કાયદાશાસ્ત્ર ભવન | 25000 | |
| 8 | ગ્રંથાલયશાસ્ત્ર ભવન | 15400 | |
| 9 | કોમ્પ્યુટર સેન્ટર | 42200 | |
| 11 | ડેવલપમેન્ટ કોમ્યુનિકેશન | 7800 | |

(૧૨૯)



| | | | |
|---|---|---|---|
| 12 | પત્રકારત્વ વિભાગ | 23600 | |
| | કુલ સરવાળો | **1665350** | |

સંસ્થાએ પ્રા.વાં.નં. 100/ જવાબ રજુ થયેલ છે.ફકરાને અનુરૂપ જવાબ સ્પષ્ટતા થયેલ નથી.

(૨૧)



<u>ફકરા નંબર-48</u>

**વાઉચરમાં દર્શાવેલ રકમ અને કેશબુકમાં લખવામાં આવેલ રકમમાં તફાવત આવવા બાબત.**

ગુજરાત યુનિવર્સિટી અમદાવાદનાં સને-2011-12 નાં અન્વેષણ દરમ્યાન કેશબુક સાથે ખર્ચના વાઉચરોની ચકાસણી કરતાં કશબુકમાં વાઉચર મુજબની રકમ અને કેશબુક મુજબની રકમમાંઆ સાથે સામેલ રાખેલ પરિ-11 મુજબ રૂપિયા 10401258/-તફાવત જણાયેલ છે. ઉકત તફાવત ખરેખર કેવા કારણોસર આવેલ છે. કેશબુક એક હિસાબી/નાણાંકિય બાબતનું અગત્યનું રેકર્ડ હોઇ જેમાં આવક/ખર્ચ અંગેની વિગતો દર્શાવવામાં આવતી હોય છે. જે આવક/ખર્ચ નાં આધારે અન્ય હિસાબી રજીસ્ટરોમાં જરૂરી નોંધ થતી હોય છે. તદ ઉપરાંત વાર્ષિક હિસાબો પણ તૈયાર થતાં હોય છે. આ તફાવતનાં કારણે જો અસરો આપવામાં ન આવેલ હોય તો અન્ય પણ વિસંગતા ઉભી થાય છે.

આ ઉપરાંત ધ્યાન ખેંચતી બાબત એ છે કે વાઉચર ફાઇલમાં રાખેલ છાપેલ વાઉચરોમાં બનાવનાર ચેક કરનાર અને હિસાબી અધિકારીશ્રીએ સહી કરવાની વિગત દર્શાવેલ છે પરંતુ બનાવનાર સિવાય કોઇની પણ સહી નથી અને તેથી અન્ય કોઇ કક્ષાએ ચકાસણી થયેલ ન હોવાથી આવી ક્ષતિઓ રહેવા પામેલ છે. આ ઉપરાંત 31-03-12 ના રોજ ઘણાં બધા વાઉચરોથી કોડ લખવાની ભૂલ. રકમ લખવાની ભૂલ. સદરની ભૂલને કારણે થયેલ ક્ષતિઓના સુધારા વાઉચર દવારા એન્ટ્રીઓ કરવામાં આવે છે તે ઉપરથી પણ સ્પષ્ટ થાય છે કે વાઉચરો બનાવતાં સમયે યોગ્ય ચકાસણી થતી નથી અને વાઉચરના આધારે કેશબુક. લેઝર અને વાર્ષિક હિસાબ બનતા હોવાથી તેમાં પણ ક્ષતિઓ રહે છે પરિણામ સ્વરૂપે લાંબા ગાળા સુધી બેન્ક મેળવણાંમાં પણ આ બાબત ખેંચાય છે. વાર્ષિક હિસાબ પણ ક્ષતિ યુકત રહે તેવી શકયતાઓ છે. તેથી તમામ વાઉચરો સક્ષમ અધિકારીશ્રીની સહીથી અધિકૃત કરી ઓડિટમાં રજુ થવા વિનંતી છે.

પ્રાથમિક વાધાનંબર 86 નો સંસ્થા તરફથી જવાબ રજુ થયેલ છે. જવાબનાં આધારે જરૂરી પુર્તતા ધ્યાને લીધેલ છે. બાકીની પુર્તતા કરવી ઘટે.

<u>ફકરા નંબર-49</u>

**કર્મચારીઓની સેવાપોથીઓમાં કે અંગત ફાઇલમાં કરવા પાત્ર CPF/GPF અંગેની નોંધો ન હોવા બાબત.**

ગુજરાત રાજ્ય મુલ્કી સેવા (નોકરીની સામાન્ય શરતો) નિયમો 2002નાં નિયમોનાં નિયમ 38 થી 45મુજબ કર્મચારીઓની સેવાપોથીઓ કચેરીના વડાએ નિભાવી ઉપરોક્ત ગુજરાત મુલ્કી સેવાનાં નિયમ 45 મુજબ લાગુ પડતી જોગવાઇઓને આધીન તેમાં નોંધો કરવાની રહે છે.

(1) ગુજરાત યુનિવર્સિટી અમદાવાદના સને-2011-12 ના વર્ષનાંઅન્વેષણ દરમ્યાન સંસ્થાના સ્ટાફ કર્મચારીઓની સેવાપોથીઓની (નમૂનારુપ)ચકાસણી નીચે જણાવેલ વિગતે કરવામાં આવેલ છે.

**સ્ટાફ કર્મચારીઓની સેવાપોથીઓની વિગત**

| અ નં. | કર્મચારીનું નામ | નિવૃતિની તારીખ | કર્મચારીનો નંબર |
|---|---|---|---|
| 1 | શ્રી ડી એલ ખેર | 31-03-15 | 934 |
| 2 | શ્રી એમ સી શાહ | 14-06-15 | 357 |
| 3 | શ્રી એસ સી શાહ | 14-06-15 | 986 |

ઉકત કર્મચારીઓની સર્વિસ બુક તથા અંગત ફાઇલની ચકાસણી કરતાં સેવાપોથીઓમાં કે અંગત ફાઇલમાં કરવા પાત્ર CPF/GPF અંગેની નોંધો ન હોવાનું જણાયેલ છે. તો ઉકત કર્મચારીઓ ખરેખરCPF/GPFના છે કે કેમ તે અંગેની ચકાસણી થઇ શકેલ નથી. કર્મચારીની અગત્યની નોંધ ઉકત રેકર્ડમાં ન રાખવાથી કોર્ટ કેસ થવાનો સંભવ રહે છે. તો આ બાબતે આ કર્મચારી ઉપરાંત બીજા તમામ કર્મચારીઓના કિસ્સાઓમાં આવુ બનવા પામેલ હોય તો ચકાસણી કરાવી જરૂરી નોંધ કરવા પાત્ર થતી હોય તો સત્વરે કરાવવા ઓડીટ અનુરોધ છે. આ બાબતે કરેલ કાર્યવાહીની વિગતો ઓડીટે રજુ થવી ઘટે.

પ્રાથમિક વાધાનંબર 87 નો સંસ્થા તરફથી જવાબ રજૂ થયેલ છે. કરેલ જવાબ મુજબની કર્યવાહી પુર્ણ કરાવી પુર્તતા થવી ઘટે.

ફકરા નંબર-50

**યુનિવર્સિટીએ ગ્રાહ્ય રાખેલ ઓડીટ વર્ષના ઓડીટ રીપોર્ટ રાજ્ય સરકારશ્રીને ન મોકલવવા બાબત.**

યુનિવર્સિટી અમદાવાદના સને-2011-12 ના વર્ષનાં અન્વેષણ દરમ્યાન અગાઉના વર્ષોના બાકી ઓડીટ રીપોર્ટ અંગે ચકાસણી કરતાં નીચે મુજબની વિગતો ધ્યાને આવેલ છે.જે વિગત નીચે જણાવેલ છે.

અગાઉના વર્ષોના અન્વેષણના બાકી રીપોર્ટની વિગત

| ક્રમ | અન્વેષણ અહેવાલની વિગત | ઓડીટ વર્ષ | સંસ્થા દવારા F R (FIRST REPLY) આપવામાં ન આવ્યા હોય તેની વિગત |
|---|---|---|---|
| 1 | 2 | 3 | 4 |
| 01 | જનરલ ફંડ | 1968-69 થી 2010-11 | 1994-95 થી 2008-09 |
| 02 | અનુદાન ફંડ | 1970-71 થી 2010-11 | 1994-95 થી 2008-09 |
| 03 | સામાન્ય ભવિષ્ય નિધિ ફંડ | 1979-80 થી 2010-11 | 1994-95 થી 2008-09 |
| | | | |

ઉપરોક્ત ઓડીટ રીપોર્ટ જે તે સમયે ગુજરાત યુનિવર્સિટી એક્ટ-1949 ની કલમ નંબર-50 ની જોગવાઇ મુજબ ઓડીટ રીપોર્ટની નકલ કુલપતિ દવારા બોર્ડમાં મંજુર કરાવી રાજ્ય સરકારશ્રીમાં સાદર કરવાના રહે.તો ઉક્ત કાર્યવાહી ક્યારે કરવામાં આવેલ હતી તેની જે તે ઓડીટ રીપોર્ટ મુજબની મોકલ્યાની તારીખ સહિતની માહિતી દિન-3 માં ઓડીટે રજુ થવી ઘટે.

ઓડીટ અહેવાલના પ્રથમ વખતના જવાબો લોકલ ફંડ એક્ટના કલમ-9(1) તથા ગુજરાત યુનિવર્સિટી એક્ટ 1949ની કલમ -49(2) મુજબ નિયત સમયમાં નિયત પ્રક્રિયા કરવા જોઇએ તેનું પાલન અમલ યુનિવર્સિટી દવારા કરવાનો રહે છે.

ઓડીટનો મુળભુત હેતુ નાણાંકિય બાબતોમાં નિયમોનુસાર કાર્યવાહી હોય ધરી અને નાણાંકિય ઔચિત્યના સિધ્ધાંતોનો ભંગ ન થાત તે બાબતે ધ્યાન દોરવામાં આવે છે.આ અંગાઉના વર્ષોમાં જે ઓડીટ વાંધા લેવામાં આવેલ હોય તેનું પુનરાવર્તન ન થાય તેની તકેદારી યુનિવર્સિટી દવારા રાખવાની રહે છે.ઓડીટ દરમ્યાન ધ્યાને આવેલ અનિયમિતતા ઉપર જવાબ રજુ ન થવાના કારણે સંસ્થા દવારા સુધારાત્મક પગલા લેવાય છે કે કેમ ? તે સ્પષ્ટ થતું નથી અને નાણાંકિય અનિયમિતતા થવાના અને વધવાના શકયતાઓ પણ જણાય છે.થયેલ જોગવાઇઓનો અમલ થાય તેવો ઓડીટ અનુરોધ છે.

પ્રાથમિક વાધાનંબર 88/ નો સંસ્થા તરફથી જવાબ રજુ થયેલ છે. કાર્યવાહી બાકીમાં હોઇ ફકરો

<u>ફકરા નંબર-51</u>

**એચ કે પ્રોફેશનલ તાલિમ સેન્ટરની શિક્ષણ ફી ની આવક અને વાર્ષિક હિસાબમાં દર્શાવેલ આવકમાં જણાયેલ તફાવત બાબત.**

યુનિવર્સિટી અમદાવાદના સને-2011-12 ના વર્ષનાંઅન્વેષણ દરમ્યાન જુદા જુદા ભવનોની મુલાકાત દરમ્યાન એચ કે પ્રોફેશનલ તાલિમ સેન્ટરની મુલાકાત દરમ્યાન શિક્ષણ ફી આવકની ચકાસણી કરતા ખરેખર આવક રુપિતા 4,53,060/- થાય છે જયારે વાર્ષિક હિસાબમાં આવક રુપિયા 4,38,060/- દર્શાવેલ છે.આમ કુલ રુપિયા 15,000/- હજાર નો તફાવત જણાયેલ છે તો ઉકત તફાવત કયા કારણોસર આવેલ છે તે બાબતે ચકાસણી કરાવી સ્પષ્ટતા થવી ઘટે.

પ્રાથમિક વાધાનંબર 89/ નો સંસ્થા તરફથી જવાબ રજુ થયેલ છે.પણ ફકરામાં જણાયેલ તફાવત બાબતની સ્પષ્ટતા થતી નથી જે બાબતે સ્પષ્ટતા થવી ઘટે.

## ફકરા નંબર-52

**કલીનીક દવારા જુદા જુદા પરીક્ષણો માટે ચાર્જની વિગતો રજુ કરવા તથા વાર્ષિક હેવાલ બાબત.**

(અ)યુનિવર્સિટી અમદાવાદના સને-2011-12 ના વર્ષનાં અન્વેષણ દરમ્યાન ઝૂલોજી વિભાગની મુલાકાત દરમ્યાન જણાયેલ છે કે ઝૂલોજી વિભાગમાં કલીનીક ચાલે છે જેમાં લોહી/પેશાબની જુદા જુદા પરીક્ષણો થાય છે.આવા પરીક્ષણો કરવા જે તે પરીક્ષણો પ્રમાણેની જુદી જુદી ફી નકકી કરવામાં આવેલી છે.તો હાલમાં કઇ તારીખની ફાયનાન્સ સમિતિની મંજુરીના આધારે જુદા જુદા લોહી/પેશાબના દર નકકી કરવામાં આવેલ છે.તે દરની જે તે રીપોર્ટ પ્રમાણેની માહિતી રજુ થવી ઘટે. વધુમાં આવા દરનો હાલમાં વધારો/ઘટાડો કરવો જરુરી છે કે કેમ ? તે અંગે અભિપ્રાય આપવા વિનંતી છે.

(બ) વાર્ષિક હેવાલ યુનિવર્સિટી ધારાની કલમ: 50 તથા સ્ટેચ્યુટ :90 અનુસાર હેવાલ જે તે વર્ષ બહાર પાડવામાં આવે છે.62 મો વાર્ષિક હેવાલ ચકાસતાં ઉપરોકત (અ) મુજબની કામગીરીનો હેવાલમાં સમાવેશ કરવામાં આવેલ નથી.આ કામગીરી વિશિષ્ટ પ્રકારની હોઇ સમાવેશ કરવા ઓડીટ અનુરોધ છે.

પ્રાથમિક વાંધાનંબર 90/ નો સંસ્થા તરફથી જવાબ રજુ થયેલ છે.તારીખ 17-01-02ની ફાયનાન્સ સમિતિની મંજુરીના આધારે જુદા જુદા લોહી/પેશાબના દર નકકી કરવામાં આવેલ છે.તે દરની જે તે રીપોર્ટ પ્રમાણેની માહિતી રજુ થયેલ છે.ફી નકકી કર્યાનો ઘણો સમય પસાર થઈ ગયેલ હોઇ તે સમય ધ્યાને લઇ આવા દરનો હાલમાં વધારો/ઘટાડો કરવો જરુરી છે કે કેમ ? તે અંગે અભિપ્રાય આપવામાં આવેલ નથી.તો આ બાબતે વિચારણા કરી યોગ્ય કાર્યવાહી કરવા ઓડીટ અનુરોધ છે.થયેલ કાર્યવાહીની વિગતો રજુ થવી ઘટે.

વિગતે કાર્યવાહી પુર્ણ કરાવી પુર્તતા કરવી ઘટે.

## નિરીક્ષકશ્રી સ્થાનિક ભંડોળ હિસાબની કચેરી ગાંધીનગરનાં તારીખ – ૧૩/૦૭/૨૦૧૨ ના પત્ર નંબર – ૨૨૦૫ અન્વયે ગુજરાત યુનિવર્સિટી પોલિસ સ્ટેશન ઈન્કવાયરી કેસ નં.૦૧/૧૨ અનુસંધાને કરેલ અન્વેષણની વિગત.

નોંધ:–૦૧ જીલ્લા સહાયક નિરીક્ષક અમદાવાદના પત્ર ક્રમાંક:– એલ./એ.એમ.ડી/ટેક–૧/ગુજ.યુનિ./પો.સ્ટે./અ'વાદ શહેર/વશી/૩૨/૧ તા:૩૧/૦૭/૨૦૧૩ જાવક ક્રમાંક–૧૦૩૯૫ અન્વયે મદદનીશ પોલીસ કમીશ્નરશ્રી અમદાવાદને ઈન્કવાયરી કેસ નં.૦૧/૧૨ અન્વયે રીપોર્ટની નકલ આપેલ છે.

નોંધ:–૦૨ ગુજરાત યુનિવર્સિટી પોલિસ સ્ટેશન ઈન્કવાયરી કેસ નં:૦૧/૧૨ અન્વયે ધ્યાનમાં આવેલ વિગતો પૈકી ફકરા નં–૫૩ થી ૬૧ ફકરાઓની વિગત નાણાકીય વર્ષ : ૨૦૧૧–૧૨ ને લાગુ પડતી હોઇ વર્ષ: ૨૦૦૭–૨૦૦૯ માં આ વિગતો રજૂ કરેલ હતી જેનો ફરીથી આ ફકરાઓનો સમાવેશ કરવામાં આવેલ છે.

## ફકરા નં. ૫૩

પ્રશ્ન પત્ર છપામણીના કામે જણાયેલ અનિયમિતતા બાબત. સને ૨૦૦૯-૧૦-૧૧-૧૨

---

ગુજરાત યુનિવર્સિટી અમદાવાદના સને ૨૦૦૭-૦૯ ના અન્વેષણ દરમ્યાન નિરીક્ષકશ્રી સ્થાનિક ભંડોળ હિસાબ, ગાંધીનગરના તા.૬-૮-૧૨ ના પત્ર અનુસંધાને ગુજરાત યુનિવર્સિટી પોલીસ સ્ટેશન ઇન્કવાયરી કેસ નં. ૧/૧૨ માં દર્શાવેલ મુદ્દાઓની ચકાસણી સારૂ સને ૨૦૦૬ થી તા.૩૧-૭-૧૨ દરમ્યાન પ્રશ્નપત્રોની છપામણી અંગેની ફાઇલોની ચકાસણી કરતાં નીચેની વિગતે ઓડિટ નોંધ આપવામાં આવે છે.

સને ૨૦૦૯-૧૦ ના વર્ષની પ્રશ્નપત્ર છપામણી માટે તા.૧૧-૧૦-૦૮ ના રોજ ગુજરાત સમાચાર તેમજ દિવ્યભાસ્કર દૈનિક વર્તમાનપત્રમાં જાહેરાત આપવામાં આવેલ હતી.

૧. સને ૨૦૦૯-૧૦ ના વર્ષ માટે પ્રશ્નપત્ર છપામણી અંગેની રજુ થયેલ ટેન્ડર ફાઇલની ચકાસણી કરતાં કુલ સાત ટેન્ડર ફોર્મનું વેચાણ થયેલ હોવાનું જણાય છે યુનિવર્સિટી દ્વારા ટેન્ડર રજિસ્ટર નહીં નિભાવેલ હોવાને કારણે કુલ કેટલા ટેન્ડર ફોર્મનું વેચાણ થયેલ હતુ કેટલા ટેન્ડરો ભરાઇને પરત આવેલ હતા તે અંગેની કોઇ જ ખાત્રી થઇ શકેલ નથી ટેન્ડર ફાઇલની ચકાસણી કરતાં ચાર ટેન્ડરો ભરાઇને પરત આવેલ હોવાનું જણાય છે. ટેન્ડર ફાઇલે તુલનાત્મક પત્રક બનાવીને રાખવામાં આવેલ ન હોઇ ખરેખર કેટલી પાર્ટીઓના ટેન્ડરો ભરાઇને પરત આવેલ હતા અને કઇ પાર્ટીના ભાવો સૌથી ઓછા હતા તે જાણી શકાયેલ નથી. આવેલ ટેન્ડરોની ચકાસણી માટે ટેન્ડરોની માંગણી કરતાં એક પણ ટેન્ડર રજુ થયેલ નથી. જેને કારણે કઇ પાર્ટીએ કેટલા ભાવ ભરેલ હતાં અને સૌથી ઓછા ભાવ કઇ પાર્ટીના હતા. તે જાણી શકાયેલ નથી. આમ, સૌથી નીચા ભાવવાળી પાર્ટીને કામ સોંપવામાં આવેલ હતું કે કેમ? તેની ખરાઇ થઇ શકેલ નથી.

૨. ફાઇલે મુકવામાં આવેલ તા.૩૦-૩-૦૯ ની નોંધ મુજબ આવેલ ચાર ટેન્ડરો પૈકી મે. ડેટા પ્રોસેસીવ ફોમ્સ પ્રા. લિ. તેમના પત્ર દ્વારા જણાવેલ છે કે તેઓને કામગીરીમાં રસ નથી જેના અનુસંધાને ફાઇલની ચકાસણી કરતાં ડેટા પ્રોસેસીંગ પ્રા. લિ. દ્વારા તા.૬-૧-૦૯ ના પત્રમાં જણાવ્યા મુજબ " આપશ્રી દ્વારા આજદિન સુધી" ટેન્ડર ફાઇનલ કરેલ ન હોવાથી ભરેલ ઇ. એમ. ડી. પરત માંગેલ છે. ત્યાર બાદ ફરીથી તા.૧૦-૨-૦૯ ના પત્રમાં પણ " આજદિન સુધી" આપના દ્વારા ટેન્ડર ફાઇનલ કરેલ ન હોવાથી " અમોને ટેન્ડરમાં ભાગ લેવાની ઇચ્છા નથી" તેમ જણાવી ઇ. એમ. ડી. ની રકમ પરત માંગેલ છે આમ યુનિવર્સિટી દ્વારા તા. ૧૮-૧૧-૦૮ ના રોજ જાહેરાત આપી ટેન્ડરો મંગાવેલ ત્યારબાદ ઘણા સમય સુધી આ અંગેની કોઇ જ કાર્યવાહી નહીં કરવાને કારણે સદરહુ ઇજારદારે ન છુટકે ઇ. એમ. ડી. ની રકમ પરત માંગી સ્પર્ધામાંથી

ખસી ગયેલ હોવાનું જણાય છે વધુમાં સરસ્વતી ઓફ સેટ પ્રા. લિ. દિલ્હીનો ફોન ઉપર સંપર્ક કરતાં સંપર્ક નહીં થવાને કારણે સ્પર્ધામાંથી બાકાત રાખવામાં આવેલ છે તારીખ ૧૯-૧૧-૦૮ ના રોજ જાહેરાત આપી તા.૩૦-૩-૦૯ ના રોજ કાર્યવાહી કરવામાં આવેલ છે જે દરમ્યાન સરસ્વતી ઓફ સેટ પ્રા. લિ. નો પત્ર દ્વારા સંપર્ક કરેલ હોત તો થઇ શકેલ હોત અને સ્પર્ધાત્મક ભાવોનો લાભ મેળવી શકાયેલ હોત આમ જાહેરાત આપ્યા પછી ત્રણ માસ જેટલા સમય સુધી કાર્યવાહી નહીં કરવા બાબતે જવાબદારોથી સ્પષ્ટતા થવી ઘટે.

૩. આમ ભરાઇને આવેલ ચાર ટેન્ડરો પૈકી વિલ્સન પ્રિન્ટ સીટી તેમજ કોન્ફીસેક પ્રિન્ટર્સ પ્રા. લિ. ને તા.૩-૩-૦૯ ના પત્રથી બે કંપનીઓને બે વર્ષ એટલે કે ૨૦૦૯-૧૦ અમે ૨૦૧૦-૧૧ ના બંને વર્ષ માટે પ્રશ્ન પત્ર છપામણી માટે કામ સોંપવામાં આવેલ છે આમ, એક જ કામ બે પાર્ટીઓ વિલ્સન પ્રિન્ટ સીટી તેમજ કોન્ફીસેક પ્રિન્ટર્સને સોંપવામાં આવેલ છે જે નિયમો વિરૂધ્ધ ગણી શકાય તેમજ આ બાબતે જવાબદારથી સ્પષ્ટતા થવી ઘટે તેમજ સદર બે પાર્ટીઓને બોલાવીને તેઓ સાથે નેગોશીયેશન કરેલ હોત તો આ કરતાં પણ ઓછા ભાવનો લાભ યુનિવર્સિટીને મળી શકેલ હોત આમ, નાણાકીય ઔચિત્યતા સિંધ્ધાતનો ભંગ કરવા બદલ પણ જવાબદારોથી સ્પષ્ટતા થવી ઘટે.

આમ, એક જ કામ માટે બે પાર્ટીઓને એક જ ભાવથી તા.૩-૩-૦૯ ના પત્રથી ઓર્ડર આપવામાં આવેલ છે અને તે અંગેનું ચુકવણું સામેલ પરિશિષ્ટ - **૧૨** મુજબ કરવામાં આવેલ છે.

૪. ટેન્ડરની શરત નં. ૨૦ માં જણાવ્યા મુજબ ભરેલા ભાવો તમામ ખર્ચ કરવેરા સહીતના ભાવો સાથેની જોગવાઇ હતી તેમ છતાં ફાયનાન્સ સમિતિની તા.૨૦-૮-૦૯ ની બા. ક. ૨ તથા ઇ. સી. તા.૧૧-૧૦-૦૯ બા. ક્માંક ૧૦ થી નીચે મુજબ ઠરાવવામાં આવેલ હતુ " પ્રશ્નપત્ર છપામણીમાં પ્રશ્નપત્રોની ગુપ્તતા રહે તે ધ્યાને લઇને પેકીંગ ઉપરાંત વધારાનો પેકીંગ ખર્ચ મજુર કરવાની સત્તા તેમજ પ્રશ્નપત્રના કોરા પાનાનો ખર્ચ મંજુર કરવાની સત્તા મે. કુલપતિશ્રીને આપવી " જેને મા. કુલપતિશ્રીએ તા.૧૩-૧૦-૦૯ થી મંજુરી આપી આ વધારનો ખર્ચ મંજુર કરેલ હતો.

૫. આમ ઉપરોકત વિગતેની ટેન્ડરમાં કોઇ જોગવાઇ ન હોવા છતાં તેમજ પ્રશ્નપત્રો છપામણીની કામગીરી વર્ષો વર્ષ થતી જ હોય છે અને તે ગુપ્તજ રાખવાની હોય છે સદર કમગીરી કોઇ નવી કામગીરી નથી. તેમજ પ્રશ્નપત્રો છપામણીની કામગીરી અગાઉના વર્ષોમાં પણ થયેલ છે તો ચાલુ વર્ષે જ પેકીંગ ઉપરાંત વધારાના પેકીંગની જરૂરીયાત કયા સંજોગોમાં ઉભી થવા પામેલ હતી તેમજ આ વધારાનો ખર્ચ નાણાંકિય ઔચિત્યના સિધ્ધાંત વિરૂધ્ધ કેમ ન ગણવો અને આવો ખર્ચ કરી યુનિવર્સિટીને આર્થિક નુકસાન પહોંચાડવા બદલ જવાબદારોથી સ્પષ્ટતા થવી ઘટે.

૬. વધુમાં ટેન્ડર પ્રક્રિયા વખતે ટેન્ડરમાં ૫૦ નકલ થી ૭૫૦ નકલ સુધીના અલગ – અલગ ભાવો મંગાવવામાં આવેલ છે તેમ છતાં ઓછામાં ઓછી ૧૦૦૦ નકલનો ભાવ ગણી ઇજારદારોને ચુકવણું કરવામાં આવેલ છે આમ કરેલ ચુકવણા ઉપરથી ઇજારદારોને લાભ કરાવી આપવાના હેતુથી ટેન્ડરની શરતનું ઉલ્લંઘન કરેલ હોય તેમ જણાય છે જે પણ સદંતર રીતે નાણાંકીય ઔચિત્યના સિધ્ધાંતો વિરૂધ્ધનો કેમ ન ગણવો તે બાબતે જવાબદારોએથી આધાર સહ સ્પષ્ટતા થવી ઘટે.

૭. સામેલ પરિશિષ્ટ- ૧૨ મુજબ સને ૨૦૦૯-૧૦ ના વર્ષ દરમ્યાન છપાવેલ પ્રશ્નપત્રોમાં ટેન્ડરની શરતોમાં જોગવાઇ ન હોવા છતાં વેટ રૂ.૫,૭૬,૫૧૧/-, પ્રિન્ટેડ પોલી બેગનો વધારાનો પેકીંગ ચાર્જ રૂ.૨,૫૮,૯૦૫/- તેમજ કલોથ બેગ પાર્સલનો ચાર્જ રૂ.૧,૨૬,૧૧૫/- મળી કુલ રૂ.૯,૬૧,૫૩૧/- તેમજ

સને ૨૦૧૦-૧૧ માં અનુક્રમે રૂ.૭,૪૭,૩૨૧ +૬,૮૮,૫૨૯ +૩,૨૯,૦૬૫ મળી કુલ રૂ.૧૭,૬૪,૯૧૫/- તેમજ

સને ૨૦૧૧-૧૨ માં વાઉચર સિવાય અન્ય કોઇ એટલે કે ટેન્ડર જાહેરાત ટેન્ડર ફાઇલ તેમજ કરાર – શરતો વર્ક ઓર્ડર વિગેરેની વિગતોનું રેકર્ડ રજુ થયેલ ન હોઇ કોઇ ચકાસણી થઇ શકેલ નથી. અનુક્રમે રૂ.૪,૮૧,૬૪૦ +૩,૯૩,૨૧૧ +૨,૪૮,૭૮૨ મળી કુલ રૂ.૧૧,૨૩,૬૩૩/- નું ચુકવણું વધારે કરેલ છે. જે બાબતે જવાબદારોથી યોગ્ય સ્પષ્ટતા થતાં સુધી પરિશિષ્ટમાં દર્શાવેલ તમામ ખર્ચની રકમ વાંધા હેઠળ રાખવામાં આવે છે.

૮. વધુમાં યુનિવર્સિટીને પોતાનો પ્રેસ હોવા છતાં પ્રશ્નપત્રો તથા ઉત્તરવહીઓનું છાપકામ ખાનગી ધોરણે કરાવવાને કારણે યુનિવર્સિટીને ખુબજ મોટા પ્રમાણમાં નુકસાન થવા પામેલ છે અથવા તેના ફાયદાથી વંચિત રહેલ છે.

મુદ્દણાલયની સ્થાપના કરવામાં આવી ત્યારથી સ્વયં સંચાલિત ધોરણે એટલે કે નહીં નફો નહીં નુકસાનના ધોરણે કરાવેલ હોવા છતાં અને યુનિવર્સિટી પ્રેસ ખાતે અદ્યતન પ્રકારની મશીનરી માટે જંગી નાણાંનું રોકાણ કરેલ હોવા છતાં યુનિવર્સિટી પ્રેસની સ્થાપનાનો હેતુ સિધ્ધ થતો નથી. આ બાબતે પણ જવાબદારોથી સ્પષ્ટતા થવી ઘટે.

<u>વાંધા હેઠળ રકમ :</u>

| | | |
|---|---|---|
| સને ૨૦૦૯-૧૦ | - | રૂ.૧,૨૧,૦૬,૭૫૫/- |
| સને ૨૦૧૦-૧૧ | - | રૂ.૧,૫૬,૯૫,૮૨૧/- |
| સને ૨૦૧૧-૧૨ | - | રૂ.૧,૦૧,૧૬,૫૪૬/- |
| કુલ | - | રૂ.૩,૭૯,૧૯,૧૨૨/- |

(140)

## પરિશિષ્ટ – ૧૨

### પ્રશ્નપત્ર છપામણી માટે કરેલ ખર્ચની વિગત દર્શાવતું પત્રક

| વર્ષ | અ. નં. | વા. નં. | તારીખ | પાર્ટીનું નામ | ખર્ચની કુલ રકમ | ચુકવેલ વેટ | સ્પે. પ્રીન્ટેડ પોલીબેગનો ચાર્જ | કલોથ બેગ પાર્સલનો ચાર્જ |
|---|---|---|---|---|---|---|---|---|
| ૨૦૦૯-૧૦ | ૧ | ૨૦૮૭ | ૧૭-૭-૦૯ | વિલ્સન પ્રિન્ટસીટી પ્રા. લિ. | ૧૩,૦૫,૦૬૫ | ૬૨,૧૪૫ | ----- | ----- |
| | ૨ | ૨૦૮૮ | !! | કોન્ફિસેક પ્રિન્ટરી | ૩૫,૨૧,૭૫૪ | ૧,૬૭,૭૦૨ | ----- | ----- |
| | ૩ | ૩૫૭૫ | ૫-૯-૦૯ | !! | ૧૩,૫૩,૨૯૮ | ૬૪,૪૪૩ | ----- | ----- |
| | ૪ | ૪૪૨૫ | ૧૫-૧૦-૦૯ | !! | ૬,૫૨,૭૩૭ | ૩૧,૦૮૩ | ૧,૭૭,૬૫૮ | ૧,૧૪,૦૭૦ |
| | ૫ | ૬૯૪૨ | ૧૯-૨-૧૦ | !! | ૨૦,૪૫,૧૧૩ | ૯૭,૩૮૬ | ૫૦,૦૬૫ | ૧૨,૦૪૫ |
| | ૬ | ૬૯૭૯ | ૧૯-૨-૧૦ | !! | ૧૬,૯૫,૨૩૪ | ૮૦,૭૨૫ | ૧૬,૨૯૫ | ----- |
| | ૭ | ૭૩૦૬ | ૮-૩-૧૦ | !! | ૧૫,૩૩,૫૫૪ | ૭૩,૦૨૭ | ૧૪,૮૮૭ | ----- |
| કુલ | | | | | ૧,૨૧,૦૬,૭૫૫ | ૫,૭૬,૫૧૧ | ૨,૫૮,૯૦૫ | ૧,૨૬,૧૧૫ |

(141)

| વર્ષ | અ. નં. | વા. નં. | તારીખ | પાર્ટીનું નામ | ખર્ચની કુલ રકમ | ચુકવેલ વેટ | સ્પે. પ્રીન્ટેડ પોલીબેગનો ચાર્જ | કલોથ બેગ પાર્સલનો ચાર્જ |
|---|---|---|---|---|---|---|---|---|
| ૨૦૧૦-૧૧ | ૧ | ૩૧૩ | ૧૬-૪-૧૦ | કોન્ફિસેક પ્રિન્ટરી | ૭૦,૯૬૪ | ૩,૩૭૯ | ૨,૮૦૫ | ----- |
| | ૨ | ૩૧૪ | ૧૬-૪-૧૦ | !! | ૯,૩૮,૮૨૩ | ૪૪,૭૦૬ | ૨૩,૫૮૭ | ----- |
| | ૩ | ૪૦૧ | ૨૦-૪-૧૦ | !! | ૧૦,૬૦,૪૩૧ | ૫૦,૩૯૭ | ----- | ----- |
| | ૪ | ૨૧૫૪ | ૮-૭-૧૦ | વિલ્સન પ્રિન્ટસીટી પ્રા. લિ. | ૧૨,૬૫,૦૯૫ | ૬૦,૨૪૨ | ૭૩,૬૧૨ | ૩૮,૫૦૦ |
| | ૫ | ૩૦૪૪ | ૧૭-૮-૧૦ | !! | ૪૫,૩૨,૮૩૮ | ૨,૧૫,૮૫૦ | ૮૮,૧૯૨ | ૯૨,૩૪૫ |
| | ૬ | ૩૪૦૭ | ૭-૯-૧૦ | !! | ૨,૬૨,૪૭૩ | ૧૨,૪૯૯ | ૧૦,૫૭૪ | ----- |
| | ૭ | ૩૪૦૮ | ૭-૯-૧૦ | !! | ૧૦,૮૧,૯૮૨ | ૫૧,૫૨૩ | ૩૬,૮૩૯ | ----- |
| | ૮ | ૪૩૨૧ | ૨૨-૧૦-૧૦ | કોન્ફિસેક પ્રિન્ટરી | ૫૩,૬૨,૬૨૫ | ૨,૫૫,૩૬૪ | ૨,૪૬,૬૬૫ | ૧,૯૮,૨૨૦ |
| | ૯ | ૭૨૨૯ | ૨૪-૨-૧૧ | !! | ૧૧,૨૦,૫૯૦ | ૫૩,૩૬૧ | ૨,૦૫,૯૫૫ | ----- |
| કુલ | | | | | ૧,૫૬,૯૫,૮૨૧ | ૭,૪૭,૩૨૧ | ૬,૮૮,૫૨૯ | ૩,૨૯,૦૬૫ |

(142)

| વર્ષ | અ. નં. | વા. નં. | તારીખ | પાર્ટીનું નામ | ખર્ચની કુલ રકમ | ચુકવેલ વેટ | સ્પે. પ્રીન્ટેડ પોલીબેગનો ચાર્જ | કલોથ બેગ પાર્સલનો ચાર્જ |
|---|---|---|---|---|---|---|---|---|
| ૨૦૧૧-૧૨ | ૧ | ૨૩૧૧ | ૧૨-૭-૧૧ | વિલ્સન પ્રિન્ટસીટી પ્રા. લિ. | ૩,૩૪,૬૯૬ | ૧૫,૯૩૮ | ---- | ----- |
| | ૨ | ૩૮૮૯ | ૨૮-૯-૧૧ | કોન્ફિસેક પ્રિન્ટરી | ૯૨,૨૨,૨૮૭ | ૪,૩૯,૧૫૬ | ૩,૭૫,૪૯૩ | ૨,૪૮,૭૮૨ |
| | ૩ | ૮૯૧૩ | ૨૭-૩-૧૨ | !! | ૫,૫૯,૫૬૩ | ૨૬,૫૪૬ | ૧૭,૭૧૮ | ---- |
| કુલ | | | | | ૧,૦૧,૧૬,૫૪૬ | ૪,૮૧,૬૪૦ | ૩,૯૩,૨૧૧ | ૨,૪૮,૭૮૨ |

ફકરા નં. ૫૪

ઉત્તરવહી ખરીદી તેમજ પલ્પીંગના કામે જણાયેલી અનિયમિતતા બાબત. સને ૨૦૦૬-૦૭

---

ગુજરાત યુનિવર્સિટી અમદાવાદના સને ૨૦૦૭-૦૯ ના અન્વેષણ દરમ્યાન નિરીક્ષકશ્રી સ્થાનિક ભંડોળ હિસાબ ગાંધીનગરના તા.૬-૮-૧૨ ના પત્ર અનુસંધાને હિસાબોની ચકાસણી કરતાં ગુજરાત યુનિવર્સિટી અમદાવાદ દ્વારા સને ૨૦૦૬ થી તા. ૩૧-૭-૧૨ દરમ્યાન ઉત્તરવહીઓની ખરીદી કરેલ હતી સને ૨૦૦૬-૦૭ દરમ્યાન ખરીદેલ ઉત્તરવહીઓ તેમજ તેના કરેલ પલ્પીંગની કાર્યવાહી બાબતે નીચે પ્રમાણે ઓડિટ નોંધ આપવામાં આવે છે.

સને ૨૦૦૬-૦૭ ના વર્ષના યુનિવર્સિટી દ્વારા પુરા પાડેલ દફતરની ચકાસણી કરતાં યુનિવર્સિટી દ્વારા જુદા – જુદા પેજ પ્રમાણેની ઉત્તરવહીઓ છપાવવા માટે દિવ્યભાસ્કર, સંદેશ તેમજ ગુજરાત સમાચાર દૈનિકોમાં તા.૨૦-૧-૦૬ ના રોજ જાહેરાત આપી ભાવો મંગાવવામાં આવેલ હતા.

સદર કામે કુલ કેટલા ટેન્ડરો વેચાયેલ હતા અને તે પૈકી કેટલા ટેન્ડરો ભરાઇને પરત આવેલ હતા તે અંગે ટેન્ડર રજિસ્ટર નહીં રાખવાને કારણે સાચી હકીકત જાણી શકાયેલ નથી. ફાઇલે સામેલ તા.૨૭-૨-૦૬ ની ફાયનાન્સ સમિતિની મીટીંગની બાબત ક્માંક : ૬ (બી) માં જણાવ્યા મુજબ તુલનાત્મક પત્રક (ફાઇલે તુલનાત્મક પત્રક જોવા મળેલ નથી.) ને આધારે જય ટ્રેડર્સના ભાવો સૌથી ઓછા હોવાથી તેઓને રૂ.૩.૩૮ ના ભાવથી ૩૨ પેજ ની ઉત્તરવહી ૧૭ લાખ, ૧૨ પેજની ઉત્તરવહી ૩ લાખ ઉત્તરવહી રૂ.૧.૨૭ના ભાવથી, ખાખી સ્ટીકર નંગ ૧,૦૦,૦૦૦/- રૂ.૦.૧૪ પૈસાના ભાવથી તેમજ પોલીનેટ કવર નંગ ૪૦,૦૦૦/- રૂ.૪.૫૦ ના ભાવથી ખરીદવા માટે પ્રેસ નં. ૧૭૩, તા.૨૮-૨-૦૬ થી ઓર્ડર આપી ખરીદી કરેલ હતી. જેનું ચુકવણું રૂ.૬૪,૪૭,૦૦૦/- નું વા. નં. ૧૦૩૮, તા.૨૦-૫-૦૬ થી કરવામાં આવેલ હતું.

ગુજરાત યુનિવર્સિટીની એકઝીક્યુટીવ કાઉન્સીલ તા.૧૪-૫-૦૬ ના રોજ મળેલ હતી જેની બાબત ક્માંક : ૧૩ ના ઠરાવમાં જણાવ્યા મુજબ બાકીની ૧૭ લાખ ૩૨ પેજ મુખ્ય ઉત્તરવહી તેમજ ૩ લાખ ૧૨ પેજ પુરક ઉત્તરવહીઓ માટેનો ઓર્ડર વિલ્સન પ્રિન્ટસિટી લિ. ને આપવો અને તે કામ કરવા તૈયાર ન થાય તો જય ટ્રેડર્સને બાકીનો ઓર્ડર આપવો તેવું ઠરાવેલ હતુ. આમ, પ્રથમ જય ટ્રેડર્સને પુરેપુરો ઓર્ડર આપ્યા બાદ કયા કારણોસર આ પ્રકારે નિર્ણય લેવાનો થયો તે બાબતે જવાબદારોથી સ્પષ્ટતા થવી ઘટે અને તે પછી આ ઠરાવને અનુસંધાને જય ટ્રેડર્સના તા.૧૯-૪-૦૬ ના પત્ર થી ફેર વિચારણામાં લેવા જણાવતાં તે ધ્યાને લઇ ફરીથી જય ટ્રેડર્સને વર્ક ઓર્ડર આપવામાં આવેલ હતો અને તેનું ચુકવણું વા. નં. ૨૫૪૨, તા.૪-૮-૦૬ થી રૂ.૬૧,૨૭,૦૦૦/- કરેલ હતુ.

(૨) સને ૨૦૦૬-૦૭ ના વર્ષ દરમ્યાન યુનિવર્સિટી પ્રેસના ઉત્તરવહી રજીસ્ટરની ચકાસણી કરતાં કોઇ જગ્યાએ ઉઘડતો સ્ટોક દર્શાવવામાં આવેલ નથી તેમ છતાં ફાઇલોની ચકાસણી કરતાં સને ૨૦૦૫-૦૬ નો બંધ સ્ટોક ૩૨ પેજની ૪,૦૦,૦૦૦/- નંગ સ્ટોક હતો. સને ૨૦૦૬-૦૭ દરમ્યાન પરીક્ષાઓ માટે ૩૪,૦૦,૦૦૦/- મુખ્ય ઉત્તરવહીની ખરીદી કરેલ હતી આમ કુલ ૩૮૦૦,૦૦૦/- જથ્થો થવા પામેલ હતો જેની સામે સને ૨૦૦૬-૦૭ ના વર્ષ દરમ્યા લેવાયેલ પરીક્ષાઓ માટે ૩૨ પેજની મુખ્ય ઉત્તરવહી રૂ.૧૬,૦૧,૮૭૫/- નો વપરાશ થવા પામેલ હતો અને ૨૧,૯૮,૧૨૫/- નો સ્ટોક પડી રેહવા પામેલ હતો આમ અંદાજે વાર્ષિક ૨૦,૦૦,૦૦૦/- ઉત્તરવહીઓના વપરાશની સામે ૧૮,૦૦,૦૦૦/- ઉત્તરવહીઓ વધારે ખરીદવામાં આવેલ હતી અને તે માટે કુલ રૂ. ૬૦,૮૪,૦૦૦/- નું રોકાણ કરી યુનિવર્સિટીને બીન જરૂરી જંગી નાણાંનું રોકાણ કરી સંસ્થાને આર્થિક નુકસાન પહોંચાડવા સબબ જવાબદારોથી સ્પષ્ટતા થવી ઘટે.

(૩) ટેન્ડરમાંમાંગવામાં આવેલ ઉત્તરવહીની સાઇઝ ૮".૫× ૧૧" ઇંચ તથા વજન ૬૦ જી. એસ. એમ. તથા એ-૪ સાઇઝનો કાગળ વાપરવાનો રહેશે તેમ જણાવેલ જે અંગેની ખરાઇ માટે અત્રેના પ્રા. વાંધા નં. ૧૦૩ તા.૧૭-૭-૧૨ થી છપાઇને આવેલ ઉત્તરવહીઓનું ટેન્ડરમાં દર્શાવેલ સાઇઝ તથા વજન બાબતે વૈજ્ઞાનિક પરીક્ષણકરાવેલ હોય તો તેની વિગતો પુરી પાડવા જણાવવા છતાં સંસ્થા તરફથી કોઇ વિગત રજુ થયેલ નથી. જેથી ઉત્તરવહીઓટેન્ડરની શરત મુજબ છપાઇને આવેલ હોવા બાબતની ઓડિટને ખરાઇ થઇ શકેલ નથી.

સને ૨૦૦૫-૦૬ ના વર્ષ માટે વપરાયેલ ઉત્તરવહીઓનું કુલ વજન ૧,૩૩,૯૦૪ કિલો ગ્રામ વજનની સામે યુનિવર્સિટી દ્વારા મોકલાવેલ પલ્પીંગ માટેની ઉત્તરવહીઓનું વજન ૩૯,૬૭૦ કિ. ગ્રામ થવા પામેલ હતુ આમ ૯૪,૨૩૪ કિ ગ્રામ ઓછુ વજન થતાં સંસ્થાને રૂ.૧૦/- લેખે રૂ.૯,૪૨,૩૪૦/- નું નુકસાન થવા પામેલ હતુ જે બાબતે જવાબદારોથી સ્પષ્ટતા થવી ઘટે. યુનિવર્સિટી દ્વારા ઉત્તરવહી રજિસ્ટરે અગાઉનો સ્ટોક દર્શાવવામાં આવેલ ન હોવાથી ઉત્તરવહીઓના સ્ટોકની ખરીદી વપરાશ તેમજ આખરના સ્ટોકની સાચી હકીકત જાણી શકાયેલ નથી. વધુમાં સ્ટોક રજિસ્ટર સહિ સિક્કા રજિસ્ટરે ચઢાવેલ નથી તેમજ તેમાં કોઇ કર્મચારી / અધિકારીની સહીઓ પણ થયેલ ન હોવાથી તેમાં કરેલ નોંધો સાચી હોવાનું પ્રમાણિત થતુ નથી તેમજ વણવપરાયેલ ઉત્તરવહીઓ કોલેજમાંથી પરત આવેલ નથી તો તે અંગે કોઇ કાર્યવાહી નહીં કરવા બદલ જવાબદારોથી સ્પષ્ટતા થવી ઘટે.

પ્રા. વાં. નં. ૧૦૮, તા.૨૧-૮-૧૨ નો સંસ્થાએ જવાબ કરેલ નથી.

ફકરા નં. ૫૫

ઉત્તરવહીની ખરીદી તથા સ્ટોકમાં જણાયેલ અનિયમિતતા બાબત.

વર્ષ ૨૦૦૯-૧૦ થી ૨૦૧૧-૧૨

---

ગુજરાત યુનિવર્સિટી અમદાવાદના સને ૨૦૦૯-૧૦ થી સને ૨૦૧૧-૧૨ ના વર્ષ દરમ્યાન પ્રેસ વિભાગ તરફથી રજુ થયેલ રેકર્ડની ચકાસણી કરતાં સામેલ પરિશિષ્ટની વિગતે ઉત્તરવહીના સ્ટોક, ખરીદી તથા વપરાશ અંગેની માહિતિ સામેલ છે જે અંગે નીચે મુજબની ઓડિટ નોંધ આપવામાં આવે છે.

(૧) સને ૨૦૦૯-૧૦ દરમ્યાન ઉત્તરવહીનો શરૂનો સ્ટોક પુરતાં પ્રમાણમાં હોવાથી વર્ષ દરમ્યાન ઉત્તરવહીની કોઇ ખરીદી કરવામાં આવેલ નથી. હાજર સ્ટોકમાંથી ઉત્તરવહીનો વપરાશ કર્યા પછી પણ ખુબ જ મોટા પ્રમાણમાં સ્ટોક પડી રહેવા પામેલ હતો જેની વિગત પરિશિષ્ટ - ૧૪માં આવેલ છે. આમ, યુનિવર્સિટી દ્વારા અગાઉના વર્ષોના વપરાશના અંદાજને ધ્યાને લીધા સિવાય અગાઉના વર્ષમાં જરૂર કરતાં વધુ મોટા પ્રમાણમાં ખરીદી કરી નાણાંકિય ઓચિત્યના સિધ્ધાંતનો ભંગ કરેલ છે.

(૨) સને ૨૦૧૦-૧૧ ના વર્ષમાં ઉત્તરવહીનો ઉઘડતો સ્ટોક અને વાર્ષિક વપરાશના અંદાજને ધ્યાને લીધા સિવાય ૩૨ પાનાની મુખ્ય ઉત્તરવહી ૩૦,૦૦,૦૦૦ ખરીદી કરવામાં આવેલ હતી અને વર્ષના અંતે ૩૨ પાનાની મુખ્ય ઉત્તરવહી ૧૮,૯૦,૬૩૭ નો સ્ટોક બચત રહેવા પામેલ હતો. અગાઉના વર્ષોના વપરાશના અંદાજને ધ્યાને લઇ ૧૫,૦૦,૦૦૦ મુખ્ય ઉત્તરવહીની ખરીદી કરેલ હોત તો ૧૫,૦૦,૦૦૦ મુખ્ય ઉત્તરવહીનો ખર્ચ અટકાવી નાણાંનું બીન જરૂરી રોકાણ અટકાવી શકાયેલ હોત. આમ, જરૂર કરતાં બે ગણી મુખ્ય ઉત્તરવહીની ખરીદી કરી ઇજારદારને લાભ કરાવી આપેલ છે અને સંસ્થાની રૂ.૪.૮૦ પૈસા લેખે રૂ.૭૨,૦૦,૦૦૦/- ની મુડીનું બીન જરૂરી રોકાણ કરી સંસ્થાને આર્થિક નુકસાન પહોંચાડેલ છે. જે બાબતે જવાબદારેથી સ્પષ્ટતા થવી ઘટે.

(૩) સને ૨૦૧૧-૧૨ ના વર્ષમાં મુખ્ય ઉત્તરવહી-૩૨ પાનાનો શરૂઆતનો સ્ટોક ૧૮,૯૦,૦૦૦ હતો તેમ છતાં ૨૪ પાનાની ૩૦,૦૦,૦૦૦ ઉત્તરવહી ખરીદી કરવામાં આવેલ છે આમ, સમગ્ર રીતે અગાઉના વર્ષોના વપરાશના અંદાજોને ધ્યાને લઇ ઉત્તરવહીની ખરીદી કરવામાં આવેલ હોય તેમ જણાતું નથી સને ૨૦૧૧-૧૨ ના વર્ષ દરમ્યાનના ઉત્તરવહીના વપરાશનો વિગતો ઓડિટ સમક્ષ રજુ થયેલ ન હોઇ વપરાશની વિગતો જાણી શકાયેલ નથી.

પ્રા. વા. નં. ૧૧૭, તા.૧૦-૯-૧૨ નો સંસ્થાએ જવાબ કરેલ નથી.

## ઉત્તરવહીની ખરીદી તથા સ્ટોકની વિગત દર્શાવતું પરિશિષ્ટ – ૨

| વર્ષ | અ.નં. | ઉત્તરવહીની વિગત | શરૂઆતનો સ્ટોક | વર્ષ દરમ્યાન ખરીદી | કુલ | વર્ષ દરમ્યાનનો વપરાશ | વર્ષના અંતે બંધ સ્ટોક |
|---|---|---|---|---|---|---|---|
| ૨૦૦૯-૧૦ | ૧ | ૩૨ પાનાની મુખ્ય ઉત્તરવહી | ૨૬,૬૯,૪૮૭ | ---- | ૨૬,૬૯,૪૮૭ | ૧૭,૨૮,૮૫૦ | ૯,૪૦,૬૩૭ |
| | ૨ | ૧૨ પાનાની પુરક ઉત્તરવહી | ૧૮,૦૫,૯૮૩ | ---- | ૧૮,૦૫,૯૮૩ | ૭,૯૬,૨૦૦ | ૧૦,૦૯,૭૮૩ |
| | ૩ | ખાખી સ્ટીકર | ૨૫,૭૨,૨૦૬ | ---- | ૨૫,૭૨,૨૦૬ | ૨૩,૧૧,૪૦૦ | ૨,૬૦,૮૦૬ |
| ૨૦૧૦-૧૧ | ૧ | ૩૨ પાનાની મુખ્ય ઉત્તરવહી | ૯,૪૦,૬૩૭ | ૩૦,૦૦,૦૦૦ | ૩૯,૪૦,૬૩૭ | ૨૦,૫૦,૦૦૦ | ૧૮,૯૦,૬૩૭ |
| | ૨ | ૧૨ પાનાની પુરક ઉત્તરવહી | ૧૦,૦૯,૭૮૩ | ૧,૫૦,૦૦૦ | ૧૧,૫૯,૭૮૩ | ૧૦,૫૭,૧૮૦ | ૧,૦૨,૬૦૩ |
| | ૩ | ખાખી સ્ટીકર | ૨,૬૦,૮૦૬ | ૪૩,૦૩,૪૦૦ | ૪૫,૬૪,૨૦૬ | ૨૮,૨૬,૪૦૦ | ૧૭,૩૭,૮૦૬ |
| ૨૦૧૧-૧૨ | ૧ | ૩૨ પાનાની મુખ્ય ઉત્તરવહી | ૧૮,૯૦,૬૩૭ | ---- | ૧૮,૯૦,૬૩૭ | રેકર્ડ રજુ નહિ થવાની જાણી શકાયેલ નથી. | |
| | ૨ | ૧૨ પાનાની પુરક ઉત્તરવહી | ૧,૦૨,૬૦૩ | ---- | ૧,૦૨,૬૦૩. | ---- | |
| | ૩ | ૨૪ પાનાની મુખ્ય ઉત્તરવહી | ---- | ૩૦,૦૦,૦૦૦ | ૩૦,૦૦,૦૦૦ | ---- | |
| | ૪ | ૮ પાનાની પુરક ઉત્તરવહી | ---- | ૧૦,૦૦,૦૦૦ | ૧૦,૦૦,૦૦૦ | ---- | |
| | ૫ | સ્ટીકર | ૧૭,૩૭,૮૦૬ | ૪૫,૦૦,૦૦૦ | ૬૨,૩૭,૮૦૬ | ---- | |

(147)



ફકરા નં. ૫૬

સને ૨૦૧૦-૧૧ ના વર્ષ દરમ્યાન ઉત્તરવહીની ખરીદીમાં જણાયેલ અનિયમિતતા.

---

ગુજરાત યુનિવર્સિટી અમદાવાદ દ્વારા સને ૨૦૧૦ માં લેવાનાર વિવિધ પરીક્ષાઓ માટે દિવ્ય ભાસ્કર, ગુજરાત સમાચાર તથા સંદેશ દૈનિક વર્તમાન પત્રમાં તા.૬-૨-૧૦ ના રોજ જાહેરાત આપી ઉત્તરવહી તેમજ ખાખી સ્ટીકર ખરીદવા માટે જાહેરાત આપી ભાવો મંગાવવામાં આવેલ હતા.

(૧) ફાયનાન્સ સમિતિના તા.૨૦-૨-૧૦ ના રોજ મળેલ સભામાં જણાવ્યા મુજબ કુલપતિશ્રીએ નિમેલ સમિતિની ભલામણો ઉપર વિચારણા કરી આવેલ ચાર પાર્ટીઓના ટેકનીકલ બીડની સ્થળ તપાસ કરીને તેમજ ચારેય કંપનીઓને પ્રત્યક્ષ બોલાવીને ચર્ચાને અંતે બે કંપનીના કોમર્શીયલ બીડ ખોલીને તમામ ભાવો માટે વ્યાજબી ભાવો કરવા ચર્ચા કરી જેના આધારે વિલ્સન કંપની અને જય ટ્રેડર્સ સાથે થયેલ ચર્ચાને અંતે વિલ્સન કંપનીએ ભરેલ ભાવ ૪.૮૫ ને બદલે ૪.૮૦ ના ભાવથી ૨૫,૦૦,૦૦૦ મુખ્ય ઉત્તરવહી, રૂ.૧.૯૦ ના ભાવથી પુરક ઉત્તરવહી ૩,૦૦,૦૦૦ તેમજ ૦.૨૪ પૈસાના ભાવથી ખાખી સ્ટીકર નંગ ૫૦,૦૦,૦૦૦ તૈયાર કરવા માટે નક્કી કરવામાં આવ્યુ તેમજ આ બાબતે પરીક્ષા નિયામકનો અભિપ્રાય રજુ થયેલ નથી. ફાઇલ વર્ક ઓર્ડર સામેલ નથી.

સદર કામે આવેલ ચાર કંપનીઓના ભાવ નીચે પ્રમાણે હતા.

| ક્રમ | કંપનીનું નામ | ૩૨ પેજ મુ. ઉત્તરવહી | ૧૨ પેજ પુરક ઉત્તરવહી | ખાખી સ્ટીકર |
|---|---|---|---|---|
| ૧ | ગાલા પ્લસ | રૂ.૪.૧૫ પૈસા | રૂ.૧.૯૦ પૈસા | રૂ.૦.૧૨ પૈસા |
| ૨ | વિલ્સન પ્રિન્ટ સીટી લિ. | રૂ.૪.૮૫ પૈસા | રૂ.૧.૯૦ પૈસા | રૂ.૦.૨૪ પૈસા |
| | નેગોશી. બાદ સુધારીને | રૂ.૪.૮૦ પૈસા | | |
| ૩ | જય ઓફ સેટ | (એ) રૂ.૪.૫૦ પૈસા | રૂ.૨.૬૦ પૈસા | રૂ.૦.૨૭ પૈસા |
| | | (બી) રૂ.૪.૬૦ પૈસા | રૂ.૨.૭૦ પૈસા | ---- |
| | | (સી) રૂ.૪.૭૫ પૈસા | રૂ.૨.૯૦ પૈસા | ---- |
| ૪ | ગુજરાત ઓફસેટ | રૂ.૫.૪૫ પૈસા | રૂ.૨.૧૨ પૈસા | રૂ.૦.૩૭ પૈસા |

ઉપરમુજબ ચાર કંપનીઓના ભાવ આવ્યા છતાં ફાયનાન્સ સમિતિમાં જણાવ્યા મુજબ ફકત બે જ કંપનીના કોમર્શીયલ બીડ ખોલવામાં આવેલ હતા. ગાલા પ્લસ તેમજ ગુજરાત ઓફસેટના કોમર્શીયલ બીડ કયા કારણોસર ખોલવામાં આવેલ ન હતા જે બાબતે જવાબદારોથી આધાર સહ સ્પષ્ટતા થવી ઘટે.

સદરહુ કામે આવેલ ટેન્ડર ફાઇલો તથા ટેકનીકલ બીડની ચકાસણી કરતાં આવેલ ચારેય કંપનીઓના ભાવોમાં સૌથી ઓછા ભાવ ગાલા પ્લસના હોવાનું જોવા મળેલ હતુ તેમજ તેઓએ સૌરાષ્ટ્ર યુનિવર્સિટીની તદ્દન આ પ્રકારની જ કામગીરી કરેલ હતી તેમજ અન્ય કોઇ અગત્યના ડી. મેરીટ્સ જોવા મળેલ ન હતા આમ ગાલા પ્લસનું ટેકનીકલ બીડ નહીં ખોલવાને કારણે યુનિવર્સિટીને ૩૨ પેજની ખરીદેલ ઉત્તરવહી ૨૯,૮૫,૦૦૦ × ૬૫ પૈસા (૪.૮૦ – ૪.૧૫ ૦.૬૫) લેખે રૂ.૧૯,૪૦,૨૫૦/- નું તેમજ ખાખી સ્ટીકર ખરીદેલ ૩૮,૬૮,૬૦૦ ×૧૨ પૈસા , (૦.૨૪ પૈસા – ૦.૧૨ પૈસા ૧૨ પૈસા) લેખે રૂ.૪,૬૪,૨૩૨/- મળી કુલ રૂ.૨૪,૦૪,૪૮૨/- નું નુકસાન થવા પામેલ છે. જે બાબતે જવાબદારોથી સ્પષ્ટતા થવી ઘટે.

ટેન્ડરમાં માંગવામાં આવેલ ઉત્તરવહીની સાઇઝ ૮.૫"×૧૧.૫" ઇંચ તથા વજન ૬૦ જી.એસ.એમ. તથા એ-૪ સાઇઝનો કાગળ વાપરવાનો રહેશે. તેમ જણાવેલ જે અંગેની ખરાઇ માટે અત્રેના પ્રા. વાંધા નં. ૧૦૩ તા.૧૭-૭-૧૨ થી છપાઇને આવેલ ઉત્તરવહીઓનું ટેન્ડરમાં દર્શાવેલ સાઇઝ તથા વજન બાબતે વૈજ્ઞાનિક પરીક્ષણ કરાવેલ હોય તો તેની વિગતો પુરી પાડવા જણાવવા છતાં સંસ્થા તરફથી કોઇ વિગત રજુ થયેલ નથી. જેથી ઉત્તરવહીઓ ટેન્ડરની શરત મુજબ છપાઇને આવેલ હોવા બાબતની ઓડિટને ખરાઇ થઇ શકેલ નથી.

ફકરા નં. ૫૭

સને ૨૦૦૯-૧૦ તથા ૨૦૧૦-૧૧ ના વર્ષમાં કરેલ પલ્પીંગ કામમાં જણાયેલ અનિયમિતતા બાબત.

---

ગુજરાત યુનિવર્સિટી દ્વારા લેવામાં આવતી પરીક્ષાઓમાં પરીક્ષામાં વપરાયેલ ઉત્તરવહીઓની બીજા વર્ષે પલ્પીંગની કામગીરી હાથ ધરવામાં આવતી હોય છે. આમ, સને ૨૦૦૮-૦૯માં વપરાયેલ ઉત્તરવહીની વિગત નીચે પ્રમાણે છે જેનુ પલ્પીંગ માટે ટેન્ડર પ્રક્રિયા કરી ડાયમંડ સ્કેચ ટ્રેડર્સ અમદાવાદને પ્રતિ કિલો રૂ.૧૦.૭૫ પૈસાના ભાવથી આપવાનો ત્રણ વર્ષ માટે કરાર કરેલ. જેના દ્વારા ડીએસજી પેપર્સ પ્રા. લિ. પતિયાલા ખાતે પલ્પીંગ કરાવવામાં આવેલ હતું. સને ૨૦૦૮-૦૯ ના વર્ષ દરમ્યાન વપરાયેલ ઉત્તરવહીઓની વિગતે નીચે પ્રમાણે હતી જે સને ૨૦૦૯-૧૦ માં પલ્પીંગ કરાવવામાં આવેલ છે.

| ક્રમ નં. | વિગત | વપરાશ | વજન | કુલ વજન |
|---|---|---|---|---|
| ૧ | ૩૨ પેજ મુ. ઉત્તરવહી | ૨૧,૩૦,૫૧૩ | ૬૦ ગ્રામ | ૧,૨૧,૮૩૦ કિ. ગ્રા. |
| ૨ | ૧૨ પેજ પુરક ઉત્તરવહી | ૬,૯૪,૦૧૭ | ૨૨,૬૮ ગ્રામ | ૧૫,૭૪૦ કિ. ગ્રા. |
| ૩ | ૪ પુરક ઉત્તરવહી | ૩,૧૩,૯૦૫ | ૭.૫૬ ગ્રામ | ૨,૩૭૩ કિ. ગ્રા. |
| કુલ | | | | ૧,૩૯,૯૪૩ કિ. ગ્રા. |

ઉપરોકત વિગત જોતાં વપરાયેલ ઉત્તરવહીનું કુલ વજન ૧,૩૯,૯૪૩ કિ. ગ્રામ થવું જોઇએ જ્યારે પલ્પીંગ માટે મોકલાવેલ ઉત્તરવહીનું વજન ૨૯,૭૨૦ કિ. ગ્રામ થયેલ હતુ આમ ૧,૧,0,૨૨૩ કિ. ગ્રામની ઘટ પડવા પામેલ છે અને રૂ.૧૦.૭૫ પૈસાનો ભાવ ગણતાં રૂ.૧૧,૮૪,૮૯૫/- નું નુકસાન થવા પામેલ છે જે બાબતે જવાબદારોથી રેકર્ડ આધારિત ખાત્રી થવી ઘટે.

વર્ષ ૨૦૦૯-૧૦ ના વર્ષ દરમ્યાન વપરાયેલ ઉત્તરવહીઓની વિગત નીચે મુજબ છે અને જેનું સને ૨૦૧૦-૧૧ ના વર્ષમાં પલ્પીંગ કરવામાં આવેલ હતુ.

| ક્રમ નં. | વિગત | વપરાશ | વજન | કુલ વજન |
|---|---|---|---|---|
| ૧ | ૩૨ પેજ મુ. ઉત્તરવહી | ૧૭,૨૮,૮૫૦ | ૬૦ ગ્રામ | ૧,૦૩,૭૩૧ કિ. ગ્રા. |
| ૨ | ૧૨ પેજ પુરક ઉત્તરવહી | ૭,૯૬,૨૦૦ | ૨૨.૬૮ ગ્રામ | ૧૮,૦૫૭ કિ. ગ્રા. |

(150)



| | | | | |
|---|---|---|---|---|
| 3 | ૪ પુરક ઉત્તરવહી | ૨,૫૮,૫૦૦ | ૭.૫૬ ગ્રામ | ૧,૯૫૪ કિ. ગ્રા. |
| કુલ | | | | ૧,૨૩,૭૪૨ કિ. ગ્રા. |

ઉપરોકત વિગતો જોતાં વપરાયેલ કુલ ઉત્તરવહીઓનું વજન ૧,૨૩,૭૪૨ કિ. ગ્રામ થવું જોઇએ જયારે પલ્પીંગ માટે ડાયમન્ડ સ્ક્રેપને મોકલી આપેલ ઉત્તરવહીઓનું વજન ૩૧૫૬૫ કિ. ગ્રામ થવા પામેલ હતુ આમ ૯૨૧૭૭ કિલો ગ્રામનો ઘટ પડેલ હતો ડાયમંડ સ્ક્રેપના ભાવ પ્રતિ કિલો રૂ.૧૦.૭૫ ગણતાં રૂ.૯,૯,૯૦૨/- નું નુકસાન થવા પામેલ હતુ જે બાબતે જવાબદારોથી રેકર્ડ આધારિત સ્પષ્ટતા થવા વિનંતી.

વધુમાં ડાયમન્ડ સ્ક્રેપ ટ્રેડર્સ દ્વારા પલ્પીંગ માટે ખરીદેલ ઉત્તરવહીઓનું પલ્પીંગનું કામ ધરતી પેપર મીલ ધરતી પેપર એન્ડ વિર્નિંગ નંદાસણ મહેસાણા ખાતે કરાવેલ છે. ફાઇલે પલ્પીંગ સમયે યુનિવર્સિટીએ બે કર્મચારીઓને મોકલવા માટેની નોંધ થયેલ છે પરંતુ તેઓની હાજરીમાં પલ્પીંગ થયા અંગેનું ધરતી પેપર મીલ ધરતી પેપર એન્ડ વિર્નિંગનું પ્રમાણપત્ર સામેલ રાખવામાં આવેલ નથી. જેથી ખરેખર યોગ્ય રીતે પલ્પીંગની કામગીરી થયેલ છે કે કેમ તેની ખાત્રી થઇ શકેલ નથી.

ઉપરોકત તમામ મુદ્દાઓ બાબતે મુદ્દાસર રેકર્ડ આધારિત ઓડિટને ખાત્રી કરાવવી ઘટે.

વાંધા હેઠળ રૂ.૨૪,૪૦,૪૮૨/-

(151)



ફકરા નં. ૫૮

સેલ્ફ ફાયનાન્સ કોલેજોને મંજુરી તથા ડેવલપમેન્ટ ફંડ બાબત.

---

ગુજરાત યુનિવર્સિટી અમદાવાદ અંતર્ગત સને ૨૦૦૬ થી તા.૩૧-૭-૧૨ દરમ્યાન કુલ ૧૯૨ સેલ્ફ ફાયનાન્સ કોલેજો હતી જુદી – જુદી વિદ્યા શાખાની કોલેજો પાસેથી ડેવલપમેન્ટ ફંડ પેટે રૂ.૨,૫૫૯.૫ લાખ વસુલ કરવામાં આવેલ છે. આ ફંડ ચુકવવામાંથી કોઇ કોલેજને મુક્તિ આપવામાં આવેલ નથી.

સલંગ્ન કોલેજો પૈકીની ખુબજ ઓછી વિદ્યાર્થી સંખ્યા ધરાવતી બી. બી. એ. કોલેજોની વિગત નીચે મુજબ છે.

| અ.નં. | કોલેજનું નામ | શૈક્ષણિક વર્ષ | રકમ |
|---|---|---|---|
| ૧ | દિવાબા બી. બી. એ. કોલેજ એનાસણ | ૧૧-૧૨ થી | ૭.૫૦ લાખ |
| ૨ | રૂદ્ર બી. બી. એ. કોલેજ વહેલાલ | !! | ૭.૫૦ લાખ |
| ૩ | આર.એમ.ટી ગ્રુપ બી. બી. એ. કોલેજ ભોયણી | !! | ૭.૫૦ લાખ |
| ૪ | કામેશ્વર બી. બી. એ. કોલેજ સરગાસણ | !! | ૭.૫૦ લાખ |
| ૫ | કલોલ તાલુકા કેળવણી મંડળ બી. બી.એ. કોલેજ કલોલ | !! | ૭.૫૦ લાખ |
| ૬ | બ્રહ્માનંદ બી. બી. એ. કોલેજ હાથીજણ | !! | ૭.૫૦ લાખ |
| | કુલ | | ૪૫,૦૦,૦૦૦/- |

સને ૨૦૦૫-૦૬ થી નવુ જોડાણ મેળવેલી કોલેજ નીચે મુજબ છે.

| અ. નં. | કોલેજનું નામ | શૈક્ષણિક વર્ષ | પ્રતિ વર્ષ | કુલ |
|---|---|---|---|---|
| ૧ | એન. એમ. ઝાલા આટર્સ અને કોમર્સ કોલેજ નરોડા | ૨૦૦૭-૦૮ થી ૨૦૧૧-૧૨ | ૫,૦૦,૦૦૦ | ૨૫,૦૦,૦૦૦ |
| ૨ | શેઠ સી. એલ. કોમર્સ કોલેજ રખિયાલ | !! | ૫,૦૦,૦૦૦ | ૨૫,૦૦,૦૦૦ |
| 3 | શ્રીમતી આર. બી. પટેલ આટર્સ અને | !! | ૫,૦૦,૦૦૦ | ૨૫,૦૦,૦૦૦ |

(152)



| | | | | |
|---|---|---|---|---|
| | કોમર્સ કોલેજ સાણંદ | | | |
| કુલ | | | | ૭૫,૦૦,૦૦૦ |

આમ ઉપરોકત જણાવેલ ૬ કોલેજોના રૂ.૭.૫૦ લાખ લેખે સને ૨૦૧૧-૧૨ ના રૂ.૪૫,૦૦,૦૦૦/- તેમજ નવા જોડાણ મેળવેલ ૩ કોલેજોના રૂપિયા પાંચ લાખ લેખે અને ૨૦૦૭-૦૮ થી ૨૦૧૧-૧૨ ના પાંચ વર્ષના રૂ.૭૫,૦૦,૦૦૦/- મળી કુલ રૂ.૧,૨૦,૦૦,૦૦૦/- ડેવલપમેન્ટ ફંડ પેટે વસુલાતના બાકીમાં રહે છે જે માટે યુનિવર્સિટીએ શું પગલાં લીધો તે બાબતે સ્પષ્ટતા થવી ઘટે. તેમજ આ નહીં ભરેલ ડેવલપમેન્ટ ફંડ નહીં ભરવા સબબ દંડની કોઇ જોગવાઇ નહીં રાખવા બદલ પણ જવાબદારોથી સ્પષ્ટતા થવી ઘટે.

ગુજરાત યુનિવર્સિટી દ્વારા સેલ્ફ ફાયનાન્સ કોલેજો પાસેથી ડેવલપમેન્ટ ફંડ તરીકે ફી ઉઘરાવવાનું નક્કી કરેલ હતુ તે માટે કોઇ ધારા ધોરણો કે નિયમો બતાવવામાં આવેલ નથી કઇ કોલેજ પાસેથી કેટલી ફી લેવી તેમજ આ પ્રકારે ઉઘરાવેલ ફંડનો ઉપયોગ કયા હેતુ માટે કરવો તે અંગે યુનિવર્સિટી એકટમાં પણ કોઇ જોગવાઇ કરવામાં આવેલ નથી. જે બાબતે જવાબદારોથી આધાર સહ સ્પષ્ટતા થવી ઘટે.

પ્રા. વાં. નં. ૧૦૬, તા.૧૩-૮-૧૨ તેમજ પ્રા. વા. નં. ૧૧૩, તા. ૨૭-૮-૧૨ નો સંસ્થાએ કરેલ જવાબ ગ્રાહય રાખી શકાય તેમ નથી.

(153)



ફકરા નં. ૫૯

ગુજરાત યુનિવર્સિટી એસ્ટેટ વિભાગ દ્વારા કરાવેલ બાંધકામના કામોમાં જણાયેલી અનિયમિતતા બાબત.

---

ગુજરાત યુનિવર્સિટી અમદાવાદના સને ૨૦૦૭-૦૯ ના અન્વેષણ દરમ્યાન નિરીક્ષકશ્રી સ્થાનિક ભંડોળ હિસાબ, ગાંધીનગરના તા.૬-૮-૧૨ ના પત્ર અનુસંધાને ગુજરાત યુનિવર્સિટી પોલીસ સ્ટેશન ઇન્કવાયરી કેસ નં. ૧/૧૨ માં દર્શાવેલ મુદ્દાઓ અનુસંધાને એસ્ટેટ વિભાગ દ્વારા સને ૨૦૦૬ થી તા.૩૧-૭-૧૨ દરમ્યાન કરેલ કામોની વિગતો માંગતા નીચે જણાવેલ કામોની ફાઇલો ઓડિટમાં રજુ કરેલ હતી.

| ક્રમ | કામનું નામ | ઇજારદારનું નામ | મંજુર કરેલ રકમ |
|---|---|---|---|
| ૧ | વુમન ડેવલપમેન્ટ | પી. સી. સ્નેહલ | ૪૬,૯૬,૭૦૪ |
| ૨ | રોલવાલા કોમ્પ્યુટર સેન્ટર | !! | ૭૯,૯૫,૩૩૮ |
| ૩ | એચ. કે. ટ્રેનીંગ સેન્ટર એક્ષ્ટેન્શન | સામવિત બિલ્ડ કેર | ૪૧,૫૯,૬૦૯ |
| ૪ | પ્રોફેશનલ મેનેજમેન્ટ સ્ટડી સેન્ટર | પી. સી. સ્નેહલ | ૩,૭૮,૧૫,૫૭૦ |
| ૫ | બાયો કેમેસ્ટ્રી ફોરેન્સીક સાયન્સ | !! | ૧,૭૦,૭૪,૩૪૧ |
| ૬ | ગેસ્ટ હાઉસ એકેડેમીક સ્ટાફ કોલેજ | !! | ૧,૩૨,૧૩,૭૫૦ |
| ૭ | લેડીઝ હોસ્ટેલ બ્લોક | હર્ષદ શાહ કું. | ૧,૬૭,૩૩,૨૫૮ |
| ૮ | સ્પોર્ટ્સ કોમ્પ્લેક્ષ ચેઝીંગ રૂમ | !! | ૩૪,૫૭,૮૯૦ |
| | કુલ | | ૧૦,૫૧,૪૬,૪૬૦ |

૨. ઉપરોકત રજુ કરેલ ફાઇલોની ચકાસણી કરતાં બાંધકામ સમિતિની તા.૨૦-૮-૨૦૦૯ ની સભાના ઠરાવ નં. ૬ થી બાંધકામને લગતા આનુસંગિક કામો માટે આર્કિટેક્ટ / કન્સલ્ટંટ મે. એલ. જે. પુરાણી એન્ડ એસોસીએટ્સ પાસેથી કાર્યવાહી કરવાનું રાખવું તેમ ઠરાવેલ છે સદરહુ કન્સલ્ટંટ તરીકે એલ. જે. પુરાણીની નિમણુંક માટે કાયદેસરની તેમજ નિયમોનુસારની કાર્યવાહી એટલે કે ટેન્ડરો મંગાવી કરવામાં આવેલ હતી કે કેમ તે ટેન્ડર જાહેરાત, ટેન્ડર ફાઇલ, તુલનાત્મક પત્રક, વર્ક ઓર્ડર, કમ્પ્લીશન સર્ટી વિગેરે રજુ નહી થવાને કારણે ચકાસણી થઇ શકેલ નથી.

૩. સદરહુ કામો અંગે કરવામાં આવેલ જાહેરાત / ટેન્ડર પ્રક્રિયાની ફાઇલોની વિગતો માંગતાં બાંધકામ સમિતિની તા.૩-૨-૦૭ ની મીનીટ્સ રજુ કરેલ હતી જેની બાબત ક્રમાંક:૨ માં જણાવ્યા

મુજબ યુનિવર્સિટી અંતર્ગત કરવાના થતા ૫૦ લાખથી નીચેના સિવિલ કામો માટે આવેલ પ્રિ. ક્વોલીફીકેશનના ૨૧ ટેન્ડરો પરથી મે.એલ. જે. પુરાણી એસોસીએટ્સ દ્વારા વિગતો જેવી કે બાંધકામનો અનુભવ કરેલા કામો અને તેની કિંમતો ટેકનીકલ સ્ટાફની વિગતો જેવી કે તેઓનો બાંધકામનો અનુભવ, સાધન સામગ્રીની માહિતિ વિગેરેની ચકાસણી કર્યાબાદ તૈયાર કરેલ તારણ પત્રક પરથી જે કોન્ટ્રાકટરો ૬૫ માર્કસ કે તેથી વધુમાં આવે છે તે મુજબના કોન્ટ્રાકટરોની પેનલ બનાવીને કામો સોંપવાની કાર્યવાહી કરવામાં આવેલ હતી અને હવે પછી જરૂર જણાય ત્યારે તેઓની પાસેથી ભાવો મંગાવી ઘટતી કાર્યવાહી કરવી તેમ નક્કી થયેલ હતુ.

ઉપરોકત વિગતો જોતાં સદર ૨૧ કોન્ટ્રાકટરોમાંથી તા.૩-૨-૦૭ ની બાંધકામ સમિતિની સભાના ઠરાવ નં. ૨ માં જણાવ્યા મુજબ નવ કોન્ટ્રાકટરોની પેનલ બનાવવામાં આવેલ હતી યુનિવર્સિટી દ્વારા આ પ્રકારે ૨૧ કોન્ટ્રાકટરો તેમજ નિયુકત નવ કોન્ટ્રાકટરોમાં મે. પી. સી. સ્નેહલનું કોઇ જગ્યાએ નામ ન હોવા છતાં ઉપરોકત દર્શાવેલ આઠ કામો પૈકી પાંચ કામો પી. સી. સ્નેહલને સોંપવામાં આવેલ હતાં અને તે માટે કોઇ ટેન્ડર પ્રક્રિયા કરેલ હતી કે કેમ તે ફાઇલ ઉપરથી જાણી શકાયેલ નથી.

આમ પી. સી. સ્નેહલનું પેનલમાં નામ ન હોવા છતાં પાંચ કામો સોંપવા સબબ સ્પષ્ટતા થવી ઘટે. વધુમાં સોંપેલ સદર કામોમાં ક્રમ નં. ૨ તથા ક્રમ નં. ૪, ૫ અને ૬ નંબર ન કામો પચાસ લાખથી વધુ રકમના હોવા છતાં કેવા સંજોગોમાં તેઓને કામ આપવામાં આવેલ છે તે બાબતે જવાબદારેથી આધાર સહ સ્પષ્ટતા થવી ઘટે.
વધુમાં ઉકત બાંધકામ સમિતિના ઠરાવ નં. ૨ મુજબ ફકત પચાસ લાખથી નીચેના કામો માટે જ સદર પેનલમાંથી ભાવો મંગાવી કામો કરાવવાના થતા હતા ઉપર જણાવેલ આઠ કામો પૈકી ફકત ત્રણ કામો જ પચાસ લાખથી નીચેના છે બાકીના કામો પચાસ લાખથી વધુ રકમના હોવા છતાં પેનલના જ કોન્ટ્રાકટરોને કામ આપવામાં આવેલ છે જે ઉકત ઠરાવ સાથે સુસંગત નથી આ કામો માટે નિયમોનુસાર જાહેરાત પ્રક્રિયાથી ટેન્ડરો મંગાવી સૌથી ઓછા ભાવ વાળી પાર્ટી પાસે જ કામ કરાવવું જોઇએ જે નહી કરાવવા બદલ જવાબદારોથી આધાર સહ સ્પષ્ટતા થવી ઘટે.

૪. બાંધકામ સમિતિના તા.૨૨-૪-૧૦ ની સભાના ઠરાવ નં. ૫-માં જણાવ્યા મુજબ પ્રોફેશનલ સ્ટડીઝના બિલ્ડીંગ માટે પ્લાન / અંદાજો તથા આનુસંગિક કાર્યવાહી કરવા અંગે દાતાશ્રી સાથે વાટાઘાટો કરી કામકાજ કરવા માટે ખુટતી કાર્યવાહી કરવાની સત્તા મા. કુલપતિશ્રીને આપવી તેમ જણાવેલ છે સદર બાબતે આ બિલ્ડીંગ માટે કયા દાતાશ્રી તરફથી કેટલી રકમ, કઇ શરતોને

આધીન દાન પેટે આપેલ છે. તેમજ આ કામ માટે ઠરાવમાં જણાવ્યા મુજબ મા. કુલપતિશ્રીએ દાતાશ્રી સાથે વાટાઘાટો કરી તેમાં દાતાશ્રીનો સો અભિપ્રાય હતો તે અંગેની સઘળી વિગતો ઓડિટે રજુ કરવી ઘટે. દાતા તરફથી જે હેતુ માટે દાન આપેલ હતું તે જ હેતુ માટે રકમનો ઉપયોગ થયેલ હતો કે કેમ તે બાબતે ઓડિટને ખાત્રી કરાવવી રહે.

૫. ઉપરોકત વિગતો જોતાં સમગ્ર રીતે તા.૩-૨-૦૭ ની બાંધકામ સમિતિની સભાના ઠરાવ નં. ૨ નું સંપુર્ણ પણે ઉલ્લંઘન કરવામાં આવેલ હોય તેમ જણાય છે અને પસંદગીના ઇજારદારોને જ લાભ કરી આપવામાં આવેલ હોય તેમ જણાય છે આમ, નાણાંકિય ઔચિત્યના સિધ્ધાંતોનો સદંતર ભંગ કરવામાં આવેલ છે જે બાબતે જવાબદારોથી સ્પષ્ટતા થવી ઘટે.

વધુમાં સદર કામો અંગેની તમામ ફાઇલો દફતરની માંગણી કરવાં છતાં સંસ્થા દ્વારા ફકત આઠ કામોની ફાઇલો કે જેમાં વર્ક ઓર્ડર, ઇજારદાર દ્વારા રજુ કરેલ બિલોની જ વિગતો જોવા મળેલ છે ઇજારદારને કામ વાઇઝ થયેલ ચુકવણાની વિગતો ઓડિટે રજુ કરવી ઘટે. તેમજ બાંધકામ રજિસ્ટર રજુ થયેલ ન હોઇ કામ કયારે શરૂ થયેલ, કામ કયારે પૂર્ણ થયેલ, કામની અંદાજીત રકમ, ટેન્ડરની રકમ, ખરેખર થયેલ ખર્ચની રકમ, ખર્ચ વધે કે ઓછો થયેલ હોય તો નિયમાનુસારની કાર્યવાહી થયેલ છે કે કેમ? તથા કામ સમયમર્યાદામાં પૂર્ણ થયેલ છે કે કેમ? મુદત વધારો આપેલ છે. તે અંગેની વિગતો જાણી શકાયેલ નથી. તેમજ કામની માપપોથીઓ રજુ થયેલ ન હોઇ માપના વાજબીપણાની ખાત્રી થઇ શકેલ નથી.

પ્રા. વાં. નં. ૧૧૮, તા.૧૨-૯-૧૨ નો સંસ્થાએ જવાબ કરેલ નથી.

વાંધા હેઠળ – રૂ.૧૦,૫૧,૪૬,૪૬૦/-

ફકરા નં. ૬૦

ખાનગી સીકયુરીટીના આપેલ કોન્ટ્રાકટમાં જણાયેલી અનિયમિતતા બાબત.

---

ગુજરાત યુનિવર્સિટી અમદાવાદ દ્વારા ખાનગી સીકયુરીટી સલામતિના કારણોસર રોકવામાં આવતી હોય છે સને ૨૦૦૭-૦૮ ના વર્ષ માટે યુનિવર્સિટી દ્વારા રજુ કરેલ રેકર્ડની ચકાસણી કરતાં કઇ સીકયુરીટી કંપનીને કયા દરે કેટલા સીકયુરીટી / ગાર્ડ માટે કોન્ટ્રાકટ આપવામાં આવેલ હતો તેની પુરતી ચકાસણી અ વ્યવસ્થિત રીતે નિભાવેલ રેકર્ડને કારણે થઇ શકતી નથી. તેમજ સાચી વિગતો જાણી શકાયેલ નથી.

સને ૨૦૦૮-૦૯ ના વર્ષ માટે ખાનગી સીકયુરીટી માટે કયા વર્તમાન પત્રમાં જાહેરાત આપવામાં આવેલ હતી. તે જાણી શકાયેલ નથી તા.૧-૧૧-૦૮ થી તા. ૩૧-૧૦-૦૯ ના વર્ષ દરમ્યાન રૂ.૩,૦૦૦/- ના માસિક ભાવે શીવ સીકયુરીટી અને રાજપુત સીકયુરીટી સાથે નેગોશીયેશન કરવામાં આવેલ અને તેઓને વર્ક ઓર્ડર આપવામાં આવેલ હતો.

વધુમાં શીવ સીકયુરીટીને પત્ર નં. ૯૬૭૨, તા. ૨૬-૧૧-૦૮ થી ઉચ્ચક માસિક રૂ.૧,૪૭,૦૦૦/- સેવા કર મુજબ તા. ૧-૧૧-૦૮ થી તા.૩૧-૧૦-૦૯ સુધી સલામતી ગાર્ડ પુરા પાડવા માટે ઓર્ડર આપવામાં આવેલ સદર ઓર્ડરમાં કેટલા સીકયુરીટી ગાર્ડ માટે કરાર કરવામાં આવેલ હતો તે અંગેની કોઇ સ્પષ્ટતા કરવામાં આવેલ નથી. તેજ પ્રમાણે પત્ર નં. ૪૦૭૫૬ તા.૨૪-૧૨-૦૮ થી હથિયાર ધારી સલામતી ગાર્ડ ૨૪ કલાક માટે (૮ કલાકની શીફટ મુજબ) માસિક ઉચ્ચક રૂ.૧૪૩૭૦/- સેવા કર મુજબ તા.૧-૧૧-૦૮ થી તા.૩૧-૧૦-૦૯ સુધી કાયમી ધોરણે પુરા પાડવા માટે ઓર્ડર આવેલ હતો.

વધુમાં રાજપુત સીકયુરીટીઝને પણ પત્ર નં. ૯૬૭૪, તા.૨૬-૧૧-૦૮ માસિક ઉચ્ચક રૂ.૯૩,૦૦૦ +સેવાકર મુજબ તા.૧-૧૧-૦૮ થી તા.૩૧-૧૦-૦૯ સુધી કાયમી ધોરણે સલામતી ગાર્ડ પુરા પાડવા માટે કોન્ટ્રાકટ આપવામાં આવેલ માસિક ધોરણે રૂ.૩,૦૦૦/- ના ભાવથી કોન્ટ્રાકટ આપવામાં આવેલ હોવા છતાં શીવ સીકયુરીટીઝ તથા રાજપુત સીકયુરીટીઝને માસિક ઉચ્ચક ધોરણે કોન્ટ્રાકટ આપવા બાબતે સ્પષ્ટતા થવીઘટે તેમજ ઉચ્ચક આપવામાં આવેલ કોન્ટ્રાકટમાં કુલ કેટલા ગાર્ડ માટે કોન્ટ્રાકટ આપવામાં આવે છે તે અંગે કોઇ સ્પષ્ટતા થયેલ નથી. તેમજ આ પ્રકારે આપેલ કોન્ટ્રાકટ બાબતેના કાયદેસરના સ્ટેમ્પ પેપર ઉપર કરારે કરવો જોઇએ જે પણ યુનિવર્સિટી દ્વારા કરવામાં આવેલ હોવાનું ફાઇલ ઉપરથી ફલીત થતુ નથી તો આ બાબતે પણ જવાબદારોથી સ્પષ્ટતા થવી ઘટે.

સને ૨૦૦૯-૧૦ ના વર્ષની ફાઇલની ચકાસણી કરતાં તા.૭-૧-૧૦ ના પત્ર નં. ૧૧૪૦૯ થી રાજપુત સીકયુરીટી સર્વિસીસને કુલ ૩૧ સલામતી ગાર્ડને ઉચ્ચક માસિક રૂ.૯૩,૦૦૦/- થી તા. ૧-૧૧-૦૯ થી તા. ૩૧-૧૦-૧૦ સુધી એક વર્ષ માટે કોન્ટ્રાકટ રીન્યુ કરેલ છે.

તેજ પ્રમાણે સને ૨૦૦૯-૧૦ માટે તા. ૭-૧-૧૦ ના પત્ર નં. ૧૧૪૦૮ થી ૭૬ સીકયુરીટી ગાર્ડ માટે ઉચ્ચક માસિક રૂ.૨,૨૮,૦૦૦/- + સેવાકર સાથે તા.૧-૧૧-૦૯ થી તા. ૩૧-૧૦-૨૦૧૦ સુધી કાયમી ધોરણે ગાર્ડ પુરા પાડવા માટે શીવ સીકયુરીટીનો કોન્ટ્રાકટ રીન્યુ કરેલ છે આમ અગાઉના વર્ષમાં શીવ સીકયુરીટીને રૂ.૧,૪૭,૦૦૦/- માં કોન્ટ્રાકટ આપવામાં આવેલ હતો તેને બદલે ૨૦૦૯-૧૦ માં માસિક ઉચ્ચક રૂ.૨,૨૮,૦૦૦/- ના દરે કોન્ટ્રાકટ રીન્યુ કરવા બાબતે ઓડિટને આધાર સહ ખાત્રી કરાવવી ઘટે.

સને ૨૦૧૦-૧૧ ના વર્ષ માટે દિવ્ય ભાસ્કર, સંદેશ તથા ગુજરાત સમાચાર દૈનિક વર્તમાનપત્રોમાં તા.૧૬-૧૦-૧૦ ના રોજ જાહેરાત આપી ભાવો મંગાવેલ હતા કામે કુલ કેટલા ટેન્ડરો વેચાયેલ હતા અને કેટલા ભરાઇને પરત આવેલ હતા તેમજ કઇ પાર્ટીના ભાવો સૌથી ઓછા હતા તે બાબતે ફાઇલે કોઇ વિગતન હોવાને કારણે જાણી શકાયેલ નથી.

તા.૧-૪-૧૧ થી તા.૩૧-૩-૧૨ સુધીના સમયગાળા માટે કુલ ૧૦૦ સીકયુરીટી ગાર્ડ માટેની જરૂરીયાત રહેશે તેવુ એસ્ટેટ એન્જિનિયરની નોંધ ઉપર જોવા મળેલ છે પરંતુ આ બાબતે શીવ સીકયુરીટીને તા.૧-૪-૧૧ થી તા.૩૧-૩-૧૨ સુધી કેટલા સીકયુરીટી ગાર્ડ માટે વર્ક ઓર્ડર આપવામાં આવે છે તે બાબતનો ઉલ્લેખ શીવ સિકયુરીટીને તા.૨૩-૩-૧૧ ના પત્રથી આપેલ વર્ક ઓર્ડરમાં કોઇ સ્પષ્ટતા કરવામાં આવેલ નથી. વર્ક ઓર્ડર પ્રતિ માસ રૂ.૪૧,૦૦૦/- લેખે એક ગાર્ડ પ્રમાણે વર્ક ઓર્ડર આપેલ હતો. શીવ સીકયુરીટી દ્વારા ટેન્ડરમાં જણાવ્યા મુજબ રૂ.૫,૦૦,૦૦૦/- સીકયુરીટી ડીપોઝીટ ભરવાની થતી હતી જેની સામે પહોંચ નં. ૧૦૧ તા.૧-૪-૧૧ થી રૂ.૧,૦૦,૦૦૦/- ની જ સીકયુરીટી ડીપોઝીટ ભરેલ હોવાનું ફાઇલ ઉપરથી જોવા મળેલ છે. આમ, નક્કી કરેલ ડિપોઝીટ કરતાં ઓછી ડીપોઝીટ સ્વીકારી કયા સંજોગોમાં વર્ક ઓર્ડર આપવામાં આવેલ હતો તે બાબતે જવાબદારોથી સ્પષ્ટતા થવી ઘટે.

વધુમાં ઉકત તમામ કિસ્સાઓમાં નિયમોનુસાર સ્ટેમ્પ પેપર ઉપર કોઇ કરાર કરવામાં આવતા હોવાનું જોવા મળેલ નથી. તેમજ અગાઉના વર્ષોમાં પાર્ટીઓએ સીકયુરીટી ડીપોઝીટ ભરેલ હતી કે કેમ તે બાબતે જવાબદારોથી સ્પષ્ટતા થવી ઘટે. યુનિવર્સિટી દ્વારા રજુ કરેલ તમામ ફાઇલોની ચકાસણી કરતાં અવાર નવાર અલગ – અલગ કારણો દર્શાવી કરારની મુદતો લંબાવી ટેન્ડર પ્રક્રિયા નિયત સમયે નહી કરી ઇજારદારને લાભ કરાવી આપવામાં આવતો હોવાનું ઓડિટે

ધ્યાને આવેલ છે આમ નિયત સમયગાળા દરમ્યાન ટેન્ડર પ્રક્રિયા નહીં કરી કોન્ટ્રાકટ રીન્યુ કરાવવા બાબતે જવાબદારોથી સ્પષ્ટતા થવી ઘટે.

પ્રા. વાં. નં. ૧૧૨, તા.૨૭-૮-૧૨ નો સંસ્થાએ કરેલ જવાબ ગ્રાહ્ય રાખી શકાય તેમ નથી.

ફકરા નં. ૬૧

પહોંચબુકના હિસાબોનું રજિસ્ટર નહીં નિભાવવા બાબત.

---

ગુજરાત યુનિવર્સિટી અમદાવાદના સને ૨૦૦૯-૧૦-૧૧-૧૨ ના વર્ષ દરમ્યાન અલગ – અલગ ૬૨ પ્રકારની પહોંચોથી ખુબ જ મોટા પ્રમાણમાં આવકો થયેલ હતી જેની વિગત નીચે પ્રમાણે હતી.

| ક્રમ | આવકની વિગત | ૨૦૦૯-૧૦ | ૨૦૧૦-૧૧ | ૨૦૧૧-૧૨ |
|---|---|---|---|---|
| ૧ | પરીક્ષા ફીની આવક | ૭,૫૫,૦૮,૯૯૯ | ૮,૯૧,૦૨,૦૫૨ | ૧૦,૧૮,૩૧,૬૬૮ |
| ૨ | પ્રકાશનોની આવક | ૧,૧૭,૦૬,૫૦૪ | ૧,૧૪,૨૧,૯૭૩ | ૨,૧૬,૨૮,૧૧૧ |
| ૩ | અન્ય ફીની આવક | ૩,૭૮,૭૭,૦૮૪ | ૫,૫૬,૦૬,૦૭૧ | ૩,૬૩,૩૯,૭૮૪ |
| ૪ | પરચુરણ આવક | ૨,૩૪,૩૮,૫૬૪ | ૧,૭૬,૯૦,૧૪૬ | ૧,૦૮,૩૩,૫૯૭ |
| ૫ | કોમ્પ્યુ. સેન્ટરની આવક | ૪,૭૮,૧૨૫ | ૩,૬૩,૪૯૫ | ૩,૦૩,૬૦૫ |

ઉપરોકત વિગતોએ પહોંચ બુકો છપાઇને હિસાબી શાખામાં આવતી હોય છે આ પ્રકારે આવેલ પહોંચ બુકોને વિગતવાર નિયમોનુસાર સ્ટોક રજિસ્ટરે જમા લેવાની હોય છે ત્યારબાદ યુનિવર્સિટીના અલગ – અલગ કાઉન્ટરો ઉપર જરૂરીયાત મુજબ ફાળવણી કરવામાં આવતી હોય છે જે અંગેનું કોઇ રજિસ્ટર નહીં નિભાવવાને કારણે કયા પ્રકારની પહોંચોનો કેટલો જથ્થો વર્ષની શરૂઆતમાં હતો, વર્ષ દરમ્યાન કેટલી અને કયા પ્રકારની પહોંચો નવી છપાઇને આવેલ તેમાંથી અલગ – અલગ કાઉન્ટરો ઉપર કયા પ્રકારની કેટલી પહોંચોની ફાળવણી કરવામાં આવેલ અને વર્ષના અંતે કયા પ્રકારની કેટલી પહોંચબુકો હાથ ઉપર રેહવા પામેલ હતી તે અંગેની ખાત્રી થઇ શકેલ નથી.

આ પ્રકારનું દફતર અદ્યતન રીતે તૈયાર કરી ઓડિટે ખાત્રી કરાવેલ નથી આ બાબત ઘણી ગંભીર છે જેને કારણે ઘણી અનિયમિતતાઓ સર્જાવાનો અવકાશ રહે છે.

પ્રા. વાં. નં. ૧૧૬, તા.૭-૯-૧૨ નો સંસ્થાએ જવાબ કરેલ નથી.

## પ્રમાણપત્રો

(ક) સંસ્થાના હિસાબો અધુરા હોવાથી તેમજ ઓડિટમાં સંબંધકર્તા રેકર્ડ રજુ નહી થવાથી ઓડિટ રીપોર્ટમાં લેવાયેલ નોંધને લક્ષમાં લેતા સાચા હોવાનું પ્રમાણિત થઇ શકે તેમ નથી.

(ખ) ઓડિટ વર્ષના વાર્ષિક હિસાબોની તારીજ આ સાથે સામેલ રાખવામાં આવેલ છે તેની હિસાબના ચોપડાઓ સાથે કસોટી રૂપ ચકાસણી કરતાં હિસાબોની નિભાવણી સંતોષકારક માલુમ પડેલ નથી. હિસાબોની જાળવણી માટે વધુ લક્ષ આપવાની ખાસ જરુર છે. હિસાબો ક્યા નિયમને આધારે નિભાવવામાંઆવે છે તેની ઓડિટને માહિતી મળેલ નથી. વાર્ષિક હિસાબ અને લેજરમાં દર્શાવેલ આવક/ખર્ચના હિસાબોની ચકાસણી સંલગ્ન રેકર્ડ સાથે થઇ શકેલ નથી.

(ગ) ઓડિટ દરમ્યાન 109 પ્રાથમિક વાંધાઓ પાઠવવામાં આવ્યા હતા. જેમાંથી યુનિવર્સિટીએ 12પ્રાથમિક વાંધાઓના જવાબ કરેલ નથી.

(ઘ) ઓડિટ અહેવાલ મળ્યા તારીખથી ચાર માસમાં તેની પુર્તતા કરી જવાબો મોકલી આપવા વિનંતી છે.

(c) નાના વાંધાઓનું પત્રક નિભાવેલ નથી.

| | | |
|---|---|---|
| જિલ્લા સહાયક નિરીક્ષક | સંયુકત નિરીક્ષક | નિરીક્ષક |
| સ્થા. ભંડોળ હિસાબ | સ્થા. ભંડોળ હિસાબ | સ્થા. ભંડોળ હિસાબ |
| અમદાવાદ | ગાંધીનગર | ગાંધીનગર |

સ્વાવમત પર નિરીક્ષકશ્રીની સહી છે.

નકલ સાદર રવાનાઃ-

(1) સચિવશ્રી, શિક્ષણ વિભાગ, સચિવાલય ગુજરાત રાજય, ગાંધીનગર

(2) ઉચ્ચશિક્ષણ કમિશ્નરશ્રી, ગુજરાત રાજય ડો. જીવરાજ મહેતા ભવન ગાંધીનગર

(3) નિરીક્ષકશ્રી, સ્થાનિક ભંડોળ હિસાબ (મુખ્ય મથક) બ્લોક નં17 જૂના સચિવાલય ગાંધીનગર.

જિલ્લા સહાયક નિરીક્ષક
સ્થાનીક ભંડોળ હિસાબ
અમદાવાદ.

# ગુજરાત યુનિવર્સિટી

## વાર્ષિક હિસાબ 2011-2012

### તા. 01-04-2011 થી તા. 31-03-2012 સુધીના આવક-ખર્ચ ના હિસાબો પત્રકનં-01

| આવક | રુપિયા | ખર્ચ | રુપિયા |
|---|---|---|---|
| 01 | 02 | 03 | 04 |
| પરીક્ષા ફી ની આવક | 82462956.00 | કર્મચારી વર્ગ ખર્ચ | 66301663.21 |
| અન્ય ફી ની આવક | 42693500.91 | કુલપતિશ્રી તથા ઉપકુલપતિશ્રીના કાર્યાલય ખર્ચ | 186411.00 |
| પ્રકાશનોની આવક | 9026872.00 | પરીક્ષા ખર્ચ | 118279910.13 |
| ગ્રાન્ટસની આવક | 342548681.66 | મુસાફરી ભથ્થા | 918394.00 |
| પરચુરણ આવક | 13886265.83 | મુદ્રણલેખન સામગ્રી તથા ટપાલ ખર્ચ | 1307516.00 |
| અનુસ્નાતક શિક્ષણકાર્ય | 33288553.00 | સંશોધન માટેની ગ્રાન્ટ શિષ્યવૃતિ વગેરે | 0.00 |
| આરોગ્ય કેન્દ્ર આવક | 31935.00 | રમત ગમત અને વિદ્યાર્થી કલ્યાણ પ્રવૃતિ ખર્ચ | - |
| અતિથી ગૃહ આવક | 1000.00 | (અ) રમત ગમત વ્યાયામ પ્રવૃતિ ખર્ચ | 2006322.07 |
| યુનિવર્સિટી છાત્રાલયો | 918061.00 | (બ)યુવક કલ્યાણ પ્રવૃતિ ખર્ચ | 365577.00 |
| જમીન આવક | 2485416.00 | (ક)રાષ્ટ્રીય સેવા યોજના | 4848434.50 |
| પરફોર્મિંગ આર્ટસ અભ્યાસક્રમ આવક | 450000.00 | (ડ)યુનિવર્સિટી આરોગ્ય ખર્ચ | 2183974.09 |
| યુનિવર્સિટી ગ્રંથાલય | 45465.00 | (ઈ)અભ્યાસેતર શિક્ષણ પૂરક પ્રવૃતિ યુનિ. સપ્તાહ વગેરે | 172650.00 |
| ગ્રંથાલય શાસ્ત્ર ભવન | 379600.00 | યુનિવર્સિટી પ્રકાશન તથા તે માટેની ગ્રાન્ટ | 840026.00 |
| યુનિવર્સિટી કોમ્પ્યુટર સેન્ટરની આવક | 303605.00 | વીમા અન્ય ખર્ચ તથા કાનુની ખર્ચ | 6156629.37 |

| | | | |
|---|---|---|---|
| પ્રોફેશનલ તાલીમ સેન્ટરની આવક | 438060.00 | બીજા કાર્યાલય ખર્ચ | 23374120.91 |
| ડેવલપમેન્ટ કોમ્યુનિકેશન આવક | 33700.00 | બીજી સંસ્થાઓની સભ્યસદ ફી | 154851.00 |
| પત્રકારત્વ વિભાગ | 138400.00 | યુનિવર્સિટી શિક્ષણ તથા સંશોધન | 155497117.52 |
| આઈ એ એસ તાલીમવર્ગની આવક | 0.00 | યુનિવર્સિટી જમીન જાયદાદ | 16636233.00 |
| માસ્ટર ઓફ ફીઝીકલ એજ્યુકેશન | 360550.00 | યુનિવર્સિટી છાત્રાલયો (પરિ-3) | 2469792.03 |
| | - | ગ્રાંટમાંથી ખર્ચ(પરિ-2) | 73136344.12 |
| | - | પરફોમિંગ આર્ટસ અભ્યાસક્રમ ખર્ચ | 1682693.00 |
| | - | ઇનામો શિષ્યવૃતિ ચંદકો વગેરેનું ખર્ચ | 0.00 |
| | - | | 172831.50 |
| | - | યુનિવર્સિટી ગ્રંથાલય (પરિ-4) | 9735367.32 |
| | - | યુનિવર્સિટી શાસ્ત્ર ભવન (પરિ-12) | 1073905.25 |
| | - | યુનિવર્સિટી કોમ્પ્યુટર સેન્ટરની આવક (પરિ-13) | 10460481.76 |
| | - | પ્રોફેશનલ તાલીમ સેન્ટરની આવક (પરિ-14) | 1383171.63 |
| | - | ડેવલપમેન્ટ કોમ્યુનિકેશન આવક(પરિ-15) | 418348.00 |
| | - | પત્રકારત્વ વિભાગ(પરિ-16) | 1268790.00 |
| | - | આઈ એ એસ તાલીમ ખર્ચ | 734067.00 |
| | - | પેન્શન ગ્રેજ્યુઈટી રજાનું રોકડમાં રૂપાંતર | 11642124.99 |
| | - | હિરક મહોત્સવ ખર્ચ | - |
| | - | પ્રૌઢ શિક્ષણ ખર્ચ | 380826.50 |

| | | | |
|---|---|---|---|
| | - | એસ ટી એસ સી સેલ ખર્ચ | 681439.00 |
| કુલ આવક | 52949621.40 | કુલ ખર્ચ | 514470011.90 |
| | | ખર્ચ કરતા આવકનો વધારો | 15022609.50 |
| કુલ આવક | 52949621.40 | કુલ ખર્ચ | 52949621.40 |

164



## ગુજરાત યુનિવર્સિટી

## વાર્ષિક હિસાબ 2011-2012

### તા. 31-03-2012 નાં રોજનું સરવૈયુ જવાબદારી(દેવા) પત્રકનં-02

| અ નં | વિગત | રકમ | નોંધ |
|---|---|---|---|
| 01 | 02 | 03 | 04 |
| 01 | યુનિવર્સિટી જનરલ ફંડ | 73,42,552-43 | - |
| 02 | કેપિટલ ફંડ | 34,31,80,686-80 | - |
| 03 | પુસ્તક ફંડ | 1,03,18,593-86 | - |
| 04 | બીજા ફંડ | 37,20,25,335-48 | - |
| 05 | સરકારી ગ્રાન્ટો (બાકી) | 17,50,76,816-14 | - |
| 06 | સસ્પેન્સ એકાઉન્ટસ | -12,70,946-36 | - |
| 07 | ડીપોઝિટ અને બીજા ખાતાઓ | 21,65,58,324-30 | - |
| 08 | કર્મચારી વીમા યોજના ફાળો | 29,974-37 | - |
| કુલ | | **1,12,32,61,337-02** | |
| | **અસ્કયામતો (મિલકતો)** | | |
| 01 | કાયમી મિલકતો | 36,17,84,900-12 | - |
| 02 | રોકાણો | 20000-00 | - |
| 03 | એડવાન્સ અને બીજા ખાતાંઓ | 144865531-16 | - |
| 04 | પેપર સ્ટીલ સિમેન્ટ એકાઉન્ટ | 71,50,323-48 | - |
| 05 | બેન્ક અને બીજી પુરાંતો | 68,51,60,023-26 | - |
| 06 | કર્મચારી વીમા યોજનાના ફાળાનું રોકાણ | 17,000-00 | - |
| 07 | આવક ખર્ચ એકાઉન્ટ | -7,57,36,441-00 | - |
| કુલ | | **1,12,32,61,337-02** | |

## <u>ગુજરાત</u> યુનિવર્સિટી2011-2012

### જનરલ વાંધા વસુલાત પત્રક નં-03

| અ નં | ફકરા નંબર | વાંધા હેઠળ | સરકારશ્રીમા જમા કરાવવા પાત્ર | વસુલાત પાત્ર રકમ | અમાન્ય રકમ |
|---|---|---|---|---|---|
| 1 | 2 | 3 | 4 | 5 | 6 |
| 01 | 01 | - | - | - | - |
| 02 | 02 | - | - | - | - |
| 03 | 03 | - | - | - | - |
| 04 | 04 | - | - | - | - |
| 05 | 05 | - | - | - | - |
| 06 | 06 | - | - | - | - |
| 07 | 07 | 2901947 | - | - | - |
| 08 | 08 | - | - | - | - |
| 09 | 09 | - | - | 913100 | - |
| 10 | 10 | - | - | 659376 | - |
| 11 | 11 | 1243602 | - | - | - |
| 12 | 12 | - | - | - | - |
| 13 | 13 | 11173110 | - | - | - |
| 14 | 14 | - | - | - | - |
| 15 | 15 | 734067 | - | - | - |
| 16 | 16 | - | - | - | - |
| 17 | 17 | - | - | - | - |

165



| | | | | | |
|---|---|---|---|---|---|
| 18 | 18 | 46000 | - | - | - |
| 19 | 19 | - | - | - | - |
| 20 | 20 | - | - | - | - |
| 21 | 21 | - | - | - | - |
| 22 | 22 | - | - | - | - |
| 23 | 23 | 211552 | - | - | - |
| 24 | 24 | - | - | - | - |
| 25 | 25 | 90000 | | | |
| 26 | 26 | - | - | - | - |
| 27 | 27 | - | - | 4626434 | - |
| 28 | 28 | - | - | - | - |
| 29 | 29 | 329177578 | - | - | - |
| 30 | 30 | 14100595 | - | - | - |
| 31 | 31 | - | - | - | - |
| 32 | 32 | 2770720 | - | - | - |
| 33 | 33 | 477597 | - | - | - |
| 34 | 34A | - | - | - | - |
| 35 | 34B | - | - | - | - |
| 36 | 35 | - | - | - | - |
| 37 | 36 | 130914782 | - | - | - |
| 38 | 37 | 12625759 | - | - | - |
| 39 | 38 | - | - | - | - |

| | | | | | |
|---|---|---|---|---|---|
| 40 | 39 | 30000 | - | - | - |
| 41 | 40 | - | - | - | - |
| 42 | 41 | - | - | - | - |
| 43 | 42 | - | - | - | - |
| 44 | 43 | - | - | - | - |
| 45 | 44 | 109700 | - | - | - |
| 46 | 45 | 6113601 | - | - | - |
| 47 | 46 | - | - | - | - |
| 48 | 47 | - | - | - | - |
| 49 | 48 | - | - | - | - |
| 50 | 49 | - | - | - | - |
| 51 | 50 | - | - | - | - |
| 52 | 51 | - | - | - | - |
| 53 | 52 | - | - | - | - |
| | | 512720610 | - | 6198910 | |

નિરીક્ષકશ્રી સ્થાનિક ભંડોળ હિસાબની કચેરી, ગાંધીનગરના તા.૧૩-૭-૧૨ ના પત્ર અન્વયે ગુજરાત યુનિવર્સિટી પોલીસ સ્ટેશન ઇન્કવાયરી કેસ નં. ૧/૧૨ ના અનુસંધાને વાંધા વસુલાત પત્રક

| અ. નં. | ફકરા નં. | વસુલાતપત્ર રકમ | વાંધા હેઠળની રકમ | અમાન્ય રકમ |
|---|---|---|---|---|
| ૧ | ૫૩ | ---- | ૩,૭૯,૧૯,૧૨૨ | ---- |
| ૨ | ૫૭ | ---- | ૨૪,૪૦,૪૮૨ | ---- |
| ૩ | ૫૯ | ---- | ૧૦,૫૧,૪૬,૪૬૦ | ---- |
| કુલ | | | ૧૪,૫૫,૦૬,૦૬૪ | ---- |